કુમાર

સંસ્થાપક · સ્વ. રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું
આજનું માસિક

વર્ષ ૫૬મું · અંક ૨જો
ફેબ્રુઆરી · ૧૯૭૯

તંત્રી · બચુભાઈ રાવત



ગરુડ
દક્ષિણ ભારતના શ્રી ચન્નકેશવ મંદિરના
પ્રાંગણમાં સ્થિત એક શૈલપ્રતિમા
ફોટો · ત્ર્યંબકલાલ પટેલ

સળંગ અંક ૬૬૨


કલાકાર નારાયણ શ્રીધર (એન. એસ.) બેન્દ્રેની કેટલીક કલાકૃતિઓ

આશ્રય (જમણી બાજુ પૂર્ણરંગી ચિત્ર)
મૃગ-માતા (નીચે)
ગાય-વત્સ (છેક નીચે)
એક આલેખન (વચ્ચે મથાળે)
કેશ-સંમાર્જન (વચ્ચે નીચે)











કલાકાર બેન્દ્રે અને એમની કલાથી 'કુમાર'ના વાચકો સુપરિચિત છે. અગાઉ 'કુમાર' અંક ૨૮૭ (ડિસે. '૫૦)માં એમનો વિસ્તૃત પરિચય અપાયા પછી યે અવારનવાર એમની કૃતિઓ 'કુમાર'માં પ્રકટ થતી રહી છે. સામાન્ય લાગતા ચિત્રવિષયની પણ સાદગીભરી છતાં મનહર રજૂઆત, ચેતનાસભર રંગવિધાન, બારીકાઈભર્યું છતાં ભાવપૂર્ણ આલેખન અને કલાનુભૂતિની આગવી અભિવ્યક્તિ સાથે પ્રયોગશીલતા એ એમની કળાની લાક્ષણિકતાઓ છે. નિજી અંતઃપ્રેરણાઓનું અવતરણ એમાં પ્રકટ થતું લાગે છે. વેગીલા આલેખનમાં એમની સિદ્ધહસ્તતાના દ્યોતક એક રંગીન ઉદાહરણ સાથે અહીં આપેલી એમની ચાર અન્ય કૃતિઓમાં એમની કલાનું આગવું વ્યક્તિત્વ પ્રકટ થતું જોવા મળે છે.

કુમાર ફેબ્રુઆરી ૧૯૭૯ · અંક ૬૬૨

તંત્રી: બચુભાઈ રાવત — ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો વરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ:રૂ.૨૪-૦૦; પરદેશ:રૂ.૪૮ યા પાઉન્ડ ૩ યા ડૉ. ૬-૦૦; છૂટક નકલ:રૂ.૨-૫૦

વાચકો લખે છે...

આમ્રકૂટ પર્વત

૬૫૮મા અંકમાં શ્રી નરોત્તમ પલાણે કવિ કુલગુરુ કાલિદાસે તેઓની અમર કૃતિ 'મેઘદૂત'માં જેનો ઉલ્લેખ કરેલો છે તે 'આમ્રકૂટ' અમરકંટક નામે સુખ્યાત છે, તેવા પ્રચલિત અભિપ્રાયનો ડૉ. કૈલાશનાથે આમ્રકૂટ અમરકંટક ન હોઈ શકે તેવી રજૂઆત કરેલી હોવાથી તે સાતપુડાનું કોઈ શિખર હશે તેવી માન્યતા દર્શાવી તે સંબંધી વધુ પ્રકાશ પડે તેવી જે આશા વ્યક્ત કરી છે તેના સંદર્ભમાં જણાવવાનું કે શ્રી પલાણનું માનવું બરાબર છે. અમરકંટક આમ્રકૂટ નથી. પરંતુ દાહોદથી દક્ષિણ દિશામાં ૪૫ માઈલ દૂર, મધ્ય પ્રદેશમાં, અલીરાજપુર નામનું જૂના વખતનું જે દેશી રાજ્ય આવેલું છે તેની પાસે કઠીવાડા નામનું ઘણું ગીચ જંગલ આવેલું છે. ત્યાં વિંધ્યાચળના પર્વતીય પ્રદેશ ઉપર આમકૂટ નામનું ગામ હાલમાં મોજૂદ છે. અને તે જ આમ્રકૂટનું અપભ્રંશ છે તેવી મારી ઘણા વખતથી માન્યતા છે. તે ગામ ઈંદોરથી પશ્ચિમ દિશામાં અને ઉજ્જૈનથી પણ સહેજ નૈર્ઋત્ય દિશામાં લગભગ ૬૦થી ૮૦ માઈલ દૂર છે. પરંતુ અત્યાર સુધી તે જગ્યા રેલવે તેમજ મોટર માર્ગથી ઘણી દૂર હોવાથી તથા ત્યાં જવાના કાચા રસ્તા પણ ન હોવાથી અજાણી છે, અને સાધારણરીતે દેશી રાજ્યો cloud territory જેવાં હોવાથી, વિદ્વાનોના ધ્યાન પર તે જગ્યા આવેલી નહિ હોવાથી ને અમરકંટક વધારે પ્રસિદ્ધિમાં આવેલું હોવાથી અમરકંટક આમ્રકૂટ હોવાનું અનુમાન કરેલું છે.

પરંતુ 'મેઘદૂત'માંનાં જ જે બીજાં પ્રમાણોથી, 'ઇન્ટર્નલ એવિડન્સ'થી આ આમ્રકૂટને પુષ્ટિ મળે છે તે તપાસવા જેવાં છે. પૂર્વમેઘમાં શ્લોક ૧૬માં કવિકુલગુરુ મેઘને સહેજ પશ્ચિમ દિશા તરફ જવાનું સૂચન કરે છે, અને તે અંગે ઘણા વિદ્વાનોએ શંકા પણ ઉઠાવેલી છે કે મેઘને ઉત્તરને બદલે પશ્ચિમમાં જવાનું સૂચન કેમ કર્યું. પરંતુ માળવામાં પ્રથમ વરસાદ બંગાળના ઉપસાગરમાંથી આવતા પૂર્વ દિશાના પવનોથી આવે છે. અને આમ્રકૂટ ઉજ્જૈનથી ૮૦ માઈલ પશ્ચિમમાં આવેલું હોવાથી મેઘને ઉજ્જૈનથી પશ્ચિમ દિશામાં જવાનું કહે તે બરાબર બંધબેસતું જ છે. અમરકંટકને અગર નાગપુર પાસેના બીજા કોઈ સ્થળને આમ્રકૂટ માનવાથી જ તે ભૂલ થાય છે, ને શંકા ઊઠી તે બરાબર છે.

શ્લોક ૧૯માં નર્મદાને હાથીના શરીર ઉપર ચીતરેલી વેલોની ઉપમા આપેલી છે તે પણ, જે લોકો માંડવગઢ ગયા હશે ને ત્યાં રૂપમતી પૅવેલિયન ઉપરથી નૈર્ઋત્યમાં દૂર ક્ષિતિજ ઉપર સર્પાકારે રેખા જેવી દેખાતી નર્મદાને જોઈ હશે તેઓને કવિકુલગુરુએ આપેલી ઉપમા યોગ્ય જ લાગશે. માંડવગઢ પણ ઉજ્જૈનથી પશ્ચિમ દિશામાં જ છે, અને બહુ ઊંચું શિખર હોવાથી હાથીની કલ્પના સહેજે થઈ શકે છે. વળી શ્લોક ૨૦માં 'વન ગજ મદે વાસિતં' રેવાનાં પાણી પી આગળ વધવાનું સૂચન કરેલું છે તથા શ્લોક ૨૧માં આગળ જવા માટે સારંગો—હાથીનાં નાનાં બચ્ચાં—મદનિયાં તારો રસ્તો સૂચવશે તેમ જણાવેલું છે. પ્રસિદ્ધ ટીકાકાર મલ્લીનાથે તે શ્લોકમાં ૪થી લીટીમાંના 'સારંગો' શબ્દના તે શ્લોકમાંની ઉપરની ત્રણે લીટીમાં જણાવેલા સંબંધના ત્રણ અર્થો કરેલા છે, અને તેમાં એક અર્થ મદનિયું હોવાનો પણ કરેલો છે તે બહુ જ સૂચક છે. તે જગ્યાથી નર્મદા ૨૦-૨૫ માઈલ દૂર છે. અત્યારે ત્યાં કોઈ હાથી નથી. છતાં કવિકુલગુરુએ શા આધારે તે સૂચન કર્યું હશે તેવી શંકા સહેજે ઊઠે તેમ છે. પરંતુ કવિકુલગુરુએ એ આપેલી ઉપમા કેવળ કલ્પના જ નથી પરંતુ ત્યાંના વનમાં વિચરતા હાથીઓને પ્રત્યક્ષ જોઈ તે સૂચન કરેલું છે. આજથી લગભગ ૧૫૦-૨૦૦ વર્ષ પહેલાં દાહોદની આજુબાજુ અને દક્ષિણમાં એટલું ભારે ગાઢું જંગલ હતું કે ત્યાં હાથીઓ વસતા હતા. ઈ. ૧૬૧૭માં મોગલ બાદશાહ જહાંગીર ગુજરાતના પ્રવાસે આવેલો ત્યારે અમદાવાદની ગરમી અને ધૂળથી કંટાળી જઈ તિરસ્કારથી અમદાવાદને 'ગર્દાબાદ' (ગર્દ=ધૂળ)નું નામ આપી થોડા વખતમાં જ માળવા જવા ઊપડી ગએલો, તે વખતે દાહોદમાં મુકામ કરેલો અને દાહોદની આજુબાજુનાં જંગલોમાંથી ૭૩ હાથીઓ પકડેલા તે હકીકત મોગલ ઇતિહાસકારોએ નોંધેલી છે અને તે પકડેલા હાથીઓ, દાહોદમાં વહેતી દૂધીમતી નદીમાં હાલમાં બંધાએલા બંધથી બનાવેલા મુવાલિયા તળાવ નીચેનો ધરો પહેલાં એટલો ઊંડો હતો કે તેમાં નહાતા, તેથી તે ધરો હાથીઓ ધરો કહેવાતો ને આજ પણ કહેવાય છે. ઘણાં સ્થળો પાછળ આવી ઐતિહાસિક હકીકતો રહેલી હોય છે પરંતુ વખત જતાં સ્મૃતિલોપ થઈ જાય છે.

આ પ્રમાણે આમ્રકૂટ પાસેનાં ગાઢાં જંગલમાં હાથીઓ રહેતા હોવાથી જ તેના મદથી સુગંધિત થએલાં રેવાનાં જળને પીવાની તથા હાથીઓનાં બચ્ચાં મેઘને આગળ પ્રવાસ કરવાનો રસ્તો સૂચવવાની હકીકતોથી પણ આમ્રકૂટ તે આમ્રકૂટ હોવાનું વધારે બંધબેસતું છે. ઈ. ૧૬૧૭મા દાહોદની વનશ્રી જોઈ પ્રસન્ન થએલો શાહજહાન (તે વખતે ગુજરાતનો સુબો ખુર્રમ) ફરીથી ૧૬૧૯માં આવ્યો ને તેણે દાહોદમાં મુકામ કર્યો ત્યારે તેની બેગમે તેના ચોથા દીકરા ઔરંગઝેબને દાહોદમાં જન્મ આપેલો. તે વખતે ઔરંગઝેબ ચોથો દીકરો હોવાથી તેનું કોઈ મહત્ત્વ ન હતું. પરંતુ ઈ. ૧૬૫૮માં ગાદીનશીન થઈ બાદશાહ બન્યા બાદ વીસે વર્ષે ૧૬૭૮માં પોતાના જન્મસ્થળમાં તેણે યાદગીરી તરીકે જે ધર્મશાળા–સરાઈ–બંધાવેલી તે આજ મોજૂદ છે. તેને મરાઠાઓએ નાના કિલ્લાના રૂપમાં ફેરવેલી ને બ્રિટિશોએ તેને વહીવટી મથક તરીકે ફેરવી હોવાથી અત્યારે સરકારી ઑફિસો તરીકે વપરાય છે.

આમ સંશોધનની દૃષ્ટિએ આમ્રકૂટ જ મેઘદૂતનું આમ્રકૂટ હોવાનું સિદ્ધ થઈ શકે તેમ છે, પરંતુ અમરકંટક તો આમ્રકૂટ નથી જ.

(દાહોદ) —મીઠાલાલ ધ. પરીખ

આ વિભાગ માટેનાં લખાણો
મુદ્દાસર અને ટૂંકા પત્રો રૂપે જ હોવાં જોઇએ. કેટલાક લાંબા લેખો મોકલે છે જે સ્વીકાર્ય નથી. અને ફરીથી ધ્યાન દોરવાનું કે આ વિભાગ માટે આવતાં લખાણો અંગે કોઈ પણ જાતનો પત્રવ્યવહાર કરવામાં આવતો નથી.

કાકીડો–સરડો, વાડ

'કુમાર' ૬૫૬: (૧) વેબ્સ્ટરની સાતમી 'ન્યૂ કૉલેજિયેટ ડિક્શનરી'માં 'કમિલ્યન' શબ્દ પરની વ્યુત્પત્તિનોંધમાં Chameleonનું મધ્યકાલીન અંગ્રેજી પૂર્વ રૂપ Camelion આપેલું છે અને શબ્દ મધ્યકાલીન ફ્રેન્ચમાંથી લીધેલો હોવાનું જણાવ્યું છે. પણ 'કાકીડો સરડો' પરની મારી નોંધમાં 'કમિલ્યન'ને લગતી માહિતી આનુષંગિક છે અને તેનો ગ્રીકમાં થતો યૌગિકાર્થ કુતૂહલપોષક હોવાથી તે આપેલી હતી. યુરોપની ભાષાઓમાં એ શબ્દનો ઇતિહાસ આપવાનું લક્ષ્ય ન હતું—નહિ તો વ્યુત્પત્તિકોશોને આધારે તેનો આખો ઇતિહાસ પણ આપી શકાય.

(૨) લોકપ્રચલિત અનેક માન્યતાઓ ભ્રાંત, પોકળ કે નિરાધાર હોય તેમાં કશો મતભેદ નથી. પણ ભાષાશાસ્ત્ર પ્રયોગમૂલક જ હોય: અમુક શબ્દ અમુક અર્થમાં લોકપ્રચલિત હોય તો પછી તે વાસ્તવિક વ્યવહારની વાત થઈ, ને કોશકારે તેની નોંધ લેવી જ જોઈએ. સામાન્ય લોકવ્યવહારમાં જેટલો ભેદ કરવો જરૂરી હોય તેટલો જ લોકો કરે. વધુ ભેદ કરવાની જરૂર વિશેષજ્ઞોને પડે. અત્યારના સામાન્ય શહેરી ગુજરાતીને 'ઘો' સાથે કશો સીધો વ્યવ-

હાર તો નહિ જ હોવાનો, પણ પરોક્ષ રીતે પણ કેટલીક કહેવતો કે કથાઓ પૂરતું જ તે શું છે તે જાણવાની જરૂર પડે ત્યારે પડે. એટલે 'ચંદન ઘો' કે 'પાટલા ઘો' વિષે 'એક પ્રકારની ઘો' એથી વિશેષ જાણકારી એને માટે તદ્દન નિરર્થક. દરેક ભાષાના ઇતિહાસમાં અર્થપરિવર્તનનાં સેંકડો ઉદાહરણ મળે છે, જેમાં ભ્રાન્ત કે નિરાધાર માન્યતાઓએ જ ભાગ ભજવ્યો હોય છે.

(૩) 'વાટ' પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં નથી મળતો એવા મારા વિધાનને શંકાસ્પદ ઠરાવવા શ્રી આચાર્યે શ્રમ લઇને ઈસવીસન પૂર્વે બીજી શતાબ્દીમાં રચાએલા 'મહાભાષ્ય'માંથી 'વાટ' ટાંક્યો છે. તેઓએ 'વાટ' પરની મારી નોંધમાં (તેમ જ અવારનવાર બીજી શબ્દકથાઓમાં પણ) કરેલા આવા વિધાનનું તાત્પર્ય ધ્યાનમાં લીધું હોત તો તેમનો શ્રમ બચી જાત. મૂર્ધન્ય વર્ણો ભારતીય–આર્યમાં થએલો આગવો વિકાસ હોઇને તે વર્ણોવાળા શબ્દો કે શબ્દરૂપો) તુલનાએ પાછળના સમયના છે. વિકૃત' વગેરેની તુલનાએ 'વિકટ' પાછળનો છે. અને આ વલણ ઉત્તરોત્તર પ્રબળ બનતું ગયું છે. આ દૃષ્ટિએ 'વાડ' ઉત્તરકાલીન છે. ટૂંકી નોંધમાં (અને 'કુમાર'ના સામાન્ય જિજ્ઞાસુ વાચકોને ધ્યાનમાં લેતાં) વધુ ઝીણવટ ટાળવાની હોય છે. નહિ તો આટલિક/રૉથ, મોનિયર વિલિઅમ્ઝ, માયર્હોફર વગેરેને આધારે શબ્દનો ઘણો લાંબો ઇતિહાસ આપી શકાય.

(અમદાવાદ) —હરિવલ્લભ ભાયાણી

મહોરાં

અંક ૬૫૮માં 'કાશીનાં રમકડાં' એ લેખમાં શ્રી વાસુદેવ સ્માર્તે 'લક્ષ્મીકુંડના મેળામાં સૌમ્ય સ્મિતયુક્ત ને અલંકારથી ખચિત લક્ષ્મીનાં મહોરાં (મુખવટા–માસ્ક) વેચાતા જોવા મળે છે' એમ નોંધીને વારાણસીમાં 'રામલીલા-ભજવણીના દિવસો દરમિયાન રામાયણનાં પાત્રો–હનુમાન, વાનરો, રીંછ, રાક્ષસો, કુંભકર્ણ વગેરેની રજૂઆતમાં ખાસ મહોરાં વપરાય છે' તેનો ખયાલ આપ્યો છે. મહોરાં વિષે શ્રી જયમલભાઈ પરમાર 'ઊર્મિ-નવરચના' ફેબ્રુ. ૧૯૭૭ના અંકમાં નોંધે છે કે 'માનવી ભાવોનું અનુકરણ તો કરતો થયો હશે, પણ પશુ-પક્ષીઓ ને દેવ દાનવોની મુખાકૃતિઓ કઈ રીતે બતાવવી? એટલા માટે એણે મહોરાં ચીતરવાં ને પહેરવાં શરૂ કર્યાં. સ્થાયી ભાવ માટે આ મહોરાં કોઇને ડરાવવા માટે પણ પહેરાતાં હશે.' મહોરું પ્રતીકાત્મક સાધન છે જે ભાવોને પ્રદર્શિત કરી શકે ને ગોપવી પણ શકે છે. વિદ્વાનોના મતાનુસાર માનવભાષા જેટલું પ્રાચીન લેખાતું આ પ્રતીકાત્મક સાધન વસ્તુતઃ લોકમેળા કે નાટ્યમાં પ્રચલિત બન્યું તે પૂર્વે ધાર્મિક ક્રિયા સાથે સંકળાએલું હતું. ધાર્મિક ક્રિયામાંથી વિકસિત ગ્રીક નાટકોમાં મહોરાં (masks) સ્થાન પામેલાં છે, મહોરાંનો દેવ-દાનવોની મુખાકૃતિઓ બતાવવાનો હેતુ ગૌણ લેખી મૂળ ધાર્મિક હેતુની અસર જોનાર પર દીર્ઘકાલીન રહે અને મહોરાં ધારણ કરનાર માનવી સમૂહથી અલગ રહે તે હેતુ મુખ્ય માનવો ઘટે. નાટ્યમાં મહોરાંનો વિનિયોગ પાછળથી થવા લાગ્યો છે. જગતના લગભગ મોટા ભાગના પ્રાચીન દેશોમાં પ્રાચીન કાળથી મહોરાંનો વિનિયોગ થતો આવ્યો છે. મહોરાંમાં અભિનય ક્ષમતા ને અભિનય મર્યાદાનો સંગમ થએલો છે.

ગુજરાતમાં રાંદલનાં મહોરાંનો ઉપયોગ રાંદલ તેડાય તેમાં થાય છે તે મહોરાંના એક વિશિષ્ટ સામાજિક ઉપયોગની પ્રતીતિ કરાવે છે. દશેરાના વિજયોત્સવ પ્રસંગે બે નાનાં બાળકો પરી રૂપે રામનું સ્વાગત કરવા જાય છે, તેમાં રાક્ષસો પણ સામેલ છે તે દર્શાવવા આજે પ્રતિવર્ષ વીરમગામમાં નીકળતી શોભાયાત્રામાં રાક્ષસી મુખાકૃતિયુક્ત મહોરાં પહેરેલી વ્યક્તિઓ જોવા મળે છે. બાળનાટકોમાં મહોરાં ઉપયોગી થઈ પડે છે. આમ મહોરાંનો અભ્યાસ રસપ્રદ થઈ પડે તેમ છે.

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

સર પ્રભાશંકર

દિવાળી અંકમાં ભાઈ મુકુન્દરાય પારાશર્યનો લેખ 'સર પ્રભાશંકર અને મિ. ફીલી' વાંચીને બહુ આનંદ થયો.

આ આનંદ થવાનું મુખ્ય કારણ તો એ છે કે ઈ. સ. ૧૯૩૧ થી ૧૯૩૮ સર પ્રભાશંકર પાસે અને તેમના સ્વર્ગવાસ પછી તેમના પુત્ર સ્વ. શ્રી અનંતરાય પટ્ટણી પાસે તેમની અંગત ઑફિસમાં હું ૧૯૪૯ સુધી કામ કરતો હતો. એટલે આમાં લખાએલી સર્વ હકીકત હું જાણું છું.

તે વખતે કાઠીઆવાડ (સૌરાષ્ટ્ર)માં દેશી રાજ્યોમાં પ્રવર્તતી રાજકીય પરિસ્થિતિનો અત્યારના યુવાનોને ભાગ્યે જ ખયાલ આવે. સમગ્ર સૌરાષ્ટ્રના એક અંગ્રેજ અમલદાર એ.જી.જી. કે રેસિડેન્ટ કહેવાતા. તેમની સાથે સ્વમાનપૂર્વક પત્રવ્યવહાર કરતાં કરતાં રાજ્યનું અને પ્રજાનું હિત જાળવી રાખનાર કોઈક જ દીવાન જડશે. ઈ. ૧૯૩૧માં અને તે પછી ૧૯૪૨ની મુક્તિની લડત વખતે કૉન્ગ્રેસને કચડી નાખવાના પ્રયાસો થએલા. બીજા રાજ્યોમાં રાજકેદીઓ ઉપર અમાનુષી અત્યાચાર થતા ત્યારે ભાવનગરમાં આવા કેદીઓ પ્રત્યે ઘણું સારું વર્તન થતું. હિંદને સ્વરાજ મળ્યા પછી એક અગ્રણી કાર્યકરે મને કહેલું કે કાઠીઆવાડમાં કૉંગ્રેસ જીવિત રહી હોય તો ભાવનગર રાજ્યને લીધે.

ભાઈ મુકુન્દરાયનો આ લેખ તે વખતની વાસ્તવિક પરિસ્થિતિ સારી રીતે રજૂ કરે છે અને સર પ્રભાશંકરના રાજપુરુષ અને માનવી તરીકેના વ્યક્તિત્વનું સરસ આલેખન કરે છે.

લેખમાં કહ્યું છે તેમ સર પ્રભાશંકર મહાત્મા ગાંધીજીના મિત્ર હતા. તેમના તરફ અપૂર્વ માન અને ભક્તિભાવ રાખતા હતા. ઈ. ૧૯૩૧ની રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સમાં ગાંધીજી સાથે જ એક સ્ટીમરમાં ગએલા.

ઈંગ્લૅન્ડના પ્રખ્યાત કલાકાર Sir Oswald Birlyએ એ વખતે મહાત્માજીની તસવીર કરવા ઈચ્છા કરીને sitting માગેલું. ગાંધીજી કોઇને એવી રીતે sitting આપતા નહિ એટલે સર પ્રભાશંકરે તેમને એમ કરવા સમજાવેલા એમ કહેવાય છે. આ ચિત્ર તૈયાર થયે સર પ્રભાશંકરે ખરીદી લીધેલું. સ્વરાજ્ય આવે ત્યારે પોતાની હયાતી ન હોય તો આ ચિત્ર સ્વતંત્ર ભારતને અર્પણ કરવા તેમના પુત્ર અનંતરાય પટ્ટણીને કહેલું. એ રીતે આ ચિત્ર ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ના દિવસે પાર્લમેન્ટને સ્વ. અનંતરાય પટ્ટણીએ સર્વ નેતાઓની હાજરીમાં ખાસ બેઠકમાં અર્પણ કરેલું. હાલ જે ચિત્ર સ્પીકરની ખુરશી પાછળ છે તે જ એ ચિત્ર.

સર પ્રભાશંકરના સંપૂર્ણ ચરિત્રનું, આવા પ્રસંગોનું આલેખન ભાઈ મુકુન્દરાયને હસ્તે થાય તો અત્યારની પ્રજાને ઘણો લાભ થાય. ભાવનગર રાજ્યનું જૂનું રેકર્ડ ત્યાં જ હશે. તે ઉપરાંત સર પ્રભાશંકરનાં કુટુંબીજનો પાસે પણ ઘણી સામગ્રી હશે તે પણ ઉપલબ્ધ થશે.

(મુંબાઇ-૫૫) —મુકુન્દરાય ભદ્રશંકર ભટ્ટ

[* શ્રી પારાશર્ય સર પ્રભાશંકરના નજીકના સગા છે અને ચરિત્ર લખવાનો ઈરાદો રાખે છે. આવા પ્રસંગો તો 'કુમાર'માં એમણે ઘણા લખ્યા છે.]

રુક્મિણી મંદિર

સપ્ટે. '૭૮ના અંકમાં શ્રી પલાણ અને શ્રી ગોસ્વામીના રુક્મિણી વિષેના અભ્યાસપૂર્ણ પત્રો છે. આ વિષે એક એવી આખ્યાયિકા પણ મળે છે કે ભારતભરમાં સૌથી જૂનું રુક્મિણી મંદિર હિમાલયમાં આવેલું બદ્રિનારાયણ છે. ઉત્તર પ્રદેશમાં આને લગતી એવી કથા છે કે કુંડિનપુરથી રુક્મિણીનું અપહરણ કરી શ્રીકૃષ્ણ તેને હિમાલયમાં લઈ ગયા. હાલ જે સ્થળે બદ્રિનારાયણ છે ત્યાં બદ્રીવનમાં બોર ખાતાં ખાતાં તેઓએ થોડો સમય પસાર કર્યો અને એ જ સ્થળે શ્રીકૃષ્ણનાં રુક્મિણી સાથે લગ્ન થયાં. ગુજરાતમાં માધવપુર ઘેડમાં પણ રુક્મિણીનાં લગ્ન બતાવાય છે તેની સાથે ઉત્તર

પ્રદેશમાં પ્રચલિત આ આખ્યાયિકાની તુલના કરી ઇતિહાસ તારવવા જેવો છે.
(સોંદરડા) —રાજેન્દ્રસિંહ રાયજાદા

ફોશી

સિદ્ધપુરના હરિકથાકાર શ્રી નાથાલાલ મહારાજ માણભટ્ટ પાસેથી મેં કિશોરઅવસ્થામાં આ કવિત (?) સાંભળેલું. એ પછી પ્રયત્ન કરવા છતાં એનો આગળનો ભાગ આજ સુધી હું મેળવી શક્યો નથી. આપ એ મેળવી આપવા પ્રયત્ન કરશો ? આમાં 'ફોશી' શબ્દ અનેકાર્થી છે, એ તો વાંચતાં જ સ્પષ્ટ થશે.

ફોશી

શિયાળાની ડોશી ફોશી,
જવાસાની વાડ ફોશી;
ડુંગળીનું શાક ફોશી,
માણસમાં દરજી ફોશી.
છિનાળનું નાક ફોશી,
બંધાણીની પુંઠ ફોશી;
વાણિયાની વ્હાર ફોશી,
આકડાનું રૂ ફોશી.
ચોમાસાની બકરી ફોશી,
શિયાળામાં નાક ફોશી;
શિયાળાનો દહાડો ફોશી,
ઉનાળાની રાત ફોશી,
ચોમાસાની ધરતી ફોશી.
—પછી આગળ ?

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

વિનોદની નજરે

સપ્ટેમ્બર 'કુમાર'માં 'વિનોદની નજરે'થી સાચેસાચ હાસ્ય નીતરે જ છે. ભાઈ ધીરજ ગોસાઈનું સૂચન ખૂબ ગમ્યું, પણ એમાં એક ફેરફાર સૂચવવાનું મન થાય છે. વિનોદભાઈ માટે બીજા હાસ્યલેખકને કહેવું એના કરતાં એમને જ કહીએ તો શું ખોટું?—'વિનોદ, વિનોદની નજરે' મને લાગે છે કે આ લેખ કદાચ ખૂબ સુંદર હશે. તેઓ પોતાની જાતને કેવી ચીતરે છે એ વાંચવાની ખૂબ આતુરતા છે.*

'લઘુકથા' ખૂબ ગમે છે. 'મારી માન્યતા' વિભાગ માટે એક સૂચન કરું છું : આ વિભાગમાં કોઈ સારા ફિલ્મ દિગ્દર્શકની કે અભિનેતા કે અભિનેત્રીની પણ મુલાકાતો આવે તો સારું. આવા સુંદર સંસ્કારી માસિક બદલ આપને અભિનંદન.

(સુપા) —(શ્રીમતી) રેખા પટેલ

[* એ આતુરતા આવતે મહિને સંતોષાશે.]

મૃત્યુની અદબ

દિવાળી અંક સામગ્રીની દૃષ્ટિએ ખૂબ મજાનો રહ્યો. તેમાં પણ 'સર પ્રભાશંકર અને મિ. કીલી' તથા 'મૃત્યુની અદબ' આ બંને સત્યકથાઓ ખૂબ જ પ્રશંસનીય તથા પ્રેરણાદાયી રહી. આ માટે બંને વડીલ લેખકોને તથા આવી નાની-નાની છતાં ઉમદા-ભાવનાવાળી હકીકતો વાચકો સમક્ષ રજૂ કરતા રહેવા બદલ આપશ્રીને ખૂબખૂબ અભિનંદન પાઠવું છું.

'મૃત્યુની અદબ'ના લેખકશ્રીએ લેખના અંત ભાગમાં જે થોડીક વાસ્તવિક સ્થિતિ રજૂ કરી છે તે ખરેખર સાચી જ છે. મેં તો ઘણી વખત રાજકોટ શહેરમાં અનુભવ્યું છે કે સ્મશાન-યાત્રામાં જોડાએલા માણસોની બાજુમાંથી જ તેમને હૉર્ન વગાડીને દૂર કરતા જતા તથા ગર્વભેર સડસડાટ પોતાની મોટરસાઈકલ કે સાઈકલ ફંગોળ્યે જતા માણસો કાંઈ ઓછા નથી! લેખકશ્રી, મૃત માનવના શબને સલામી જેવી માણસાઈ દાખવવાના વિવેકની જે વાત લખે છે તે આજકાલ માત્ર વાત જ કરવા રહી ગઈ છે! એક વખત તો એવો પણ હતો કે જ્યારે ગામડા-ગામમાં કોઈ કૂતરું યા અન્ય પશુ માંદું પડતું તો શેરી-ગલીનાં માણસો તેની દેખરેખ રાખતાં અને સારવાર સુધ્ધાં કરતાં, પરંતુ જ્યારે કોઈ અંતિમ ઘડીએ માંદા પશુપ્રાણીનો જીવ ના નીકળતો હોય અને તે ખૂબ રીબાતું હોય ત્યારે શેરીની મા-બહેનો તેના મુખમાં પાણી આપીને તેને અગિયારસો સુધ્ધાં આપતાં, જેથી પશુના જીવની સદ્ગતિ થાય ને શાંતિથી મૃત્યુ પામે. પરંતુ આજકાલ આ પરિસ્થિતિ પ્રગતિના નામે ખૂબ વણસી ગએલી જોવા મળે છે. માણસોની આ પ્રકારની વર્તણૂકથી હું ખૂબ ગ્લાનિ અનુભવતો અને આથી 'મૃત્યુની અદબ'ના લેખકશ્રીની મારા જેવી જ લાગણી જોઇને મનને શાતા વળી.

(માણાવદર) —વલ્લભદાસ ગોકળદાસ

શં. વિ.ને ધન્યવાદ

હમણાંહમણાં 'કુમાર'ના અંકોમાં 'દિવંગત' મથાળે જે નોંધો પ્રકટ થાય છે તે માહિતીપૂર્ણ અને ક્યારેક તો હેરત પમાડે તેવી હોય છે! ગુજરાતી સામાન્ય સમાજને સાવ અજ્ઞાત એવી વિવિધ ક્ષેત્રોની કેવીકેવી મહાન વ્યક્તિઓનો સંક્ષિપ્ત પરિચય શં. વિ. દ્વારા મળી રહ્યો છે! આપણી જાણકારીના સીમાડા આવી નોંધોથી વિસ્તૃત બને છે, એટલું જ નહિ એક પ્રેરણાનો અનુભવ પણ થાય છે. ખરેખર ધન્યવાદ.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

સહજાનંદ સ્વામીનું પ્રાકટ્ય

દીપોત્સવી અંકમાં 'કાર્તિક માસનાં પર્વો'માં કાર્તિક સુદ નોમના રોજ સહજાનંદ સ્વામીનું પ્રાકટ્ય લખેલ છે તે ખોટું છે. તેમનું પ્રાકટ્ય ચૈત્ર સુદ નવમી (રામનવમી)ને દિને થએલ છે.

(સારંગપુર) —વિષ્ણુ ભગત

કુંકુમ કિરણે / રાજેન્દ્ર શાહ

· ગાન ·

આજ પ્રહરના પ્રથમ કુંકુમ કિરણે
દિગન્તભર ધુમ્મસ–આવિલ તે
હરી લીધ નિબિડ તિમિરને.

સરવરજલ પર લહર શું દોલત
પ્રફુલ્લિતા કમલિની,
તરુવર ડાળ થકી રેલાય
વને મુહુમુહુ કુહુકિની.
પરિમલમય ગુંજનની ચોગમ
કીધ રિધ–લ્હાણુ સમીરણે.

કોઈ કોઈથી ભિન્ન નહિ
આ વન મહીં હું પણ વન્ય,
સકલ પદારથ મહીં નિરંજન
લહું માધુર્ય અનન્ય;
અંતરને ઉલ્લાસ તરંગિત
મન મુજ મુખરતિ ઝરણે.

વનપ્રવેશ / શ્રીકાન્ત માહુલીકર

· પૃથ્વી-સૉનેટ ·

કરું વનપ્રવેશ, કેશ લવ શ્વેત, વાર્ધક્યના
અહો વિજયની કશી ફરફરે પતાકા શિરે!
પ્રમુગ્ધ શિશુતા, કિશોર વય ને યુવાસખ્યના
'ગતા દિવસ તે હિ નો' સ્મરણનાં સુપર્ણો ખરે.

કરું વનપ્રવેશ, વેશ તજું ગર્વ ગાર્હસ્થ્યનો—
અહં, છલ, મમત્વ રાગ, વળી દ્વેષનો–સ્વાસ્થ્યનો
તજું વ્યરથ દર્પ, સર્પ જ્યમ કાંચળી, સ્પંદનો
પ્રશાંત, બનું વાનપ્રસ્થયતિ માનુષી છંદનો.

કરું વનપ્રવેશ, લેશ પણ ક્યાં તજે પ્રકૃતિ
સ્વભાવનિજ, ક્યાંસમત્વ, સ્થિરતા, તિતિક્ષા, ધૃતિ?
અડાખીડ વનસ્પતી, વન તણી ઘટામાં તરુ
કશાં અચલ—બદ્ધમૂલ, પદ ત્યાં શી રીતે ધરું?

કરું વનપ્રવેશ–કોણ પણ જ્યાં પ્રવેશે અહીં?
વનો પર વનો પ્રવેશ કરતાં જહીં હું મહીં?

ગઝલ–એક સવારની

રમેશ પારેખ

સવારના આછા ખેતરમાં
લટાર મારું હું ઈશ્વરમાં.

ક્યાંક સીમની કૂંપળ ફૂટે
લીલાશ દદડી આવે ઘરમાં.

નીલમવરણો સૂરજ ઊગ્યો
પીગળવું ઊગ્યું પથ્થરમાં.

પંખીની રંગોળી જેવા
કલબલતા ડંકા ટાવરમાં.

જરીક અમથી ચૂંટી ખણતાં
લાલી ફૂટે છે કસ્તરમાં.

ફૂલ સમી હું દષ્ટિ ફેંકું
મને મળે ગજરો ઉત્તરમાં.

નથી સમાતો આજ હવે તો
હું આ મારા છ અક્ષરમાં.

ક્યાં છે? / મનહર જાની

· વ્યસ્ત સવૈયા ·

છવ્વીસ છવ્વીસ વરસોથી શોધું છું હું તે ક્યાં છે મારું ઘર?

ક્યાં છે દૂધની સરડક સરડક સેરથકી રવરવતું
બાએ ગોઠણ વચ્ચે ઝોપેલું બોઘરણું?

પીપળવંતું ફળિયું ક્યાં છે?
ક્યાં છે માના કંઠ થકી નીતરતું'તું તે ગળચટ્ટું મોંસૂઝણું?

તુલસી ક્યારે પધરાવ્યાં'તાં દેવદેવલાં બાપુએ તે સરી ગયાં ક્યાં સરસર?

શૈશવની આંગળીઓમાં સળવળતો'તો તે
કલરવભીંજ્યો બપોરનો મખમલિયો ક્યાં છે કંપ?
દાદાના આંકડિયાળા દંડાના ઘોડા પર બેસી મેં પીધો'તો તે
રતુંબડી સાંજુંનો ક્યાં છે ગોરજરંગી જંપ?

દાદીમાની સોડમહીં સંતાઈને જોયું'તું તે સઘળું ક્યાં છે સચરાચર?

કુંકુમ કિરણે: ફૂટતા પ્રભાતની નિસર્ગશ્રીના વર્ણનથી ઊઘડતું આ ગીત અંતે ગાનારના વિશ્વ–પ્રકૃતિ સાથેના એકાત્મભાવમાં પરિણમે છે. પ્રકૃતિનો જાદુઈ સ્પર્શ જ કાવ્યનાયકના ચિત્તને પ્રકૃતિમય બનાવી દે છે. એ આનંદની ક્ષણોને પ્રકૃતિની સુભગ દશ્યાવલિ દ્વારા વિવિધ પંક્તિઓમાં નિરૂપી છે. લયનો જાદુ પણ અહીં અનુભવવા જેવો છે. **વનપ્રવેશ:** વયપરિવર્તનના સંધિકાળના વિવિધ તબક્કાઓને વિષયભૂત કરી જે રચનાઓ થઈ છે તેમાં વનપ્રવેશનો સંધિકાળ અત્યંત ભાવોત્કટ હોઈ, તેની ઘણી રચનાઓમાં હોય છે તેમ, આ સૉનેટમાં પણ જીવનના પૂર્વકાળનાં સ્મરણો ને એની પડછે આ પરિવર્તનની પળોને નિરૂપવામાં આવી છે. વિષય ગાંભીર્યને અનુરૂપ શિષ્ટ લયબાની પણ અહીં એ ભાવને બળ આપે છે. ત્રીજા શ્લોકથી ભાવાનુભૂતિમાંથી કવિ વિચારોર્મિ તરફ વળી જાય છે અને અંતે બે પ્રશ્નો મૂકી પરિસ્થિતિને ચમત્કારકતાથી પલટાવી દે છે કે મારામાં જ જ્યાં વનો પ્રવેશે છે ત્યાં હું તો શું પણ બીજો કોણ વનમાં પ્રવેશી શકે તેમ છે? અને આ પ્રશ્નોથી જ વનપ્રવેશની ગંભીર પળો જુદો વળાંક લઈ રહે છે. **ગઝલ–એક સવારની:** સવૈયાની ચાલે ચાલી જતી આ ગઝલમાં પ્રકૃતિની માનવચિત્ત પર કેવી પ્રગાઢ અને પ્રમોહાત્મક અસર હોય છે તેની પ્રતીતિ થયા વગર રહેશે નહિ. પ્રથમ શેઅરમાં જ સવારના આછા ઉજાસમાં ખેતરમાં ચાલતો કાવ્યનાયક ખુદ ઇશ્વરની હયાતીનો અનુભવ કરી રહે છે. પણ આ અનુભવની અભિવ્યક્તિ જ કેવી બળકટ અને નવતર છે—'લટાર મારું હું ઇશ્વરમાં'! વળી, સીમની એ લીલાશનો ચક્ષુસ્પર્શ જાણે એ લીલાશને છેક ઘરમાં ખેંચી લાવે છે. નીલા વર્ણનું પ્રભુત્વ પણ કેવું અજબ છે કે સૂરજ પણ 'નીલમવરણો' ભાસે છે. આ સૂરજ નથી ઊગ્યો, પણ પ્રકાશના રેલા પથ્થર પરથી દદડે છે—જાણે પીગળવાની ક્રિયાનો જ ઉદય ન થયો હોય! વળી, ટાવર—ભૌતિક સંસ્કૃતિની દેણ—થી પડતા ડંકા પણ અત્યારે, આ સુભગ સવારે કવિને પંખીની રંગોળી જેવા લાગે છે. સમય પણ કેવો સરસ છે કે કસ્તરને, નકામી ચીજને ય સ્પર્શ કરતાં લાલી ફૂટે! અને આવા વાતાવરણમાં કવિને નિજ દષ્ટિ જ્યાં પડે છે ત્યાં ફૂલ નહિ પણ ફૂલના ગજરા ઊભા થઈ જતા દેખાય છે! પ્રકૃતિની અસરથી દષ્ટિનું ફૂલમાં પરિણમવું ને એની ય અસરથી દશ્યનું ગજરામાં પરિણમવું—આ અભિવ્યક્તિ કવિચિત્ત પર પ્રકૃતિની થએલી તીવ્રતર અસરની તીવ્રતમ અભિવ્યક્તિ છે. અને જાણે કવિને થાય છે કે આજ એનું અસ્તિત્વ નિજ નામના—રમેશ પારેખ નામના—છ અક્ષરથી વછૂટી વિસ્તરી જાય છે. આ જ તો છે પ્રકૃતિનો પ્રભાવ કે તે મનને સ્વથી મુક્ત કરી સર્વમાં વ્યાપી દે છે, સ્થાપી દે છે. **ક્યાં છે?:** આ રચનામાં કવિએ શૈશવનાં ગૃહસ્મરણોને દૂધની સેર, 'પીપળવંતું' ફળિયું, તુલસીક્યારો આદિ સામગ્રીથી તળપદા ગુજરાતી ગ્રામવાતાવરણમાં સજીવ કર્યાં છે. બપોરની વેળા, દાદાના ડંગોરાનો ઘોડો, તુલસીક્યારે મૂકેલાં દેવદેવીઓ–અત્યારે નથી તેનો વિષાદ છે.

સેવા

બહાદુરશાહ પંડિત

એ દિવસે વહેલી રજા પડી ગઈ હતી. કૃષ્ણબાગના બસ-સ્ટૅન્ડે ઊતરી ઘેર જતો હતો ત્યાં સામેથી એક જૂના મિત્રના વૃદ્ધ પિતાને આવતા જોયા. એમના એક હાથમાં લાકડી ને બીજા હાથમાં થેલી હતી. મેં હાથ જોડી 'જય-શ્રીકૃષ્ણ' કહ્યા અને પૂછ્યું : 'કયી બાજુ કાકા?'

'અહીં લ. ગો. ઑસ્પિટલમાં જાઉં છું.'

'કેમ ? તબિયત સારી નથી ?'

'ના ભાઈ, તબિયત તો સારી છે. પણ નિ-વૃત્ત થયા પછી મેં આ એક કામ શોધી કાઢ્યું છે. દરરોજ ચાર વાગ્યે ઑસ્પિટલમાં જાઉં છું. દરેક વૉર્ડમાં ફરું છું. કોઈ ગરીબ દર્દી હોય તો એને ફળ આપું છું. કોઈ એકલો દર્દી હોય તો એની પાસે બેસી એને થોડી માનસિક રાહત આપું છું. સાંજે છ વાગ્યે મુલાકાતનો સમય પૂરો થાય એટલે ઘેર પાછો ફરું છું.'

'રોજ રોજ ફળ ખરીદવાના પૈસા ભારે નથી પડતા?' મેં પૂછ્યું.

'ના ભાઈ, ચારે દીકરા સારું કમાતા હોવા-થી દર મહિને હાથખરચીના મને ૧૦૦ રૂપિયા મળે છે ને ૩૦૦ રૂપિયા મારા પેન્શનના આવે છે. આટલામાંથી ફળો ખરીદવાના ૬૦-૮૦ રૂપિયા મોંઘા નથી પડતા.' અને આ વૃદ્ધની સેવાભાવનાથી મારું મન એમને વંદી રહ્યું.

ઘણી વાર કેટલાક માણસોને દલીલ કરતા સાંભળીએ છીએ : 'સેવા કરવાની તો ઘણી ઈચ્છા છે પણ એવું સુયોગ્ય ક્ષેત્ર મળવું જોઇએ ને?' પણ જેને સાચા હૃદયથી સેવા કરવી હોય એને ક્ષેત્ર તો સહેલાઈથી મળી રહે છે.

આપણો વ્યવસાય કે નોકરી કરતાં કરતાં પણ સેવા થઇ શકે છે. કોઈ વાર તો એક પૈસાનો પણ ખર્ચ કર્યા વિના માણસ બીજાને ઉપયોગી થઈ પડી સેવાધર્મનો લહાવો લઈ શકે છે.

એક વેપારી ધંધાર્થે પોતાની ગાડી લઈ દર-રોજ અમદાવાદથી વડોદરા જતો હતો. ગાડી પોતે જાતે ચલાવતો, એથી બાકીની ચાર જગ્યા ખાલી રહેતી. એ દરરોજ ઘેરથી નીકળી એસ. ટી.બસ-સ્ટૅન્ડ પાસેથી પસાર થતો અને વડો-દરાના ચાર પૅસેન્જરોને પોતાની ગાડીમાં લિફ્ટ આપતો. આમ કરવાથી એને રસ્તામાં એક-લતા નહોતી લાગતી અને પેલા ચાર જણ સ-મયસર વડોદરા પહોંચી શકતા.

અન્ય માનવ કે પ્રાણીને સહાયભૂત થઈ પડવું, એને આપત્તિમાં મદદ કરવી અને એના દુઃખને હળવું કરવામાં ઉપયોગી થવું એ સેવા છે. આપણો ધર્મ કહે છે કે આવી સેવા કરવાથી પુણ્ય મળે છે, પણ સેવા કરવાનો જે આનંદ છે એ એટલો નિર્વ્યાજ હોય છે કે પુણ્ય ના મળે તો પણ પશ્ચાત્તાપ થતો નથી. કોઈ અંધજનનો હાથ પકડી એને રસ્તો ઓળંગવામાં મદદ કર-વાની તક મળે એ દિવસે તમને કેટલો આનંદ થાય છે? કોઈ ભૂખ્યા માણસને થાળી ભરીને ભોજન આપતાં તમારો આત્મા કેટલી પ્રસન્નતા અનુભવે છે! સેવા કર્યાનો અલૌકિક આનંદ એ જ એનો કેટલો મોટો બદલો છે!

ગાંધીજીએ સેવાનો જે આદર્શ આપ્યો છે એ તો અદ્વિતીય છે. 'બાપુની ઝાંખી'માં કાકા-સાહેબ એમની આ ભાવના અંગે એક દૃષ્ટાંત આપ્યું છે. કાકાસાહેબ ઉમર ખય્યામની રૂબા-ઈઆતનો તરજુમો વાંચતા હતા. બાપુએ પૂછ્યું. 'શું વાંચો છો?' કાકાસાહેબ એમને ચોપડી બતાવી.

ઊંડો નિસાસો નાખી ગાંધીજીએ કહ્યું 'મને પણ અંગ્રેજી કવિતાનો બહુ શોખ હતો, પણ મેં વિચાર કર્યો કે મને અંગ્રેજી કવિતા વાંચ-વાનો શો અધિકાર? મારું સંસ્કૃતનું જ્ઞાન હોવું જોઇએ એટલું કયાં છે? મારી પાસે વખત ફા-જલ રહેતો હોય તો હું મારી ગુજરાતી લખ-વાની શક્તિ કાં ન વધારું? દેશની સેવા કરવી હોય તો મારે બધો વખત મારી સેવાશક્તિ વધારવામાં રોકવો જોઇએ.' થોડી વાર થોભી પાછા બોલ્યા : 'દેશસેવાને માટે મેં ત્યાગ કર્યો હોય તો તે અંગ્રેજી સાહિત્યના શોખનો. પૈસા અને કરીઅર (કારકિર્દી)ના ત્યાગને તો હું ત્યાગ ગણતો જ નથી'.

સેવા ખાતર ગમે તેટલી મોંઘી ચીજનો ભોગ આપ્યાનો દાખલો ભક્ત પુંડિરકનો છે. એ પો-તાનાં માતાપિતાની સેવામાં એટલા લીન હતા કે ખુદ ભગવાન એમને મળવા આવ્યા ત્યારે એમણે એમની પાસે એક ઈંટ મૂકી કહ્યું: 'અહીં ઊભા રહો. મારાં માબાપની સેવા પૂરી કરીને આવું છું.' ભક્ત શ્રવણે પોતાનાં અપંગ અને અંધ માબાપને કાવડમાં બેસાડી આખા ભા-રતનાં તીર્થધામોની યાત્રા કરાવી હતી. આમ માતાપિતાની સેવાથી સેવાવૃત્તિનો આરંભ કરી એને આખા સમાજ સુધી વિસ્તારી શકાય છે.

ખરેખર તો સામાની યત્કિંચિત સેવા કરીને આપણે આપણા માથા પરનું ઋણ જ ફેડતા હોઈએ છીએ. આપણે જન્મ્યા ત્યારે આ સ-માજે આપણા માટે કેટલી બધી સગવડો તે-યાર રાખી હતી? એનો બદલો વાળવા માટે આપણે શું કરી શકીએ એમ છીએ? આપણે ગાંધીજી કે ટૉલ્સ્ટૉયની જેમ આપણું આખું જીવન સમાજના ચરણે ધરી શકતા નથી, પણ જેટલી શકય હોય એટલી સેવા કરીએ તોપણ થોડાક દેવામુક્ત થયાનો આનંદ અનુભવી શકીએ છીએ.

પણ સંસ્કૃતની એક ઉક્તિ (સેવાધર્મો ગહ-નઃ) મુજબ સેવા કરવાનું કામ ખૂબ કઠિન છે. પોતે ભીનામાં સૂઈ જઈ બાળકને કોરામાં સુ-વાડતી અને એની માંદગી વખતે રાતદિવસ એક કરતી માતા જ સમજે છે કે સેવાધર્મ કેટલો કઠણ છે.


સેવા કરનારે પોતાની જાતને રજકણથી પણ અલ્પ ગણવી પડે છે. એનું હૃદય ક્ષમાશીલ અને ઉદાર હોવું જોઇએ, દુશ્મન પણ આપત્તિ-માં આવી પડે તો સેવાભાવી દોડી જવો જોઇ-એ. ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરના જીવનનો એક પ્રસંગ સેવાભાવીની આવી ક્ષમાવૃત્તિનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડે છે.

વિદ્યાસાગરે વિધવા વિવાહ અંગે ખૂબ મોટી ઝુંબેશ ઉપાડી હતી. એથી જૂનવાણી લોકો એ-મના પર ખૂબ ખીજાયા હતા. એક વાર તેઓ રેલવે ગાડીમાં મુસાફરી કરી રહ્યા હતા. ત્યારે ડબામાં બેઠેલા કેટલાક મુસાફરો એમની સામે કાદવ ઉછાળી રહ્યા હતા. એક ભાઇ તો ઊછળી-ઊછળીને એમને મોંફાટ ગાળો દઈ રહ્યા હતા. એ લોકોને ખયાલ નહિ કે વિદ્યાસાગર એમના ડબામાં જ બેઠા છે. એવામાં એક જણની નજર વિદ્યાસાગર પર પડી. એણે તરત જ પોતાના મિત્રોને ઈશારો કરી શાંત રહેવા કહ્યું અને સૌનું ધ્યાન એમના તરફ ખેંચ્યું.

પેલા ગાળાગાળી કરનાર બહાદુરને ખબર પડી કે વિદ્યાસાગર બાજુમાં બેઠાબેઠા શાંત ચિત્તે ગાળો સાંભળી રહ્યા છે એ જોઇને એ ભાઈસાહેબ તો ભયથી બેભાન થઈ ગયા.

થોડી વારે એ ભાનમાં આવ્યા ત્યારે એમણે જોયું કે વિદ્યાસાગર પોતે જ પોતાના ઉપરણા વડે એને પંખો નાખી રહ્યા હતા!

સેવાવૃત્તિ આમ તો માણસની સાહજિક વૃત્તિ છે, પણ સ્વાર્થના પડળથી એ ઢંકાઈ જતી હોય છે. મહાપુરુષો અને સંતોનાં ચરિત્રોના વાચન-થી એ વૃત્તિ પર પડેલો કાટ દૂર થઈ શકે છે. □



ખાંસાહેબ

અબ્દુલ કરીમખાં

ભક્તિસભર શાંત અને કરુણરસનો સુમેળ સાધનાર કિરાના ઘરાનાના મહાન ગાયક

લેખક: પ્રો. વસંત જોષી

વીસેક વર્ષ પહેલાંની વાત છે. પુણેમાં એક આયુર્વેદ વિશારદ દેશપાંડે, વૈદ્યનો વ્યવસાય કરતા હતા. એ સંગીતનો ભારે શોખ ધરાવતા હતા. એમણે ક્યાંક વાંચ્યું હતું કે ગાયન કે વાદનની અસર માત્ર માનવીના જ હૃદય પર નથી થતી, પણ પશુપક્ષીઓ તેમ જ વનસ્પતિ પર પણ થાય છે. એમનું મન આ વાત સ્વીકારવા તૈયાર ન હતું. જો કે એમને લાગ્યુ કે વસ્તુ કાઢી નાખવા જેવી તો નથી. પણ એ કથનની સત્યતા કોઈ પ્રયોગ દ્વારા ચકાસી જોવાય તો સારું. એટલે એ દિશામાં એમણે વિચારો શરૂ કર્યાં. બાજુના બંગલામાં એક નાનો એવો બગીચો હતો. એમાંથી લજામણીનું એક કૂંડું એ લઈ આવ્યા, એ ટેબલ પર મૂક્યું, એની સામે ગ્રામોફોન મૂક્યું, ને પોતાના સંગ્રહમાંની શાસ્ત્રીય સંગીતની રેકોર્ડો વગાડવાનું શરૂ કર્યું. કોઈ પણ ગાયનની છોડ પર અસર થતી હોય તેવું લાગ્યું નહિ. પણ આશ્ચર્ય ! અબ્દુલ કરીમખાંની રેકોર્ડો વાગવા માંડી ત્યાં લજામણીનાં પાંદડાં આપોઆપ બીડાયાં ને ડૉ. દેશપાંડેને પુરાવો મળ્યો કે સંગીતની અસર વનસ્પતિ ઉપર પણ થઈ શકે છે. આ પ્રયોગ અજમાવવાનું મને કોઈ દિવસ મન થયું નથી. વૈદ્યરાજ દેશપાંડેએ પોતાના આ પ્રયોગ વિષે નભોવાણીના પુણે કેન્દ્ર પરથી એક વાર્તાલાપ આપ્યો હતો અને તે 'કેસરી'માં પ્રગટ પણ થયો હતો.

ભારતીય સંગીતમાં ચાર ઘરાના વિખ્યાત છે : ગ્વાલિયર, જયપુર, આગ્રા ને કિરાના. મૂળ ગાયક કે ઘરાનાનો સંસ્થાપક ગાયક જે ગામમાં રહ્યો, તે ગામ પરથી આ ઘરાનાઓનાં નામ આવ્યાં એમ ચોખ્ખું દેખાય છે.

કુરુક્ષેત્ર પાસે કિરાના નામનું એક ગામડું છે. ત્યાં ધોન્ડુ નાયક કરીને એક ઉસ્તાદ રહેતા. તે શ્રીકૃષ્ણના ભક્ત હતા. ભક્તિ કરી ભગવાનને રીઝવવાના એમના મનોરથ હતા, એટલે એ વૃન્દાવન ગયા ને ત્યાં જઈ ભગવાન શ્રીકૃષ્ણના મંદિર સામે એમણે ઉગ્ર તપ આદર્યું. ભગવાનની સેવા કરતાં કરતાં એ ગાતા: 'હે શ્રીકૃષ્ણ, એક વાર તો દર્શન આપ ! તને મારી દયા કેમ નથી આવતી ?' કહેવાય છે કે આ આર્ત સ્વરોમાં કરેલું ભજન સાંભળી ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ ત્યાં હાજર થયા, ને ધોન્ડુને વરદાન આપવાની ઇચ્છા એમણે વ્યક્ત કરી. ધોન્ડુએ એટલું જ માગ્યુ : 'પ્રભુ, મારે બીજું કંઈ નથી જોઇતું. તમારી વેણુમાં 'સા'(ષડ્જ) છે તે મને આપો એને હું હમેશાં મારા ગળામાં રાખીશ.' ભગવાને 'તથાસ્તુ' કહ્યું.

આ ધોન્ડુ નાયક તે આજના જાણીતા કિરાના ઘરાનાના મૂળ પુરુષ. નામ ઉપરથી લાગે છે કે એ હિંદુ હશે. એમણે અથવા એમના વંશજોએ ક્યારે અને ક્યાં કારણોસર ધર્મ બદલ્યો તે વિષે માહિતી મળતી નથી. દંતકથાઓ ઉપરથી લાગે છે કે સાત-આઠ પેઢીઓ પૂર્વે આ વાત બની હશે.

મરાઠી અર્વાચીન ચરિત્રકોશમાં એવી માહિતી મળે છે કે અબ્દુલ કરીમખાંનો જન્મ ૧૮૮૪મા થયો હતો. એમના પિતા કાલેખાં જાણીતા ગાયક હતા. શરૂઆતમાં અબ્દુલ કરીમખાં પિતા પાસે ને કાકા અબ્દુલખાં પાસે ગાયન શીખ્યા. એમનાં દૂરનાં સગાંઓમાં હૈદરબક્ષ કરીને એક સુરબ્બી ગાયક હતા. એમની પાસેથી પણ અબ્દુલ કરીમખાંને ઘણું શીખવાનું મળ્યું એમ જણાય છે. અબ્દુલ કરીમખાંની જાણીતી રેકોર્ડ 'પિયા બિના નાહિ આવત ચૈન'માં આવે છે તે શબ્દો રસિકોને યાદ હશે : 'યાદ આવત હૈ હૈદર નિસદિન; બાંકી સૂરત તીખે નૈન.' આ શબ્દોમાં જેમનો ઉલ્લેખ થયો છે એ જ આ હૈદરબક્ષ.

અબ્દુલ કરીમે ગાવાની શરૂઆત બાળપણથી જ કરેલી. એક જાહેર મહેફિલમાં પહેલી વાર એમણે ગાયું ત્યારે એમની ઉંમર માત્ર છ વર્ષની હતી ! શ્રોતાઓએ મુગ્ધ થઈ ગાયન સાંભળ્યું. ભારતીય સંગીતમાં એક નવા તારાનું આગમન થયુ છે એવું સૂચવતી આ મહેફિલ નીવડી. બાળકે સંગીતનો અભ્યાસ ચાલુ જ રાખ્યો અને એ પંદર વર્ષનો થયો ત્યાં તો એણે સંગીતકલા આત્મસાત્ કરી લીધી. પછી પંદર વર્ષની કાચી ઉંમરે એ ઘર છોડી દેશમાં ફરવા નીકળ્યા. એ સમયે વડોદરાના નરેશ સંગીતના મોટા રસિક ગણાતા હતા અને દેશના જાણીતા ગવૈયાઓ એમના દરબારમાં ગાવા ઉત્સુક રહેતા. અબ્દુલ કરીમ વડોદરા આવ્યા, દરબારમાં ગાવાનું નિમંત્રણ મેળવ્યુ અને એક દિવસ એમણે મહારાજની હાજરીમાં ગાયું. ગાયન સાંભળી મહારાજ એટલા બધા આનંદિત થયા કે એમણે આ છોકરાની નિમણૂક રાજગાયક તરીકે ત્યાં ને ત્યાં કરી ! આ વડોદરા દરબારમાં ત્રણ વર્ષ સુધી નોકરી કરી અબ્દુલ કરીમે મહારાષ્ટ્રમાં સ્થિર થવા વિચાર્યું.

ઓગણીસમા સૈકાના એ અંતભાગમાં ઉત્તર હિંદુસ્તાનમાંથી મહાન ગવૈયાઓ શા માટે મહારાષ્ટ્રમાં જઈ વસ્યા હશે એ સમજવું સ્પષ્ટ થશે. મહારાષ્ટ્ર એટલે ડુંગર-પર્વતોનો પ્રદેશ. ત્યાંની ભૂમિ ફળદ્રુપ નથી. લોકો પેસેટકે બહુ ગરીબ હોય છે. એમનો જીવનસંઘર્ષ હમેશાં તીવ્ર રહ્યો

છે. ઇતિહાસ પરથી જણાય છે કે મહારાષ્ટ્ર હમેશાં પરધર્મ કે પરચક્ર સામે ઝઝૂમતું આવ્યું છે. એટલે સંઘર્ષ એ મહારાષ્ટ્રીય જીવનનો સ્થાયી ભાવ રહ્યો છે. મહારાષ્ટ્ર વિલાસપ્રિય કે રંગીલું છે એવું કોઈ પણ કહી ન શકે. અને દેશમાં ધનાઢ્યતા ન હોવાથી લોકો નૃત્ય જેવી કલા તરફ ખાસ આકર્ષાતા નથી. ગાયનકલા પ્રમાણમાં સસ્તી પડે. તાનપુરો ને નરઘાં એ બે વસ્તુઓ હોય તો બસ. પછી મનને ફાવે એટલો રિયાઝ કરાય, કલામાં પ્રાવીણ્ય મેળવાય અને નાદબ્રહ્મનો અનુભવ કરી શકાય—લોકોને પણ કરાવી શકાય. એટલે જે લોકોને આજીવિકાનાં અન્ય સાધનો મળતાં નહિ એવા, પણ જેમનો અવાજ સૂરીલો હતો એવા ઘણા લોકો ગાયનકલા તરફ આકર્ષાયા. એમાં બ્રાહ્મણો મોટી સંખ્યામાં હતા. મિરજ નજીકના ઈચલકરંજી ગામના વતની બાલકૃષ્ણ જોષી ઘણી મુસીબતો વેઠી ગ્વાલિયર ગયા ને આજના હિંદુસ્તાની સંગીતના આદ્ય પ્રણેતા હદ્દુખાં અને હસ્સુખાંની ગાયકી મહારાષ્ટ્રમાં લાવ્યા. આગળ જતાં એ બાલકૃષ્ણબુવા ઈચલકરંજીકર તરીકે પ્રખ્યાત થયા. પછી રામકૃષ્ણબુવા વઝે નિસારહુસેનખાં પાસેથી ગ્વાલિયરની ગાયકી શીખી આવ્યા અને આ રીતે મહારાષ્ટ્રમાં ગ્વાલિયર ઘરાનાની ગાયકી લોકપ્રિય થવા લાગી. ઉત્તર હિંદુસ્તાનના ગાયકોએ આ મોટા ગાયકોને સાંભળ્યા હતા. એમનો ધ્યેયવાદ જોયો હતો અને મહારાષ્ટ્રના શ્રોતાઓને શાસ્ત્રીય સંગીતમાં ચોક્કસ રસ પડતો હોવો જોઇએ એમ માની ઘણા ગાયકો મહારાષ્ટ્રમાં આવ્યા. ખુદ હદ્દુખાંના ચિરંજીવી રહિમતખાં પણ કંઈક વિચિત્ર સંજોગોમાં મહારાષ્ટ્રમાં આવ્યા. એમનામાં વ્યવહારબુદ્ધિ ઓછી હતી ને એ ગાયનમાં એકતાન થઈ જતા ત્યારે દુનિયાનું ભાન ભૂલી જતા. એમના જેવો સારા કંઠવાળો ગાયક ભારતે ભાગ્યે જ જોયો હશે. મહારાષ્ટ્રમાં આજે પણ એમનો ઉલ્લેખ આદરપૂર્વક થાય છે અને એમને આજે તો ભૂગંધર્વ તરીકે ઓળખાવવામાં આવે છે. પણ ગાયનકલાને એ સમયે રાજ્યાશ્રય તો નહોતો જ, લોકાશ્રય પણ ખાસ નહોતો. તેથી રહિમતખાં રસ્તામાં ભિખારીની માફક બેસી, ગાયન કરી, આજીવિકા મેળવતા. એ સમયે પ્રો. છત્રે નામના બ્રાહ્મણની માલિકીનું એક સરકસ હતું. સરકસ લઈ છત્રે કાશી ગયા હતા. ત્યાં એક દિવસ રસ્તામાં ગાતા રહિમતખાંને એમણે જોયા. એમણે કોઈ દિવસ આવું ગાયન સાંભળ્યું નહોતું. ગાયન પૂરું થયું ત્યારે એ રહિમતખાંને મળ્યા ને તેમને વિષે માહિતી મેળવી લીધી. હદ્દુખાંના પુત્ર ભીખ માગી નિર્વાહ કરે એ એમને ગમ્યું નહિ. એમણે રહિમતખાંને પૂછ્યું : 'બોલો, મારી સાથે આવવા તૈયાર છો ?' ખાંસાહેબે સવાલ કર્યો : 'ક્યાં ?' જવાબ મળ્યો : 'સરકસ જાય ત્યાં. સરકસ સાથે ફરવાનું અને જરૂર પડે ત્યારે સરકસના શોમાં ગાયન કરવાનું.' રહિમતખાં સંમત થયા અને ભારતના આ મહાન ગાયક સરકસના પ્રેક્ષકોનું મનોરંજન કરવા એમની કલાનો ઉપયોગ કરવા લાગ્યા.

વડોદરેથી મહારાષ્ટ્રમાં જવાનો અબ્દુલ કરીમખાંએ નિશ્ચય કર્યો ને વસતિ-સ્થાન તરીકે મિરજ ગામ એમણે પસંદ કર્યું. મિરજ એક દેશી રાજ્ય હતું. ત્યાંના બ્રાહ્મણ રાજા સંગીતમાં ઊંડો રસ ધરાવતા અને સંગીતના ઉદાર આશ્રયદાતા હતા એટલે એમના દરબારમાં ગાયકો સારી સંખ્યામાં એકઠા થતા. (મિરજનો ઉલ્લેખ થયો છે એટલે એ ગામ સાથે સંકળાએલી બીજી એક વાત યાદ કરી લઇએ—આ ચરિત્રમાં જોકે તે અસ્થાને છે તોપણ. મિરજ પાસે પલુસ કરીને એક નાનકડું ગામડું આવેલું છે. એ ગામડામાં ગાડગીળ કરીને એક બ્રાહ્મણ હતા. એના પુત્રની આંખ એક દિવાળીમાં દારૂખાનું ફોડતાં એકદમ નબળી બની ગઈ અને એને અભ્યાસ છોડી દેવો પડ્યો. પણ પિતા કીર્તનકાર હતા એટલે એમણે પુત્રને સંગીત શીખવવાનું નક્કી કર્યું. આ અંધ પુત્ર આગળ જતાં પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કર તરીકે ભારતભરમાં જાણીતા થયા ને ઘણાં શહેરોમાં ગાંધર્વ મહાવિદ્યાલયો સ્થાપ્યાં. એમણે ગ્વાલિયર ઘરાનાની ગાયકી દેશમાં લોકપ્રિય કરી.) મિરજ આમ બાલકૃષ્ણબુવા ઈચલકરંજીકરના સમયથી સંગીતપ્રિય ગામ ગણાતું હતું. તદુપરાંત એ મુસલમાનોનું જાણીતું તીર્થક્ષેત્ર હતું, કારણ કે ત્યાં ખ્વાજા શમાનામીરની દરગાહ આવેલી છે અને હજારો ભાવિક મુસ્લિમો પ્રતિ વર્ષ દરગાહની ઉપાસના માટે ત્યાં આવે છે. અબ્દુલ કરીમખાંના સ્વજનો ખ્વાજા ચિસ્તીના ઉપાસકો હતા, તો યે અબ્દુલ કરીમખાંએ મિરજ જવાનો વિચાર કર્યો ત્યારે ખ્વાજા મીરની સેવાનો ખયાલ એમના મનમાં હતો કે કેમ તે આપણે જાણતા નથી; પણ બન્યું એવું કે મિરજ પહોંચ્યા પછી થોડાક જ સમયમાં અબ્દુલ કરીમખાંને પ્લેગ થયો. આ રોગમાંથી મૃત્યુ સિવાય બીજો છુટકારો નથી એમ તેઓ સમજતા હતા અને પીડિત અવસ્થામાં એક ઝાડ તળે પડી રહ્યા હતા. ત્યાં રસ્તે નીકળેલા એક ફકીરે એમને જોયા. એ ફકીરે અબ્દુલ કરીમખાં વિષે પૂછપરછ કરી અને એણે એમને કહ્યું : 'ખ્વાજા શમાનામીરની સેવા કર તો સાજો થઈ જઈશ.' લથડતા લથડતા અબ્દુલ કરીમખાં દરગાહ પાસે ગયા અને એમણે ત્યાં પ્રાર્થના કરી. પરિણામે એ પ્લેગમાંથી મુક્ત થયા. ત્યાર પછી મિરજમાં જ રહેવાનું એમણે ઠરાવ્યું અને જીવ્યા ત્યાં સુધી એ દરગાહના ઉર્સમાં તેઓ નિયમિત હાજરી આપતા અને ત્યાં ગાતા.

એ જમાનામાં અબ્દુલ કરીમખાંની ગાયકીનું કોઈ ખાસ વૈશિષ્ટ્ય નહોતું. કિરાના ઘરાનાના અન્ય ગાયકો ગાતા તે જ શૈલીમાં એ ગાતા. ગ્રામોફોન કંપનીએ એ જમાનામાં એમનાં દસેક ગાયનોની રેકૉર્ડો બહાર પાડી હતી. રેકૉર્ડો ઉપર ગાયન એક બાજુએ ઉતારેલાં છે અને ગાયકનું નામ 'પ્રો. અબ્દુલ કરીમખાં ઑવ બરોડા' એવું છાપેલું છે. એ રેકૉર્ડોમાં ગાએલા બધા રાગ એમની પછીની રેકૉર્ડોમાં એમણે ગાયા નથી. દા. ત. હિંડોલ, પૂરિયા, બહાર, મુલતાની. આ શૈલીમાં એ ગાતા હતા ત્યારે સંગીત વિષે એમનું ઊંડું વિચારમંથન ચાલુ હતું. એમને લાગતું હતું કે સંગીતમાં એક જ રસ હોઈ શકે. 'એકો રસ કરુણ એવ' એ કથન સાથે તેઓ સંમત હતા. દરેક સ્વરમાં રહેલું કારુણ્ય ગાયકે શ્રોતાઓનાં હૃદય સુધી પહોંચાડવું જોઈએ એવી એમની માન્યતા હતી. એટલે સતત રીયાઝ કરી એમણે બારેય સૂરો પર પ્રભુત્વ મેળવ્યું હતું. કરુણરસપ્રધાન ગાયન હોય તો એમાં કોઈ જાતના ધમપછાડા કે ગળાની કસરત હોઈ ન શકે અને જેટલું ધીમા લયમાં ગવાય તેટલું ગાયન અધિક પરિણામકારક થઈ શકે એવો એમને વિશ્વાસ હતો. એટલે એ ખાસ કરીને વિલંબિત લયમાં જ ગાતા. ને દરેક સ્વરમાં કેટલું અદ્ભુત સૌંદર્ય હોય છે તેનો ખયાલ શ્રોતાઓને કરાવતા. એ માટે સ્વરોના ઉચ્ચાર શુદ્ધ હોવા જોઇએ, ગાયકે ગીતનો પૂરો અર્થ સમજી લેવો જોઇએ અને એ સમજી લઈ રસ તથા લાગણીની શુદ્ધ અભિવ્યક્તિ કરવી જોઇએ. ગાયનકલાએ લોકરંજન કરવું જોઇએ અને ગાયક રાગ, પ્રકૃતિ સમજ્યા વગર ગાતો રહે તો એ લોકોનાં હૃદયને આકર્ષી ન શકે એવા દૃઢ વિશ્વાસથી તેઓ સંગીતકલાની ઉપાસના કરતા.

ધોન્ડુ નાયક વિષે કહેવાય છે કે એ ગાતા ત્યારે આજુબાજુનાં ગાય, ભેંસ, વાછરડાં જેવાં પશુઓ શાંતિથી એમનું ગાન સાંભળતાં અને તેથી ધોન્ડુ નાયકની ગાવાની શૈલી 'ગોહરણબાની' તરીકે જાણીતી થઈ. અબ્દુલ કરીમખાંએ આ જ શૈલીનો અભ્યાસ કર્યો અને એમનું ગાયન મહારાષ્ટ્રમાં ખૂબ જ લોકપ્રિય થયું. મહારાષ્ટ્રે આવો શાંત ને કરુણ રસનો મેળ સાધતો ગાયક અગાઉ જોયો નહોતો. લોકોને હવે ગ્વાલિયર ઘરાનાના ગાયનમાં રસ રહ્યો નહિ. શ્રોતાઓ એ ગાયકી સાંભળવા જવા હવે તૈયાર નહોતા. ગણેશોત્સવો કે બીજા સાર્વજનિક ઉત્સવોમાં જ્યાં અબ્દુલ કરીમખાં કે એમના શિષ્યો ગાતા હોય ત્યાં લોકોની ભીડ થતી અને ગ્વાલિયરી ગાયકના મંડપમાં ચકલું યે ફરકતું નહિ. એમ તો ગ્વાલિયરી ગાયકી કષ્ટસાધ્ય તેમ જ કષ્ટપ્રદ હોય છે પણ એમાં રંજકતાનું તત્ત્વ

બહુ જ ઓછા પ્રમાણમાં દેખાય છે. લાગણીઓ તો દેખાતી જ નથી. ગાયન ચમત્કાર જેવું લાગે પણ હૃદયને સ્પર્શે નહિ એવું રુક્ષ હોય છે. અબ્દુલ કરીમખાંને આ બધું બદલવું હતું પણ મહારાષ્ટ્રના રૂઢિચુસ્ત ગવૈયા એમ હારી જાય તેવા નહોતા એમણે જાહેરમાં અબ્દુલ કરીમખાંના ગાયનની ટીકા કરવા માંડી અને એમની જેટલી નાલેશી થઈ શકે તેટલી કરતાં પણ અચકાયા નહિ. એમના કહેવાનો મુખ્ય મુદ્દો એવો હતો કે કિરાના ઘરાનાના ગાયકોને ગાતાં ન આવડે, કારણ કે એ ઘરાનાના સ્થાપકો ગાયક નહિ પણ તંતકાર હતા, ને એક તંતકારના વંશજને ગાયક તરીકે ગણવા તેઓ તૈયાર નહોતા. અબ્દુલ કરીમખાં આવા લોકોને શાંતિથી એક જ જવાબ આપતા કે 'ભાઇઓ, કંદોઈ સાથે શું કામ દુશ્મનાવટ કરો છો ? એની મીઠાઈ ગમતી ન હોય તો એને ફેંકી દો.' અંતે ગ્વાલિયર ઘરાનાની ગાયકીની લોકપ્રિયતા ઓસરતી ગઈ ને મહારાષ્ટ્રમાં ફરી એ પહેલાંનું અગ્રસ્થાન પ્રાપ્ત કરી શકી નહિ. આના પરથી કોઈ એમ ન માને કે હું ગ્વાલિયર ઘરાનાની ટીકા કરવા માગું છું. આગ્રા અને જયપુરનાં ઘરાનાં એ સમયે મહારાષ્ટ્રમાં લોકપ્રિય થયા નહોતાં. ગ્વાલિયર ઘરાનું સંગીતમાં જાણે એકાધિકાર ભોગવતું હતું. કિરાના ઘરાનાના ગાયકો લોકપ્રિય થાય અને પોતાની લોકપ્રિયતા ઘટી જાય એ ગ્વાલિયર ઘરાનાના બહુસંખ્ય ગાયકોને ગમતું નહોતું. એટલે જ તેઓ અબ્દુલ કરીમખાંની નિંદા કરતા થયા હતા. કરુણ ને શાંત રસ ઉપરાંત અબ્દુલ કરીમખાંના ગાયનમાં ભક્તિરસ પણ મોટા પ્રમાણમાં દેખાતો. મહારાષ્ટ્રમાં ભક્તિની પરંપરા તો જ્ઞાનેશ્વરના સમય પહેલાંથી ચાલતી આવી હતી. લોકરંજન કરી શકે એવા ગાયનનો કોઈ પ્રકાર અબ્દુલ કરીમખાંને વર્જ્ય નહોતો. એમણે મરાઠી ભાષા શીખી લીધી ને એમાંનાં ભજનો, નાટ્યગીતો અને એવું હળવું સંગીત તેઓ એટલા તાદાત્મ્યથી ગાતા કે એમનું ગાયન લોકપ્રિય થતાં વાર લાગી નહિ.

અબ્દુલ કરીમખાં મિરજ રહેતા હતા ત્યારની એક વાત યાદ આવે છે. તે સમયના જાણીતા ગાયક પ્યારાસાહેબ અબ્દુલ કરીમખાંની શૈલીથી આકર્ષાઈ એમની પાસે વધુ રીયાઝ કરવા એક દિવસ મિરજ આવ્યા. તપાસ કરતાં એમને ખબર પડી કે ખાંસાહેબ ગામની બહાર કોઈ લત્તામાં રહેતા હતા. પ્યારાસાહેબ મકાન શોધવા નીકળ્યા. તેઓ રેશમી કપડાં તેમ જ જરી-કસબની મોજડીઓ પહેરતા. ટૂંકમાં કહીએ તો દરેક રીતે એ વરણાગિયા હતા. ગામ વટાવવા આવ્યા તો યે અબ્દુલ કરીમખાંનું મકાન જડ્યું નહિ. ગામ બહારના ગંદા લત્તામાં આવ્યા. ચારે તરફ ગંદકી દેખાતી હતી. એટલે રૂમાલ વતી નાક દાબી આગળ નીકળ્યા. ત્યાં એક એકલવાયું મકાન દેખાયું. ત્યાં એમણે તપાસ કરી ત્યારે એમને ખબર પડી કે એ જ અબ્દુલ કરીમખાંનું મકાન હતું. તે ખાંસાહેબને મળ્યા અને બોલ્યા : 'મારે આપની પાસે રહી રીયાઝ કરવો છે.' ખાંસાહેબે કહ્યું : 'જરૂર, જરૂર. બોલો, ક્યારથી કરવા માગો છો?' પ્યારાસાહેબે કહ્યું : 'આપ કહેશો ત્યારથી; પણ મારે રહેવાનું ક્યાં? અને રિયાઝ ક્યાં કરવાનો?' 'ગુરુના ઘરમાં રહેવાનું અને ત્યાં વિદ્યા મેળવવાની એવી આપણી પરંપરા છે એટલે તમારે અહીં જ રહેવાનું.' 'કાલથી આવીશ.' એમ કહી પ્યારાસાહેબ ગયા તે ગયા.

અબ્દુલ કરીમખાંની કીર્તિ વધતી ગઈ તેમ એમની તરફ શિષ્યો આકર્ષાતા ગયા. ખાંસાહેબ અત્યંત ભાવિક-વૃત્તિના અને ધર્મપરાયણ હતા. શિષ્યો પાસેથી કંઈ પણ પૈસા લેતા નહિ કે એમની પાસે કોઈ સેવા કરાવતા નહિ; એટલું જ નહિ, પણ શિષ્ય એમને ઘેર રહે ત્યાં સુધી એના બધા ખર્ચનો ભાર પોતે જ ઉપાડતા! જાતિભેદ એમને માન્ય નહોતો. બધી કોમોના વિદ્યાર્થીઓને એમણે સ્વીકાર્યા હતા. તો પણ તેઓ માનતા કે વિદ્યા મેળવવી એ બ્રાહ્મણોનું જ કામ છે, એટલે એમના મનમાં બ્રાહ્મણ વિદ્યાર્થીઓ તરફ ખાસ લાગણી રહેતી. એમના મુખ્ય શિષ્ય રામભાઉ કુંદગોળકર હતા. એ બ્રાહ્મણ ગાયકે વર્ષો સુધી વિદ્યાની સાધના કરી અને તેઓ દેશમાં 'સવાઈ ગંધર્વ' તરીકે વિખ્યાત થયા. ગણેશ રામચંદ્ર બેહરે, અનંત ગાડગીળ જેવા બ્રાહ્મણ શિષ્યો એમની પાસે શીખ્યા. તેમ જ વિશ્વનાથ જાદવ કે બાળકૃષ્ણબુવા કપિલેશ્વરી તેમ જ આપણા ગાયક સ્વ. યશવંતરાય પુરોહિતના ગુરુ શંકરરાવ સરનાઈક જેવા બ્રાહ્મણેતર ગાયકોને પણ એમણે તૈયાર કર્યા. એમના મુસલમાન શિષ્યોમાં તબલાનવાઝ શમશુદ્દીનખાં અને ગાયિકા રોશનઆરા બેગમનાં નામ ગણાવી શકાય. ખાંસાહેબના દૂરના સગા નિયાઝ અહમદ અને ફૈયાઝ અહમદ આજના લોકપ્રિય ગાયકોમાં છે. ખાંસાહેબનાં પત્ની સરસ્વતી બાઈ પણ ખૂબ જ સરસ ગાતાં. એમની બે રેકૉર્ડ બહાર પડી હતી.

વિદ્યાર્થીઓને એ ઉદારતાથી શીખવતા. વિદ્યા આપવામાં કદી કોઈ કંજુસાઈ રાખતા નહિ. એનો એક દાખલો મને યાદ આવે છે. યુવાવસ્થામાં મને ગાયનવિદ્યા મેળવવાનું મન થયું. ગાયનાચાર્ય રામકૃષ્ણબુવા વઝે સાથે તો ઘર જેવો સંબંધ હતો, પણ એમની ગ્વાલિયરી ગાયકી માટે આદર અને માન છતાં પ્રેમ નહોતો. રેડિયોમાં દશરથબુવા મૂળેનું ગાયન ઘણી વાર સાંભળતો અને તેઓ ખાંસાહેબના નિકટવર્તી છે તેમ જ ખાંસાહેબની રેકૉર્ડોમાં તાનપુરા સાથે તેઓ બેઠા છે એવું જાણવા મળ્યું હતું. અલબત્ત, એ સમયે ખાંસાહેબ જીવતા નહોતા. એક દિવસ દશરથબુવાને ઘેર ગયો અને એમની પાસે શીખવાની ઈચ્છા મેં વ્યક્ત કરી. મારા વિષે પૂછપરછ કરી બુવા બોલ્યા : 'હું જે રીતે શીખ્યો છું તે જ રીતે તમને શીખવાડીશ. અઠવાડિયામાં ત્રણ દિવસ એક એક કલાક તમને શીખવાડીશ. પણ એ તો આપણો કરાર થયો. પરંતુ તમારે આવવું તો રોજ પડશે, અને મન થશે તો એકના બદલે હું તમને ત્રણ કલાક શીખવાડીશ. બોલો, શીખવા તૈયાર છો?' જૂના સમયમાં ગુરુઓ કેવી રીતે શીખવાડતા એનો આથી સરસ પુરાવો બીજો કયો હોઈ શકે? ખાંસાહેબે કર્યું તે જ રીતે એમના પટ્ટશિષ્ય સવાઈ ગંધર્વે હુબળીનાં ગંગુબાઈ હંગલ અને ભીમસેન જોષી જેવા મહાન શિષ્યોને વિદ્યા આપી. વિદ્યા તો ગુરુમુખમાંથી જ શીખવી જોઈએ એવો આગ્રહ ખાંસાહેબ રાખતા. માત્ર પૈસા કમાવા માટે એમણે કોઈ દિવસ વિદ્યાનો ઉપયોગ કર્યો નહિ.

ઑડિયન કંપનીએ એમની રેકૉર્ડો ઉતારવી શરૂ કરી ત્યારે એમ બન્યું કે પહેલી ત્રણ રેકૉર્ડો ઉતારવાનું કામ પૂરું થયું એટલે કંપનીએ ખાંસાહેબને પંદરસો રૂપિયા રોકડા આપ્યા. કોઈ બૅન્કમાં એમનું ખાતું હતું નહિ, એટલે ચેકથી નાણાં ચૂકવવાનો સવાલ ઊભો થતો જ ન હતો. કોટના ગજવામાં નોટો મૂકી ખાંસાહેબ ઑફિસમાંથી બહાર આવ્યા ત્યાં ભિખારીઓએ એમને ઘેરી લીધા. કોઈ પણ યાચકને ખાંસાહેબ ના કહી શકતા નહિ. એટલે તેઓ હાથમાં આવે તે નોટ ભિખારીને આપી દેવા લાગ્યા. ઘેર આવ્યા ત્યારે પત્નીએ સવાલ કર્યો : 'કામ પતાવી આવ્યા?' ખાંસાહેબે કહ્યું : 'હા, આજ ત્રણ રેકૉર્ડ ઉતારવામાં આવી છે.' 'તો પૈસા ય મળ્યા હશે ને સારા?' એમણે કહ્યું : 'હા, પંદરસો રૂપિયા મળ્યા.' પત્નીએ કોટના ગજવામાં જોયું તો એકેય નોટ રહી નહોતી! બધા જ પૈસા ભિખારીઓને અપાઈ ગયા હતા.

ખાંસાહેબે સ્વરો પર અદ્ભુત પ્રભુત્વ મેળવ્યું હતું. એ ગાવાની શરૂઆત કરતા ત્યાં પહેલા 'સા'થી જ જાણે કોઈ નવું વાતાવરણ સર્જાતું. ખાંસાહેબ ઓમકારના ઉપાસક હતા. કુંભક પ્રાણાયામ કરી પછી એ ગાવાની શરૂઆત કરતા ત્યારે ક્યાંય ઊંડેથી સ્વર આવતો હોય એમ લાગતું. જયપુર ઘરાનાના શ્રેષ્ઠ ગાયક અલ્લાદિયાખાંના એક પ્રમુખ શિષ્ય અઝમતહુસેનખાં એક ઠેકાણે લખે છે : 'અબ્દુલ કરીમખાં સાહેબની યાદ આવે છે ત્યારે એમણે ગાએલા અને મારા મન ઉપર જબરદસ્ત છાપ મૂકી ગએલા ત્રણ રાગ મને સાંભરે છે. મુંબાઈમાં ફૉર્બસ હૉલમાં

ગાએલો પૂરિયા, જહાંગીર હૉલમાં ગાએલી તોડી અને બેળગામની મહેફિલમાં ગાએલો માલકૌંસ—ઓહોહો... આવો પૂરિયા, આવી તોડી અને આવો માલકૌંસ આજ સુધી ક્યાંય સાંભળ્યો નથી. 'સૂરોંકા સન્નાટા ઐસા માલૂમ હોતા થા, કિ માનો સબ જગહ પૂરિયા હી પૂરિયા ભરા હો!' ખાંસાહેબનો સૂરોનો લગાવ એવો હતો કે બીજો કોઈ ગાયક એમની બરાબરી કરવાનો વિચાર પણ કરી ન શકે. વિલંબિતના સ્વરો સાથે એમણે આખું જીવન ગુંજન કર્યું. એમની અસ્તાઈ રાત પૂરી થયા પછી ઉષાની પ્રભા આસ્તે આસ્તે ફેલાય તેમ ફેલાતી ને સંપૂર્ણ અસ્તાઈ પ્રકાશમાન થતી. તોડી, પૂરિયા, મુલતાની, જીવનપુરી, આસાવરી, દરબારી કાનડા, શુદ્ધ કલ્યાણ એવા પ્રચલિત રાગ જ તેઓ ગાતા. પણ એમનું વિલંબિત ગાયન એવું વિલક્ષણ થતું કે કોઈ ડાહ્યો માણસ એમનું ગાયન પૂરું થયા બાદ એ મહેફિલમાં ગાવાની હિંમત કરતો નહિ. અમારા ગુરુ કહેતા : 'ખાંસાહેબનો સૂર સાંભળો: કોઈ કુશળ સુવર્ણકાર સોનાનો ઝીણો તાર ખેંચી રહ્યો છે એવું તમને લાગશે!' સ્વરની ઉપાસનામાં તેઓ મગ્ન રહેતા એટલે કોઈ વાર તાલ તરફ એમનું પૂરું ધ્યાન રહેતું નહિ. પણ તેઓ સમજાવતા 'તાલ ગયા તો બાલ ગયા, લેકિન સૂર ગયા તો સર ગયા.' સૂરની આટલી ઉપાસના ભાગ્યે જ કોઈ સંગીતકારે કરી હશે. વિવેચકો લખે છે કે ખાંસાહેબનો સ્વર જેટલો શુદ્ધ હતો એટલી એમની તાન નહોતી. સંભવ છે કે એ જમાનામાં ધ્વનિમુદ્રણની પદ્ધતિ સંપૂર્ણ દોષ વિનાની નહોતી તેથી રેકૉર્ડમાં તાન કોઈ વાર સારી લાગતી નથી. એ સમયમાં મિ. ક્લેમન્ટ નામે એક કલેક્ટર હતા. એ ભારતીય સંગીતમાં ઘણો રસ લેતા. એમણે 'ફિલહાર્મોનિક સોસાએટી ઑવ ઇન્ડિયા' નામે એક સંસ્થા શરૂ કરેલી, ને એમાં એ ભારતીય સંગીતની શ્રુતિઓ વિષે સંશોધન કરતા. ખાંસાહેબ હમેશાં એમને સહકાર આપતા. આપણા સંગીતમાં કોમલ અને તીવ્ર શ્રુતિઓ હોય છે એમ મનાય છે. ક્લેમન્ટસાહેબ ને ખાંસાહેબના કહેવા મુજબ અતિ કોમલ અને અતિ તીવ્ર શ્રુતિઓ પણ હોય છે. બધા ગાયકોનાં ગળામાંથી એ શ્રુતિઓ નીકળી શકતી નથી. પણ આ શ્રુતિઓનો અનુભવ કરવો હોય તો ખાંસાહેબની 'સોચ સમજ નાદાન...' એ રેકૉર્ડ સાંભળવી.

ખાંસાહેબે દાક્ષિણાત્ય સંગીતનો ખાસ અભ્યાસ કર્યો હતો, અને ભારતના ગાયનમાં આજે પ્રચલિત છે તે નોટેશન ગાવાની પદ્ધતિનો એમણે જ આરંભ કર્યો. ઘણા ગાયકોનું નોટેશન કે સરગમ બહુ જ રુક્ષ કે કર્ણકટુ હોય છે. પણ ખાંસાહેબનું નોટેશન હમેશાં કર્ણમધુર લાગતું. દક્ષિણના સંગીતમાંથી એમણે કેટલાક રાગ હિંદુસ્તાની સંગીતમાં પ્રચલિત કર્યા. એમાંનો મુખ્ય રાગ અભોગી કાનડા છે. હિંદુસ્તાની અને દાક્ષિણાત્ય પદ્ધતિમાં કેટલો ફેર હોય છે એ બતાવવા એમણે બે મરાઠી નાટ્યગીતો હિંદુસ્તાની અને દાક્ષિણાત્ય શૈલીમાં ગાયાં. એ ગીતોની બે રેકૉર્ડ બહાર પડી હતી. સિંધ કાફી અને આનંદ ભૈરવીમાં ગાએલી એ બે રેકૉર્ડો રસિકોએ જરૂર સાંભળવી જોઈએ.

અગાઉ કહ્યા પ્રમાણે ઘણા ગાયકો ખાંસાહેબની નિંદા કરતા એટલું જ નહિ પણ એમના અને એમના શિષ્યો વચ્ચે દુશ્મનાવટ ઊભી કરવા ખટપટ પણ કરતા. ખાંસાહેબની 'જમુના કે તીર'વાળી પ્રખ્યાત ભૈરવીની રેકૉર્ડ બહાર પડી ત્યાર પછી એ જ રાગિણીમાં સવાઈ ગંધર્વે ગાએલી 'ભાઈ વે તોરી' બહાર પડી. જાહેર ખબરમાં લખ્યું હતું : 'આ રેકૉર્ડ સાંભળશો ત્યારે ખાંસાહેબ અબ્દુલ કરીમખાંની 'જમુના કે તીર' તમને યાદ આવશે.' એક વિઘ્નસંતોષીએ ખાંસાહેબ પાસે આ વાત દુષ્ટતાથી રજૂ કરી. એ બોલ્યો : 'આ વાંચો. તમારો ચેલો તમારી સાથે હરીફાઈમાં ઊતર્યો છે અને જાહેરખબરમાં તમારી રેકૉર્ડ સાથે એની રેકૉર્ડને સરખાવી છે.' અમારા ગુરુ કહેતા કે આ સાંભળીને ખાંસાહેબ ગુસ્સે થયા હતા અને કેટલા ય દિવસ એમણે ચેલા સાથે અબોલા લીધા હતા. એ જાહેરખબર સવાઈ ગંધર્વે લખી નહોતી, પણ નિંદકો કેવા હોય છે તે બતાવવા પૂરતો જ આ વાતનો ઉલ્લેખ કર્યો છે.

ખાંસાહેબે બીજો એક ચમત્કાર કરી બતાવ્યો. એમનું પાળેલું એક કૂતરું હતું. એ ખાંસાહેબનું ગાયન રોજ સાંભળતું. એટલે એને ગાતાં શીખવવાનું ખાંસાહેબને મન થયું. એ કૂતરાને સ્વરોની તાલીમ આપવાની શરૂઆત એમણે કરી અને એમની મહેનત સફળ નીવડી! થોડા જ સમયમાં મુંબાઈનાં છાપાંઓમાં જાહેરખબર ઝળકી. 'અમુક થીએટરમાં ખાંસાહેબ અબ્દુલ કરીમખાં સાથે એમનું કૂતરું પણ ગાશે.' કુતૂહલથી શ્રોતાઓ થીએટરમાં આવ્યા. નિયત સમયે કપડાંમાં સજ્જ કૂતરું મંચ ઉપર આવ્યું ને એણે જુદા જુદા રાગોના સ્વર પોતાના ગળામાંથી નીકળે છે એમ બતાવ્યું! ઈ. ૧૯૧૭થી ૧૯૨૦ સુધીમાં તબિયતના કારણે ખાંસાહેબ મુંબાઈમાં રહેતા હતા એ અરસામાં આ વાત બનેલી.

ખાંસાહેબની કીર્તિ હવે આખા દેશમાં વ્યાપી ગઈ હતી. મહર્ષિ અરવિંદ ઘોષને એમનું ગાયન સાંભળવાની ઇચ્છા થઈ. એમના નિમંત્રણને માન આપી ખાંસાહેબ મદ્રાસથી પોંડિચેરી જવા નીકળ્યા. રાતના અગિયાર વાગ્યે એમની તબિયત એકાએક બગડી ગઈ. સિંગા પેરૂમલ કોઈલમ્ સ્ટેશને ગાડી ઊભી રહી હતી. ખાંસાહેબ ત્યાં નીચે ઊતર્યા. પ્લૅટફૉર્મ પર એમણે થોડા આંટા માર્યા. અસ્વસ્થતા ઘણી લાગતી હતી એટલે પહેલાં પગ ધોઈ આવ્યા ને નમાઝ પઢવા બેઠા. નમાઝ પૂરી કર્યા પછી એમણે દરબારી કાનડાની આલાપી શરૂ કરી. ને એ કરતાં કરતાં તેઓ સૂઈ ગયા તે ફરી ઊઠ્યા નહિ. એમના શબને મિરજ લાવવામાં આવ્યું અને ત્યાં એમનું દફન થયું. ૨૭મી ઑક્ટોબર ૧૯૩૭ એ એમના અવસાનની તારીખ હતી.

ઑડિયન કંપનીએ ખાંસાહેબ અબ્દુલ કરીમખાંની બાવીસેક રેકૉર્ડ બહાર પાડી હતી એવું યાદ છે. એ બધી આજે પણ પ્રાપ્ય છે. ખાંસાહેબ સિતાર, બીન અને જલતરંગ પણ સરસ વગાડતા. એમના બીનવાદનની એક રેકૉર્ડ પણ બહાર પડી હતી. જૂના સમયમાં ઊતરેલી રેકૉર્ડો તો આજે જોવા પણ મળતી નથી. પણ એ કોઈ વાર હાથ આવે તો જરૂર સાંભળવી. ખાંસાહેબ જુવાનીમાં કેવું ગાતા એનો એ રેકૉર્ડ પરથી ખયાલ આવશે. આજે મળે છે તે તો એમના જીવનનાં છેલ્લાં ત્રણચાર વર્ષોમાં બહાર પડેલી. એમાં વસંત રાગની બે, ગુજરી તોડી, બિલાવલ, જોગિયા, તિલંગ, નાયકી કાનડા, અભોગી કાનડા, માલકૌંસ, દરબારી કાનડાની રેકૉર્ડો તો દરેક રસિકે સાંભળવી જ જોઇએ. શંકરા વીર રસનો રાગ ગણાય છે. પણ વીર રસમાં યે કરુણરસનું સફળ મિશ્રણ કેવી રીતે થઈ શકે છે એ જોવું હોય તો એમની 'આજ સુહાગ કી રાત' સાંભળવી.

ખાંસાહેબમાં અજબ પરધર્મ સહિષ્ણુતા હતી. એમણે મરાઠીમાં ગાએલા માલકૌંસની 'આતા રામપાયી મના લાગ વેગે' રેકૉર્ડ આનો પુરાવો છે. તેમ જ એમણે કન્નડ ભાષામાં સાવેરી અને ખરહરપ્રિય રાગમાં ગીતો ગાયાં છે. આજે ત્રણ પેઢીઓ થઈ તો યે મહારાષ્ટ્ર કિરાના ઘરાનાની ગાયકી સાંભળતાં થાક્યું નથી. ખાંસાહેબે સ્થાપેલું 'આર્ય સંગીતવિદ્યાલય' પુણે અને મુંબાઈમાં સંગીત પ્રચારનું કાર્ય કર્યે જ જાય છે. ભીમસેન જોષી જેવા ગાયકની દસદસ જેટલી લાંબો સમય ચાલતી રેકૉર્ડો બહાર પડી છે એ આ ગાયકીની લોકપ્રિયતા બતાવે છે.

સંગીત સમારોહનું અદ્‌ભુત સ્વરૂપ જોવું હોય તો દિવાળીના અરસામાં એક વાર પુણે જાઓ. ત્યાં પ્રતિવર્ષ સવાઈ ગંધર્વની મૃત્યુતિથિની સ્મૃતિમાં ભવ્ય સંગીત સમારંભ થાય છે. આખા દેશમાંથી ગાયકો અને શ્રોતાઓ આવે છે. ત્રણ રાત કાર્યક્રમ ચાલે છે. રાતના નવ વાગ્યે કાર્યક્રમ શરૂ થાય અને આખો કાર્યક્રમ પૂરો થાય ત્યાં સવારના છએક વાગ્યા હોય! શરૂઆતમાં આ કાર્યક્રમમાં મર્યાદિત હાજરી રહેતી. હવે તો વીસત્રીસ હજાર માણસો ત્રણ રાત આ કાર્યક્રમ સાંભળે છે. □

ડિટેક્ટિવ શેરલોક હોમ્સની એક રહસ્યકથા

ત્રણ પરીક્ષાર્થીઓ

અનુવાદક • સુકન્યા ઝવેરી

કેટલાક ઐતિહાસિક ખતપત્રોના સંશોધન માટે શેરલોક હોમ્સને એક યુનિવર્સિટી ટાઉનમાં થોડા દિવસ રોકાવાનું થએલું. હું પણ એમની સાથે હતો. યુનિવર્સિટીના ગ્રંથાલયની પાસે એક લૉજમાં અમે રહેલા. હોમ્સ પોતાના કાર્યમાં સતત રોકાએલા હતા અને ઝડપથી એ કામ આટોપી લેવા ઈચ્છતા હતા. એવામાં એક સાંજે લ્યુક કૉલેજના ટ્યૂટર મિ. હિલ્ટન સોમ્સ એકાએક હોમ્સને મળવા આવી ચડ્યા. અમે એમને ઓળખતા હતા. ઊંચી ને પાતળી દેહકાઠીવાળા સોમ્સ કંઇક અસ્વસ્થ લાગતા હોઈ અમે સમજી ગયા કે જરૂર કંઈક બન્યું હોવું જોઇએ.

આવતાં જ એમણે કહ્યું : 'મિ. હોમ્સ, અમારી કૉલેજમાં એક બહુ જ દુ:ખદ બનાવ બની ગયો છે. એ અંગે મારી તો મતિ જ મૂંઝાઈ ગઈ છે. સદ્‌ભાગ્યે હાલમાં તમે અહીં છો એટલે હું તમારી પાસે મદદ માટે દોડી આવ્યો છું. મારા માટે થોડો સમય કાઢી શકો તો મહેરબાની.'

'અહીં હું બહુ જ વ્યસ્ત છું અને એમાંથી મારું લક્ષ બીજે ક્યાંય વાળી શકું તેમ નથી. તમે પોલીસની મદદ લો તો સારું.' હોમ્સે કહ્યું.

'ના સાહેબ. આ તો અમારી કૉલેજની અને મારી આબરૂનો સવાલ છે. પોલીસને આમાં બોલાવીએ તો તો અમે બધે ગવાઈ જઈએ, અને તમારા સિવાય અમને બેઆબરૂ થવામાંથી કોઈ ઉગારી શકે એમ નથી.'

હોમ્સે એમના પ્રશ્નમાં રસ દાખવ્યો નહિ, છતાં સોમ્સે પોતાની કથની જારી રાખી : 'આવતી કાલે ફોર્ટિસ્ક્યુ સ્કૉલરશિપની પરીક્ષા શરૂ થાય છે. એમાં પહેલું જ પેપર ગ્રીક ભાષાનું છે અને હું તેનો પરીક્ષક છું. કાલના પેપરમાં ગ્રીક ભાષાના ફકરાઓના અનુવાદ કરવાનો પ્રશ્ન છે. આ ફકરા અજાણ્યા અને અઘરા છે અને સ્કૉલરશિપની રકમ પણ ઘણી મોટી છે. જો આ ફકરાઓ વિષે કોઈ અગાઉથી સહેજ પણ માહિતી મેળવી શકે તો વધુ માર્ક મેળવીને એ ખાટી જાય.

'આજે બપોરે પ્રેસમાંથી આ પેપરનાં પ્રૂફની એક નકલ મારા પર આવી. એમાંના ગ્રીક ફકરા અઘરા હોઈ બહુ ચોકસાઈથી મારે એ તપાસી જવાના હતા. સાડા ચાર થયા ત્યાં સુધી હું એ પૂરા વાંચી શક્યો નહોતો. પછી મેં એક મિત્રને ઘેર જવાનું વચન આપેલું એટલે પ્રૂફ્સ મારા ટેબલ પર જ રાખી રૂમની કળ વાસીને હું ત્યાં ગયો. એકાદ કલાક પછી પાછો ફર્યો ત્યારે મેં મારા રૂમના બારણાની કળમાં ચાવી ભરાએલી જોઈ. પહેલાં તો મને થયું કે હું જ કદાચ ભૂલી ગયો હોઈશ, પણ ખિખિસ્સામાં હાથ નાખતાં ચાવી તો મારી પાસે જણાઈ. બીજી એક ચાવી છે તે મારા નોકર બૅનિસ્ટર પાસે રહે છે. મેં એને પૂછી જોયું. મારી ગેરહાજરીમાં એ મારા માટે ચા લઈને આવેલો અને એ ચાવી એની જ હતી. બીજા કોઈ દિવસે એ આમ બારણામાં જ ચાવી ભૂલી ગયો હોત તો કંઈ વાંધો નહોતો, પણ આજે મને પેલા પેપરની ખાસ ચિંતા હતી. અને મને જે ડર હતો તેમ જ બન્યું. રૂમમાં દાખલ થતાં જ મેં જોયું કે પ્રૂફ ટેબલ પર મેં જ્યાં રાખ્યાં હતાં ત્યાં એમ ને એમ જ નહોતાં. એક પાનું ટેબલ પાસે નીચે પડેલું, એક બારી પાસે અને એક મેં જ્યાં રાખેલું ત્યાં ટેબલ ઉપર જ હતું.'

'એટલે કે પહેલું પાનું ટેબલ પાસે નીચે, બીજું બારી પાસે ને ત્રીજું તમે જ્યાં મૂકેલું ત્યાં જ ?' હોમ્સને હવે આમાં રસ પડતો લાગ્યો.

'બરાબર, એમ જ. પણ તમે એ કેવી રીતે જાણ્યું ?' સોમ્સને હોમ્સના પ્રશ્નથી આશ્ચર્ય થયું.

'એ પછી કહીશ. તમે તમારી વાત આગળ ચલાવો.'

'પહેલાં તો મને થયું કે બૅનિસ્ટરે એ ફંફોસ્યાં હશે. પણ એને પૂછતાં એણે ના પાડી. અને મને ખાતરી છે કે એ જુઠું ન બોલે. એટલે હું ધારું છું કે મારા રૂમ પાસેથી પસાર થતાં કોઇએ બારણાંમાં ચાવી જોઈ હશે, અને એને લાગ્યું હશે કે હું અંદર નથી એટલે તકનો લાભ લઇને એણે અંદર આવીને પેપર જોઈ લીધું હશે. સ્કૉલરશિપની રકમ મોટી હોઈ આવું સાહસ કરવાની એને લાલચ થઈ જાય એ સ્વાભાવિક છે.

'બૅનિસ્ટરને મેં વધુ પૂછવા માંડ્યું એથી એને પણ બહુ માઠું લાગ્યું. મારી ગેરહાજરીમાં અંદર આવીને કોઈ પેપર જોઈ ગયું છે એવું જાણીને તો એ લગભગ બેભાન જેવો થઈ ગયો ને ખુરશી પર ફસડાઈ પડ્યો. એને સ્વસ્થ કરવા મેં એને થોડી બ્રાન્ડી પણ આપી, અને એને બેઠેલો જ રહેવા દઈ મેં રૂમમાં તપાસ આદરી. મેં જોયું કે અંદર આવનાર પોતાની થોડીક નિશાનીઓ તો મૂકી જ ગયો હતો. બારી પાસેના ટેબલ પર એણે છોલેલી પેન્સિલનાં છોડાં પણ પડ્યાં હતાં. પેપરમાંથી ઉતાવળે ઉતારો કરતાં એની અણી તૂટી ગઈ હશે. એ તૂટેલી અણી પણ મેં ટેબલ પર જોઈ. વળી, મારા ટેબલ પર મઢેલા લાલ ચામડામાં પણ એક લાંબો કાપો પડેલો છે. આ ટેબલ હજી હમણાં જ આવ્યું છે અને એ પરના ચામડા પર એક ડાઘ સુધ્ધાં હજી પડ્યો નથી. આ ઉપરાંત ટેબલ ઉપર માટીનો એક નાનકડો લપકો પણ મેં જોયો. આ બધી નિશાનીઓ પરથી કોઇએ અંદર આવીને પેપર વાંચ્યું હોવાની મને ખાતરી થઈ. પણ આવું અનધિકૃત સાહસ કોણે કર્યું હશે એ હું કલ્પી જ શકતો નથી. હવે જો આ વ્યક્તિ શોધી ન શકાય તો કાલની પરીક્ષા રદ કરીને મારે નવો પ્રશ્નપત્ર તૈયાર કરવો પડે ને આ બનાવ અંગે મારે ખુલાસો પણ આપવો પડે. આ વાત જાહેર થઈ જાય તો કૉલેજ અને યુનિવર્સિટી તથા મારી આબરુને બટ્ટો જ લાગે, અને હું એ નથી ઈચ્છતો. મારી બુદ્ધિ તો હવે આમાં ચાલે તેમ નથી એટલે હું તમારી પાસે દોડી આવ્યો, અને તમે જ અમારી આબરૂ બચાવી શકો તેમ છો.'

'ખેર, હું મારાથી બનતી મદદ કરીશ.' હોમ્સે કહ્યું ને પછી પૂછ્યું, પ્રેસમાંથી પ્રૂફની નકલ આવ્યા પછી તમને કોઈ મળવા આવ્યું હતું ?'

'હા. દોલત રાજ નામનો એક હિંદી વિદ્યાર્થી પૂછવા આવેલો.'

'આ જ પરીક્ષા માટે ?' 'હા.'

'એ વખતે આ પ્રૂફ તમારા ટેબલ પર જ હતાં ?'

'હા, પણ એ ફીંડલું વાળીને મૂકેલાં હતાં.'

'પણ એ ગ્રીક પ્રશ્નપત્રનાં જ પ્રૂફ છે એવું એને નહિ લાગ્યું હોય ?'

'શક્ય છે.'

'વારુ, તમારી પાસે આ પ્રૂફ આવ્યાની બીજા કોઇને જાણ છે ?'

'ના, છાપનાર સિવાય કોઇને નથી.'

'બૅનિસ્ટરને ખબર હતી ?' 'બિલકુલ નહિ.'

'બૅનિસ્ટર અત્યારે ક્યાં છે ?'

'મારી પૂછતાછથી એ બહુ ગભરાઈ ગયો છે, એટલે એને હું મારા રૂમમાં જ પડ્યો રહેવા દઈ તમારી પાસે દોડી આવ્યો છું.'

'રૂમને ખુલ્લો રહેવા દઇને ?'

હા, પણ પ્રૂફને હું કબાટમાં મૂકી તેને તાળું મારતો આવ્યો છું.'

એટલે હાલ તુરત તો એટલું તારવી શકાય કે પેલો હિંદી વિદ્યાર્થી કાગળિયાંને ઓળખી શક્યો ન હોય તો પછી કોઈ બીજું જ તમારા રૂમમાં આવ્યું હશે અને અકસ્માત એને પેપર જોવા મળી જતાં એણે તકનો લાભ ઉઠાવ્યો હશે.' 'હા. એવું લાગે છે ખરું.'

'અચ્છા. તો ચાલો તમારા રૂમ પર જઇએ. વૉટસન, તું પણ ચાલ.'

અને અમે ત્રણે જણ મિ. સોમ્સની રૂમ પર જવા નીકળ્યા. સાંજ પડી ગઈ હતી. મકાન જૂનું હતું. તેમાં ભોંયતળિયે મિ. સોમ્સ રહેતા હતા અને ઉપરના ત્રણે માળે ત્રણ વિદ્યાર્થીઓ. સોમ્સના બેઠકખંડની એક મોટી બારી બહારની બાજુએ માર્ગ પર જ પડતી હતી. લોખંડની જાળીવાળી એ બારીમાં કાચ જડેલા હતા. ત્યાં પહોંચતાં હોમ્સે એ બારીમાંથી અંદર નજર નાખવા પ્રયત્ન કર્યો. આ માટે એને પોતાના પગના અંગૂઠા પર ઊંચા થઇને ડોક લંબાવવી પડી એટલી એ ઊંચી હતી. એમને આમ કરતા જોઈ સોમ્સે કહ્યું : 'ત્યાંથી તો કોઈ અંદર આવી શકે તેમ નથી. આવનાર મુખ્ય બારણેથી જ આવ્યો હશે.'

'વારુ, તો પછી આપણે અંદર જ જઈએ.' અમારા વિદ્વાન સાથી સામે મૂછમાં હસતાં હોમ્સે કહ્યું. અંદર પ્રવેશતાં પહેલાં હોમ્સે અમને બંનેને બહાર ઊભા રાખ્યા અને પોતે અંદર જઈ ત્યાં બિછાવેલો ગાલીચો તપાસી લીધો. 'અહીં તો આવનારનું કોઈ ખાસ નિશાન નથી.' કહી પછી ખાલી ખંડમાં ચોમેર નજર ફેરવતાં બોલ્યો : 'તમારો નોકર હવે સ્વસ્થ થઈ ગયો લાગે છે. ક્યાં બેસી પડેલો એ ?'

'પેલી બારી પાસેની ખુરશી પર.'

'આ ટેબલ પાસે ?' ને ઉમેર્યું : 'તમે બંને હવે અંદર આવી શકો છો.'

અને પછી એ નાનું ટેબલ તપાસતાં તપાસતાં બોલ્યો : 'આ બધું જોતાં સ્પષ્ટ લાગે છે કે, આવનાર વ્યક્તિએ પ્રથમ પેલા મોટા ટેબલ પરથી પ્રૂફના કાગળો લીધા હશે. પછી એ અહીં બારી પાસે આ નાના ટેબલ પર એમાંથી નોંધ કરવા બેઠો હશે, જેથી તમે પાછા ફરો ત્યારે એ તમને જોઈ શકે અને તુરત છટકી શકે.'

'હા, પણ હકીકતે એમ નહોતું થયું.' સોમ્સે કહ્યું : 'કારણ કે હું બાજુના દરવાજેથી પાછો ફરેલો.'

'એમ ? પણ એના મગજમાં તો મેં કહ્યો એવો જ ખયાલ હશે.' કહી હોમ્સે પ્રૂફના કાગળો તપાસવા માગ્યા, ને એ જોતાંજોતાં બોલવા માંડયા, પ્રથમ એણે આ કાગળ લઇને તેમાંથી નોંધ કે નકલ ઉતારી હશે. કેટલોક સમય જાય એમાં ? પાએક કલાક તો થાય જ. વારુ. પછી એ કાગળ ફેંકીને બીજો લીધો હશે. અને એમાંથી નોંધ કરતો હશે ત્યાં જ તમે પાછા ફર્યા હશો. તમને એકાએક આવતા સાંભળી એને બહુ ઉતાવળે એ કામ પડતું મૂકવું પડયું હશે, કારણ એને આ કાગળો પાછા હતા તેમ મૂકી દેવાનો સમય પણ મળ્યો લાગતો નથી.' પછી હોમ્સે સોમ્સને પૂછયું : 'તમે આવતા હતા ત્યારે કોઈના નાસી જવાનાં પગલાં સાંભળ્યાં હતાં ?'

'ના. એવું કંઈ સંભળાયાનો મને ખયાલ નથી.'

'વારુ, એણે એટલી ઉતાવળે નોંધ લખવા માંડી હશે કે એમાં એની પેન્સિલની અણી તૂટી ગઈ, અને તમે જોયું તેમ, એને એ ફરી છોલવી પડી છે. આ એક રસમય મુદ્દો છે.' અને પેન્સિલનાં છોડાં જોતાં જોતાં ઉમેર્યું : 'એની અણી પોચી છે. પેન્સિલનો બહારનો રંગ ઘેરો ભૂરો છે. એના પર રૂપેરી અક્ષરે છપાએલા બનાવનારના નામના છેલ્લા અક્ષરો આ છોડાં પર લાગે છે. એટલે પેન્સિલનો એ છેડાનો દોઢ બે ઇંચ લાંબો ભાગ જ હશે. મિ. સોમ્સ ! આ પેન્સિલ વાપરનારને શોધી કાઢો. એ જ તમારો ચોર હશે. વળી, આ છોડાં પરથી લાગે છે કે જેનાથી એણે પેન્સિલ છોલી છે તે ચપ્પુ પણ જરા બુઠ્ઠી ધારવાળું હશે. આ પણ એક વધારેનો મુદ્દો છે.'

હોમ્સને આમ એક પછી એક તારણ કાઢતો જોઈ. મિ. સોમ્સ તો આશ્ચર્યચકિત થતા જતા હતા. એમણે કહ્યું : 'તમારા મુદ્દાઓ તો સમજી શકાય તેવા છે, પણ હવે આટલો સમય ગયા પછી...'

પણ એ ન સાંભળતાં હોમ્સે એક મોટું છોડું ઉપાડી બતાવ્યું: 'આ જુઓ, એના પર બે એન છપાએલા દેખાય છે. પેન્સિલ બનાવનારના નામના કોઈ શબ્દના છેડાના એ બે અક્ષરો લાગે છે. છેડે બે એન આવે એવું નામ તમે જાણતા હો તો જોહાન (Johann) ફેબરનું છે. પેન્સિલ બનાવનાર તરીકે એ જાણીતું નામ છે. આના પરથી નથી લાગતું કે આ બે એન પછી બહુ વધુ લખાણ નહિ હોય અને એટલે લખનાર પાસે પેન્સિલનો છેડાનો નાનો ટુકડો જ બચ્યો હશે ?' પછી એણે જ્યાં બેસીને નકલ ઉતારાઈ હશે એ નાનું ટેબલ પણ જોઈ લીધું, પણ તેમાં એને ઉપયોગી એવી ખાસ કંઈ માહિતી મળી નહિ. ત્યાર બાદ મોટું મુખ્ય ટેબલ તપાસતાં તેના પર પડેલો માટીનો નાનો લોંદો જોતા કહ્યું : 'આ તમે કહેલો એ લોંદો લાગે છે. એમાં લાકડાનો વહેર પણ ભળેલો છે. આ એક અગત્યનો મુદ્દો છે. અને આ ચામડા પરનો કાપો. પ્રથમ પાતળો અને છેડે જતાં પહોળો થએલો છે. સારું થયું મિ. સોમ્સ, તમે મને આ બનાવમાં ખેંચી લાવ્યા. વારુ, આ સામેનું બારણું ક્યાં ખૂલે છે ?'

'મારા બેડરૂમમાં.'

'તમને આ બનાવની જાણ થયા પછી ત્યાં અંદર ગએલા!'

'ના, હું સીધો તમારી પાસે જ આવેલો.'

'તો તો મને એ જોઈ લેવા દો. તમે બંને હમણાં અહીં જ રહો.'

હોમ્સે બેડરૂમ જોયો. ત્યાં એક પર્દો હતો ને તેની પાછળ મિ. સોમ્સનાં વસ્ત્રો લટકતાં હતાં. આ સિવાય ત્યાં છુપાઈ શકાય એવું કોઈ સ્થાન નહોતું. પલંગ પણ એટલો નીચો હતો કે તેની તળે કોઈ છુપાઈ શકે નહિ. એક કબાટ હતો તેમાં પણ પેસી શકાય તેમ નહોતું. એવામાં હોમ્સની નજરે કંઈ પડયું. હું સમજી ગયો કે તેને કંઈ મહત્ત્વની નિશાની હાથ લાગી છે. વાંકા વળી એણે કંઈક ઉઠાવ્યું ને બત્તીના અજવાળામાં એ તપાસતાં બોલ્યા : 'લાગે છે કે તમારો ચોર અહીં પણ પેઠો હશે.' 'પણ અહીં બેડરૂમમાં શા માટે આવે ?'

'હું ધારું છું કે સમગ્ર બનાવ હવે સ્પષ્ટ થઈ જાય છે. મિ. સોમ્સ, તમે પેલાએ ધાર્યા કરતાં જુદા જ માર્ગે પાછા ફર્યા હતા. તમે છેક નજીક આવી ગયા ત્યાં સુધી એને તમારા આગમનની જાણ થઈ શકી નહિ. અને પછી તો બહાર નાસવાનો પણ સમય રહ્યો નહિ, એટલે પોતે ઓળખાઈ જાય એવી બધી વસ્તુઓ ઉતાવળે એકઠી કરી લઈ એ અહીં આ બેડરૂમમાં આવી છુપાઈ ગયો હશે.'

'મતલબ કે, હું બૅનિસ્ટરને પૂછપરછ કરી રહ્યો હતો ત્યારે પણ એ અહીં અંદર જ હતો. અને જો મેં બેડરૂમમાં પણ જોયું હોત તો એ પકડાઈ પણ ગયો હોત.' 'હા, મને એમ જ લાગે છે.'

'પણ મિ. હોમ્સ, તમે બેડરૂમની બારી જોઈ ?'

'હા, તે માર્ગે એ અંદર આવી શકે એમ લાગે છે. ત્યાંથી એ અંદર આવ્યો હોય. અહીંથી મળેલો માટીનો લોંદો એની નિશાની હોઈ શકે. અહીંથી એ બેઠકખંડમાં આવે, ને ત્યાંના બારણાની કળ વાસેલી નહોતી એટલે એ માર્ગે એ બહાર નીકળી ગયો હોય એમ તમને લાગે છે ને ?' પછી ઉમેર્યું. 'આપણે જરા વ્યાવહારિક રીતે વિચારીએ. અહીં ઉપરના માળે ત્રણ વિદ્યાર્થીઓ રહે છે, ખરું ? અને એ ત્રણે તમારા બેઠકખંડના દરવાજા પાસે થઇને જ ઉપર આવજા કરે છે. અને એ ત્રણે આ પરીક્ષા આપવાના છે ?' 'હા.'

'તો પછી એ ત્રણમાંથી કોઈ એક અહીં આવ્યો હોય એવી તમને શંકા જાય છે ?'

'બહુ નાજુક પ્રશ્ન છે,' મિ. સોમ્સ જરા અચકાતા બોલ્યા. 'સાબિતી વિના કોઈના પર શંકા કેમ લાવી શકાય?

'તમે શંકાનું જ કહો, સાબિતીની બાબત હું સંભાળી લઈશ'.

'વારુ, હું તમને એ ત્રણે વિષે ટૂંકમાં કહું, પહેલા માળે ગિલક્રિસ્ટ રહે છે. ભણવામાં હોશિયાર અને રમતગમતનો ખેલાડી છે. કૉલેજની રગ્બી અને ક્રિકેટ ટીમમાં રમે છે. લૉંગ જમ્પમાં એણે ઈનામ પણ લીધું'

છે. સર જાબેઝ ગિલક્રિસ્ટનો એ પુત્ર છે. તમે તો જાણતા હશો કે સર જાબેઝે ઘોડદોડમાં બહુ પૈસા ગુમાવ્યા છે અને હાલમાં એમની આર્થિક હાલત નબળી છે. પણ એમનો આ પુત્ર બહુ મહેનતુ ને અભ્યાસુ છે. પરીક્ષામાં પણ સારા માર્ક લાવી શકે તેટલો હોશિયાર છે.

'બીજે માળે દોલત રાજ રહે છે. એને પણ પરીક્ષામાં વાંધો આવે નહિ એટલો એ હોશિયાર છે. આડીતેડી બાબતમાં એ પડે તેવો નથી. જો કે ગ્રીક ભાષામાં એ જરા નબળો ખરો.'

'ત્રીજે માળે મિલ્સ મૅક્લારેન રહે છે. એ જો ધ્યાન દઇને ભણે તો યુનિવર્સિટીમાં નામ કાઢે એટલો ચબરાક ને બુદ્ધિશાળી છે. પણ બધો સમય એણે આળસ અને રખડવામાં જ ગાળ્યો છે. આ પરીક્ષામાં પાસ થવા માટે એ બહુ આતુર છે.'

'એટલે તમને એના પર શક છે?'

'એમ તો હું ન કહું, પણ આ ત્રણેયમાં કદાચ એ...' 'અચ્છા આપણે હવે બૅનિસ્ટરને મળીએ.'

બૅનિસ્ટર બેઠી દડીનો સીધોસાદો આદમી હતો. આજના બનાવથી એ હજી યે અસ્વસ્થ હતો. હોમ્સે એને જે પ્રશ્નો પૂછ્યા એના ઉત્તરમાં એણે કહ્યું કે હમેશ પ્રમાણે સાડા ચારે એ મિ. સોમ્સ માટે ચાની ટ્રે લઇને આવેલો. અને એમના ખંડમાં પણ ગએલો. મિ. સોમ્સ હતા નહિ એટલે એ તુરત પાછો ફર્યો અને જતી વખતે હાથમાં ટ્રે હોઈ એ ચાવી બારણાની કળમાં જ રહેવા દઇને ગએલો. પછી ત્યાંથી ચાવી કાઢી લેવાનું એ ભૂલી જ ગયો. જ્યારે મિ. સોમ્સે એને બોલાવ્યો ત્યારે શું બન્યું હતું એ જાણીને આટલાં વર્ષોની એની નોકરીમાં આવું પહેલી જ વાર બન્યુ હોઈ એને ઘણો આઘાત લાગ્યો, ને એથી એ બેભાન જેવો થઈ ખુરશીમાં ફસડાઈ પડ્યો. હોમ્સે એને એ પણ પૂછ્યું કે એ આજે જ કેમ ચાવી ભૂલી ગયો? એના જવાબ એણે એ પણ કહ્યું કે અગાઉ પણ ક્યારેક એવું બનેલું. છેલ્લે હોમ્સે એને પૂછ્યું કે જ્યારે મિ. સોમ્સ એનો પૂછતાછ કરતા હતા ત્યારે એ ક્યાં ઊભો હતો.

'અહીં બારણાં પાસે.'

'તો પછી તું અહીં વચ્ચે પડેલી ખુરશી છોડીને છેક બારી પાસેની ખુરશી પર આવીને કેમ બેસી પડ્યો?'

'એનો મને કંઈ જ ખયાલ નથી, સાહેબ.'

'વારુ, એ પછી મિ. સોમ્સ અહીંથી ગયા ત્યારે યે તું અહીં જ હતો?'

'થોડી જ વાર. તે પછી હું ખંડનું બારણું વાસી ચાવી લઇને મારા ખંડમાં ચાલ્યો ગએલો.' 'તને કોઈના પર શક જાય છે?'

'ના જી, આવું કરવામાં કોઇને શો લાભ હોય એ મને સમજાતું નથી.'

'સારું. હવે છેલ્લો પ્રશ્ન. તેં આ વિષે કોઇને ય કંઈ કહ્યું છે?' 'ના, જી.'

ત્યાર બાદ હોમ્સના સૂચનથી અમે ઉપરના માળે રહેતા ત્રણે વિદ્યાર્થીઓને મળવા ગયા. ત્રણે માળે બત્તી બળતી હતી. બીજા માળ પરનો હિંદી વિદ્યાર્થી પોતાના ખંડમાં આંટા મારી રહ્યો હતો એમ એની બારીના પર્દા પર પડતા એના પડછાયા પરથી લાગ્યું. હોમ્સે ઓળખ આપ્યા વિના જ સૌનાં બારણા ખોલાવવા સૂચન કર્યું.

પહેલે માળે ગિલક્રિસ્ટના ખંડમાં કેટલીક જૂની કોતરણી જોઈ એનો સ્કેચ કરવાને બહાને હોમ્સે એની પાસેથી પેન્સિલ માગી. આવું જ નાટક એણે હિંદી વિદ્યાર્થીના રૂમમાં પણ કર્યું. જ્યારે ત્રીજાએ તો બારણું પણ ખોલ્યું નહિ અને અંદરથી ચીડાઇને કહ્યું કે આવતી કાલે પરીક્ષા હોઈ એ કોઇને મળવા ઇચ્છતો નહોતો. હોમ્સે એની ઊંચાઈ વિષે પૂછ્યું. 'ચોક્કસ તો ન કહી શકું પણ એ હિંદી વિદ્યાર્થી કરતાં ઊંચો છે, પણ ગિલક્રિસ્ટ જેટલો લાંબો નથી.' મિ. સોમ્સે કહ્યું.

એ પછી મિ. સોમ્સને ધરપત આપીને અમે અમારા ઉતારે પાછા ફર્યા. નીકળતાં પહેલાં હોમ્સે પેલાં પેન્સિલનાં છોડાં ને માટીના બે લચકા પોતાની સાથે લઈ લીધા. બહાર નીકળી હોમ્સે મારો અભિપ્રાય પૂછ્યો.

'ઉપરના માળે પેલો રખડેલ છોકરો ભણવામાં નબળો છે, વળી એનો ઇતિહાસ પણ બહુ સારો નથી. બીજો પેલો હિંદી વિદ્યાર્થી પણ અસ્વસ્થ લાગ્યો. પોતાના ખંડમાં એ કદાચ એટલે જ આંટા મારી રહ્યો હતો.'

'એમ તો આંટા મારતાંમારતાં ગોખવાની ઘણાને ટેવ હોય છે. ને પરીક્ષાના વખતે કોઈ ખલેલ કરે એ ઘણાને ન ગમે.'

'તો પછી કદાચ બેનિસ્ટર?' 'ના, એ તો પ્રામાણિક જ લાગે છે.'

એ પછી અમે એ વિસ્તારની જે બેચાર દુકાનો હતી ત્યાં પેલી પેન્સિલનાં છોડાં બતાવી એવી જ પેન્સિલ માટે તપાસ કરી. પણ એમાં નિરાશા જ મળી. અંતે ઉતારે પહોંચી ગયા.

બીજા દિવસે આઠેક વાગ્યે અમે ચા-નાસ્તો લીધા વિના જ મિ. સોમ્સને મળવા ઊપડ્યા. મને લાગ્યું કે આગલા દિવસના બનાવનો ઉકેલ હોમ્સે શોધી કાઢ્યો હોવો જોઇએ. એ વિષે મેં પૂછ્યું ત્યારે એણે કહ્યું કે વહેલા છ વાગ્યે ઊઠીને એણે પાંચેક માઈલમાં રખડપટ્ટી કરી હતી ને જે શોધી કાઢ્યું તે બતાવ્યું. એના હાથમાં માટીના ત્રણ લચકા હતા. હું એ ઓળખી ગયો. બે તો આગલા દિવસે મિ. સોમ્સને ત્યાંથી આણેલા એ જ હતા. પણ આ ત્રીજો ક્યાંથી આવ્યો? એ અંગે મેં પૂછ્યું.

'એ આજે સવારે હું લઈ આવ્યો છું. પેલા બે જ્યાંથી આવ્યા ત્યાંથી જ'.

મિ. સોમ્સ ખરેખર જ ચિંતિત હતા. કદાચ રાતભર પૂરું ઊંઘી પણ શક્યા નહિ હોય. અમને જોતાં જ એ સામા દોડી આવ્યા અને બોલ્યા: 'સારુ થયું તમે આવી ગયા. મને તો ડર હતો કે તમે કાલના બનાવમાં રસ લેવો છોડી દીધો હશે. હવે કહો મારે શું કરવું? આજની પરીક્ષા રદ તો નથી કરવાની ને?'

'ના, ના. તમે બિલકુલ બેફિકર રહી પરીક્ષા અંગે આગળ વધો.'

'પણ કાલના ચોરનું શું?'

'એને પરીક્ષામાં બેસવા નહિ દઇએ.' અને પછી ઉમેર્યું: 'જુઓ, ગઈ કાલની વાત દાબી દેવાની હોય તો આપણે થોડી છૂટ લઇને કેટલાંક પગલાં લેવાં પડશે. આપણે અહીં ખાનગી કોર્ટ-માર્શલ જેવું ગોઠવીએ જેથી આપણો ગુનેગાર જરા ગભરાઈ જાય.' ને પછી એમણે મિ. સોમ્સને બૅનિસ્ટરને બોલાવવા કહ્યું. અમારી નાટકીય ગોઠવણ જોતાં એ હેબતાઈ જ ગયો હતો. હોમ્સે ખંડનું બારણું બંધ કરાવ્યું ને પછી આગલા દિવસના બનાવ અંગે સાચેસાચી હકીકત કહેવા કહ્યું.

'મેં આપને બધું જ કહી દીધું છે, સાહેબ.'

'એમ? તો હવે હું એમાં થોડું વધુ સૂચવું.' હોમ્સે કહેવા માંડ્યું: 'ગઈ કાલે તું પેલી બારી પાસેની ખુરશી પર બેસી પડ્યો ત્યારે પેલી ખુરશી પર એવી કોઈ ચીજ હતી કે જે અહીં અંદર આવનારને ઓળખાવી દે, ને એ જોઇને એને સંતાડવા તું એના પર બેસી ગએલો? અલબત્ત, આ તો મારો ખયાલ છે. એની કોઈ સાબિતી મારી પાસે નથી. પણ એવું બની શકે ખરું; ને જ્યારે મિ. સોમ્સ અહીંથી નીકળ્યા ત્યારે તેં એમના બેડરૂમમાં સંતાએલા આદમીને બહાર જવા દીધો હોય.'

'અંદર કોઈ નહોતું, સાહેબ.' બૅનિસ્ટર હવે થોથવાવા લાગ્યો.

'જો એમ હોય તો તને કંઈ પૂછવાનો હવે અર્થ નથી. ખેર; તું અહીં જ એક બાજુ ઊભો રહે.' અને પછી હોમ્સે મિ. સોમ્સને કહ્યું: 'હવે તમને જરા તસ્દી આપું. તમે ઉપરથી ગિલક્રિસ્ટને અહીં બોલાવી લાવો.'

ગિલક્રિસ્ટે આવતાં જ અમારા સૌ પર નજર ફેરવી ને પછી બૅનિસ્ટર પ્રતિ બેધક નજરે તાકી રહ્યો. એને બારણું વાસવાનું કહ્યા પછી હોમ્સે બોલવા માંડ્યું:

'જો ગિલક્રિસ્ટ, આપણે હવે અહીં એકલા જ છીએ. અહીં આપણે

જે વાત કરીશું એ ખાનગી જ રહેશે. અમારે એ જાણવું છે કે તારા જેવા સજ્જન ને હોશિયાર વિદ્યાર્થીને ગઈ કાલે તેં જે કર્યું એ કેમ સૂઝ્યું ?'

ગિલક્રિસ્ટ હવે બૅનિસ્ટર પ્રતિ આંખમાંથી અંગારા વરસાવવા લાગ્યો. બૅનિસ્ટર શિયાંવિયા થઈ ગયો ને બોલી ઊઠ્યો : 'ના, સાહેબ. મેં કશું કહ્યું નથી—એક અક્ષરે નહિ.'

'હા, અત્યાર સુધી કંઈ જ કહ્યું નહોતું, પણ હવે બોલાઈ ગયું.' હોમ્સ તુરત બોલી ઊઠ્યો, અને પછી ગિલક્રિસ્ટ તરફ ફરીને કહ્યું : 'વારું, ગિલક્રિસ્ટ, તું જુએ છે કે તારી સ્થિતિ હવે તદ્દન બદલાઈ ગઈ છે. સારો રસ્તો એ જ છે કે તું નિખાલસપણે બધું કબૂલી દે.'

થોડી વાર તો ગિલક્રિસ્ટ ધૂંધવાતો રહ્યો, પણ પછી એ ઠીલો પડી જઈ બે હાથ વચ્ચે મોં છુપાવી ડૂસકાં ભરવા લાગ્યો.

'કંઈ વાંધો નહિ,' હોમ્સે એને ધરપત આપવા માંડી : 'ભૂલ તો સૌ કોઈથી થઈ જાય. અને તને કોઈ ગુનેગાર નહિ ઠેરવે. જો કાલે શું બનેલું તે હું કહું છું. એમાં મારી ભૂલ થાય તો સુધારજે. તને અન્યાય થાય એવો મારો ઈરાદો નથી જ.' અને પછી હોમ્સે બોલવા માંડ્યું :

'જુઓ મિ. સોમ્સ. મારા ધારવા પ્રમાણે કાલે આમ બન્યું હશે. તમે કાલે મને કહ્યું કે આ ગ્રીક પ્રશ્નપત્રોનાં પ્રૂફ તમારી પાસે આવ્યાં એની છાપખાનાવાળા સિવાય કોઇને યે જાણ નહોતી. પેલો હિંદી વિદ્યાર્થી અહીં આવેલો એ પણ પેપરના વીંટાને ઓળખી શક્યો નહિ હોય. બીજી બાજુ તમારી ગેરહાજરીમાં કોઈ અહીં અંદર આવવાનું સાહસ કરે અને અકસ્માત જ એને આ પ્રશ્નપત્ર અહીં મળી જાય એવો જોગાનુજોગ પણ અકલ્પિત છે. એટલે અંદર આવનારને પ્રશ્નપત્રની જાણ હોવી જ જોઇએ. અને એ જાણ કઈ રીતે થઈ હશે?

'જ્યારે આપણે અહીં આવ્યા ત્યારે બહારથી મેં તમારા રૂમની બારી જોઈ હતી. તમને લાગ્યું કે ત્યાંથી અંદર આવી શકાય કે નહિ એ હું જોતો હોઈશ. પણ ધોળે દિવસે કોઈ ત્યાંથી અંદર પેસે એ ખયાલ જ ખોટો છે. મેં એ બારીમાંથી અંદર નજર નાખી શકાય એટલી એ ઊંચી છે કે નહિ એ તપાસ્યું હતું. હું છ ફૂટ લાંબો છું, અને મારે પણ અંદર જોવા ઊંચા થવું પડ્યું હતું. મતલબ એ કે પૂરતી ઊંચાઈવાળો માણસ જ એ કરી શકે. પછી ગિલક્રિસ્ટનું તમે વર્ણન કર્યું ત્યારે જ મારા મનમાં લગભગ બધું સ્પષ્ટ થઈ ગયું. પછી તો મારે માત્ર સાબિતી જ એકઠી કરવાની રહી હતી, જે મેં મેળવી લીધી.

'આ યુવાન લૉંગજમ્પની પ્રેક્ટિસ કરીને પાછો ફરતો હશે ત્યારે એના લૉંગજમ્પ માટેના બૂટ હાથમાં લઈને આવતો હશે. તમે જાણો છો કે એવા બૂટમાં તળિયે ખાસ પ્રકારના ખીલા જડેલા હોય છે. તમારી બારી પાસેથી પસાર થતાં પોતાની ઊંચાઇને કારણે એણે ત્યાંથી તમારા ટેબલ પર પ્રૂફ જોયાં હશે. પછી એણે બારણાંમાં ચાવી ભરાએલી જોઈ હશે. એ જ વખતે એને એકાએક ખાતરી કરવા અંદર અવીને જોવાની ઈચ્છા થઈ હશે, અને એણે જ્યારે જોયું કે એ પ્રશ્નપત્રો જ હતા એટલે એની નકલ કરવાની લાલચ એ રોકી શક્યો નહિ.' પછી એકાએક હોમ્સે ગિલક્રિસ્ટને પૂછ્યું : 'અને તેં પેલી ખુરશી પર શું મૂક્યું હતું?'

'હાથમોજાં.' એણે ઉત્તર આપ્યો.

બૅનિસ્ટર પ્રતિ વિજયભરી એક નજર નાખી હોમ્સે આગળ ચલાવ્યું : 'એ હાથમોજાં પેલી ખુરશી પર મૂકી એ કામે લાગી ગયો. એને એમ કે તમે મુખ્ય માર્ગેથી જ પાછા ફરશો. એનો ખયાલ રહે એટલે એ બારી પાસેના ટેબલનો એણે ઉપયોગ કર્યો. પણ તમે તો બાજુના માર્ગેથી આવ્યા. એને નાસવાનો સમય રહ્યો નહિ એટલે પોતાની ચીજો ઉતાવળે એકઠી કરી એ બેડરૂમમાં સંતાઈ ગયો. પણ પેલાં હાથમોજાં ખુરશી પર જ રહી ગયાં. પેલો ટેબલના ચામડામાં પડેલો કાપો એના બૂટમાં જડેલા ખીલાથી પડ્યો. એ કાપાની દિશા પણ એ બેડરૂમ તરફ નાઠો હશે તેમ સૂચવે છે. બૂટમાં ચોંટેલી માટીનો એક લચકો ટેબલ પર રહી ગયો. ને બીજો બેડરૂમમાંથી મળ્યો. મારી ધારણાને એ પુષ્ટિ આપે છે. એ માટી રમતગમતના મેદાન પરના લૉંગજમ્પ માટેના ખાડામાં પૂરેલી માટીની જ છે એની ખાતરી આજે સવારે મેં કરી લીધી. આજે વહેલી સવારે મેં આણેલો ત્રીજો લચકો ત્યાંનો જ છે.' ને પછી હોમ્સે ગિલક્રિસ્ટને જ સવાલ કર્યો : 'કેમ, મારી ધારણા બરાબર જ છે ને ?' ગિલક્રિસ્ટે એ ખરી હોવાનું કબૂલ્યું.

'તો તારે હવે એમાં કંઈ ઉમેરવાનું નથી ?'

'છે. આ નાલેશીભરી ચેષ્ટા બદલ મને બહુ પસ્તાવો થાય છે. આજે સવારે જ મેં આ પત્ર લખી રાખ્યો છે.' એણે એક પત્ર મિ. સોમ્સને આપતાં કહ્યું : 'એ લખ્યો ત્યારે મારી આ ચેષ્ટા ઉઘાડી પડી ગયાની મને ખબર નહોતી. પણ તમે એમાં જોશો કે આ પરીક્ષા આપવાનું મેં માંડી વાળ્યું છે. ર્‍હોડેશિયામાં પોલીસ ખાતામાં મને સારી નોકરી મળી ગઈ છે. અને હું તેમાં જોડાવા જઈ રહ્યો છું.'

'મળેલી તકનો ગેરલાભ લેવાની તારી દાનત નથી એ જાણી મને આનંદ થાય છે. પણ તેં તારો ઈરાદો કેમ બદલ્યો ?' મિ. સોમ્સે પૂછ્યું.

'એનો યશ આ માણસને ઘટે છે.' એણે બૅનિસ્ટર તરફ નિર્દેશ કરતાં કહ્યું. 'એણે જ મને ખોટે રસ્તે જતો બચાવ્યો છે.'

'બૅનિસ્ટર, મિ. સોમ્સના ગયા પછી બારણે તાળું વાસીને તું ગયો હોત તો ગિલક્રિસ્ટ પકડાઈ જ જાત. કારણ કે બારીના માર્ગે નાસી જવું શક્ય નથી લાગતું. પણ તેં એમ કેમ ન કર્યું ?' હોમ્સે પૂછ્યું.

'એમ થઈ શકત. પણ સાહેબ, તમે નથી જાણતા કે એક સમયે મેં એનાં પિતા સર જાબેઝને ત્યાં બબરચી તરીકે નોકરી કરેલી છે. એમના આ યુવાન પુત્રને મેં મારા ખોળામાં રમાડેલો છે. મને એના પ્રત્યે ભાવ છે. જ્યારે મને મિ. સોમ્સે પૂછતાછ માટે બોલાવ્યો ને મેં જે કંઈ બન્યું તેની વાત જાણી ત્યારે પેલી ખુરશી પર પડેલાં હાથમોજાં પર મારી નજર પડી ગઈ. એનાથી એ ચોક્કસ પકડાઈ જાય તેમ છે એ હું સમજી ગયો ને મને સારું ન લાગ્યું. એને બચાવી લેવા હું એ હાથમોજાં પર બેસી ગયો. મિ. સોમ્સના ગયા પછી એણે મારી પાસે આવીને પોતાની ભૂલ કબૂલી લીધી. અને મારે મન એ મારા દીકરા જેવો હોઈ એને આવો ગેરલાભ ઉઠાવવો સારો નહિ એમ મેં એને સમજાવ્યો. મને લાગે છે કે હું એને માટે આટલું કરું એ સ્વાભાવિક છે. આટલું તો ક્ષમ્ય ગણશોને, સાહેબ?'

'જરૂર, તને દોષ દેવાય નહિ.' અને ખુરશીમાંથી ઊભા થતાં હોમ્સે ઉમેર્યું : 'મિ. સોમ્સ, તમારી ચિંતા દૂર થઈ ગઈ. હવે અમે ઊપડીએ.' અને ગિલક્રિસ્ટ તરફ ફરીને કહ્યું : 'અને યુવાન, મને શ્રદ્ધા છે કે તારું ભવિષ્ય ઉજ્જવળ હશે. એક વાર નીચા પડ્યા પછી હવે બતાવી આપજે કે તું કેટલો ઊંચો જઈ શકે છે.' □

સાબરકાંઠામાં મળી આવેલાં પ્રાચીન ગુફાચિત્રો

લેખકો • રવિ હજરનીસ અને એમ. ડી. વર્મા

પાષાણકાલીન વિવિધ ઓજારો અને અન્ય મળતા અવશેષોથી તત્કાલીન માનવના માત્ર અસ્તિત્વના પુરાવા મળે છે, પરંતુ માનવીની અંતઃચેતનાના પ્રવાહનો પરિચય તો તત્કાલીન કલાકૃતિઓથી જ મળી શકે. આજની સભ્યતાએ પહોંચવા માનવીએ જે પ્રયાસો આદર્યા તેમાં ચિત્રકલા પણ એક હતી.[1] ખડકોમાં આશ્રય લેનાર માનવનું જીવન સંઘર્ષમય હતું. જીવન ટકાવી રાખવા માટે કેટલા યે પ્રશ્નો ને સાધનોની અછતના તે સમયમાં પણ તેનામાં કલાની અજબ સૂઝ હતી.

પ્રાકૃતિક પોલાણ ધરાવતા ખડકોમાં આશ્રય લેનાર માનવે ચીતરેલાં ખડકચિત્રો વિશ્વના કેટલાય ભાગોમાં મળ્યાં છે. આ ચિત્રો વિષય, શૈલી તેમજ વસ્તુની દૃષ્ટિએ તે સમયના માનવજીવનનાં પ્રતીક સમાન છે: પ્રાણીઓ, તેમનો શિકાર, મનુષ્યનાં યુદ્ધદૃશ્યો, પૂજનીય પ્રતીકો, પક્ષીઓ, આયુધો વગેરે તત્કાલીન જીવનનાં પ્રતિબિંબ જ ગણી શકાય. પાષાણકાલીન ખડકચિત્રોનો વિષય એક એવી કલ્પના સાથે સંકલિત હતો જે વિશ્વનિયંતા છે, જેના નિયંત્રણમાં જન્મ, મૃત્યુ ને પુનર્જન્મ બધું જ છે.


આ પ્રકારનાં ખડકચિત્રો વિશ્વના ઘણા ભાગોમાંથી મળ્યાં છે: જેમ કે ફ્રાન્સ, સ્પેઈન, ઉત્તર આફ્રિકા, અને યુનાઇટેડ સ્ટેટ્સના નૈઋર્ત્ય ખૂણે. ભારતમાં તે અહિરોડા, ભેસોંર, રાજપુર, બાંદા, પંચમઢી, સાગર, ભાણપુરા-ચંબલ, કોટા, ભોપાલ, ભીમબેટકા, રાઇસેન, હોશંગાબાદ, શિવાની-માલવા, ફતેપુરસિક્રી, નરસિંહગઢ, રાઈચુર, કર્ણાટક, ટેકલકોટા, કિષ્કિન્ધા, બાદામી, કેરલ અને રાયગઢ વગેરે સ્થળોએ નોંધાયાં છે.

ગુજરાતમાં માનવ વસવાટના અન્ય પુરાવા તો પ્રાગૈતિહાસિક સમયથી મળે છે.[2] પરંતુ ભારતના અન્ય ભાગોની જેમ અહીં તત્કાલીન સમયનાં ચિત્રો શોધી શકાયાં ન હતાં. જોકે પંચમહાલના તરસંગ ગામ આગળ એક ગ્રેનાઈટ શૈલાશ્રય પર ગેરુથી ચિત્રિત કેટલાંક ચિત્રો મળ્યાં છે. પરંતુ તે અસ્પષ્ટ છે. એ ચિત્રો મ. સ. વિશ્વવિદ્યાલય વડોદરાના પુરાવસ્તુ વિભાગ દ્વારા શોધવામાં આવેલાં છે. તાજેતરમાં ગુજરાત રાજ્યના પુરાતત્ત્વખાતાને ઈડર ને તેની આસપાસના પ્રદેશમાં સંખ્યાબંધ શૈલાશ્રયો અને તેમાં દોરેલાં ચિત્રો મળી આવ્યાં છે. સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ઈડર, સાંપાવાડા ને લાલોડા તેનાં કેન્દ્ર છે.

ઈડર ક્ષેત્ર અને તેની આસપાસ ગ્રેનાઈટના નાના ખડકો છે. આ નાના ખડકો છૂટાછવાયા ઈડરની દક્ષિણે હિંમતનગર સુધી છે. પ્રાકૃતિક બળાબળોને કારણે પૃથ્વીના ગર્ભ અને સપાટી ઉપર થતા ફેરફારને પરિણામે રચાતા ખડકોમાં અમુક ચોક્કસ પ્રકારના વાતાવરણને લીધે તેમાં પાછળથી ફેરફારો થાય છે. પરિણામે ખડકો ગોળ અને નીચેથી કપાએલા બને છે અને ખડકોની પોતાની રચનાના ગુણધર્મ મુજબ તેમાં ગુફાઓ કે બખોલો સામાન્ય રીતે બની જતી હોય છે.[3] ગ્રેનાઈટ સાધારણ રીતે સુંવાળી કે ખરબચડી સપાટી (Texture) ધરાવતા હોય છે.

શૈલાશ્રયો (ગુફાઓ)નું વર્ણન અને ચિત્રોનું સામ્ય


ગુફા નંબર ૧—આ શૈલાશ્રય સાંપાવાડા ગામથી આશરે ૧ કિલોમીટર દક્ષિણ-પૂર્વે આવેલ છે. તે દક્ષિણાભિમુખ છે ને પૂર્વ-પશ્ચિમ ૧૭ મીટરની પહોળાઈ, લગભગ તેટલી જ ઊંચાઈ અને આશરે ત્રણ મીટરની ઊંડાઈ ધરાવે છે. આ શૈલાશ્રયની અંદરનાં તેમ જ બહારનાં મળીને કુલ ૬ ચિત્રો મળ્યાં છે, જેમાં પશુ, પક્ષીઓ અને પ્રતીક ચિહ્નો છે. અહીંનાં પક્ષીચિત્રો મધ્ય પ્રદેશના મીરજાપુર જિલ્લાના ભલદરિયા




△ સાંપાવાડાના શૈલાશ્રય નં. ૧માં ચિત્રિત પક્ષીઓ અને (નીચે) આ શૈલાશ્રયવાળો ખડક ▽

શૈલાશ્રયનાં પક્ષીચિત્રો સાથે નિકટનું સામ્ય ધરાવે છે.[4] સાંપાવાડાનાં પક્ષીચિત્રોના કલાકાર ભલદરિયાના કલાકાર કરતાં કંઈક વધુ કુશળ હોવાનો સંભવ છે. ભલદરિયાનાં પક્ષીચિત્રોના મરોડ કોણદાર છે જ્યારે સાંપાવાડાનાં પક્ષીચિત્રોમાં મરોડ ગોળ લેવામાં આવ્યા છે, જે વાસ્તવિકતાની વધુ નજીક છે. ભલદરિયાનાં પક્ષીચિત્રોનો સમય લગભગ નવાશ્મ-તામ્રપાષાણ કાલ છે.

ગુફા નંબર ૨—શૈલાશ્રય નં ૧ થી ૧ ફર્લાંગ દક્ષિણ-પશ્ચિમે શૈલાશ્રય નંબર ૨ આવેલ છે. આ શૈલાશ્રય દક્ષિણાભિમુખ છે. તેની પહોળાઈ ૨૫ મીટર, ઊંચાઈ પાંચ મીટર અને ઊંડાઈ લગભગ છ મીટર છે. આમાં કુલ છ ચિત્રો છે–જેવાં કે શ્વાન, મયૂર, હાથીસવાર (?) તેમ જ અન્ય પ્રતીકો. આ શૈલાશ્રયની છતમાં ચિત્રિત હાથીસવાર ઓછામાં ઓછી અને જરૂર પૂરતી રેખાઓથી બનાવવામાં આવેલો છે, છતાં તેની રેખાઓનું બળ (Force) આકર્ષક છે. અહીં બે અક્ષરો બ્રાહ્મી લિપિના છે જેમાં 'મો–રા' લખેલું વંચાય છે.[5] અક્ષરો તેના મરોડ પરથી ઈસુની બીજી સદીના હોવાનું અનુમાન છે. અક્ષર સિવાયનાં અન્ય ચિત્રોને મધ્યપ્રદેશનાં ચિત્રોના પ્રકાર(Style) નંબર ૮ સાથે સરખાવી શકાય.[6] મધ્ય પ્રદેશનાં આવાં ચિત્રો નવાશ્મ-તામ્રપાષાણકાલીન હોવાનો સંભવ છે.





સાબરકાંઠાનાં ઈડર, સાંપાવાડા અને લાલોડાનાં શૈલાશ્રયોમાં મળી આવેલાં પ્રાચીન ચિત્રામાંનાં કેટલાંકનાં રેખાંકન.

ગુફા નંબર ૩—શૈલાશ્રય નંબર ૩, સાંપાવાડાના મહાકાલી મંદિરની સામે ઉત્તરે અરધો કિલોમીટરના અંતરે આવેલ છે. આ શૈલાશ્રય ઉત્તરાભિમુખ છે. તેની પહોળાઈ ૧૩·૫૦ મીટર, ઊંચાઈ પાંચ મીટર અને ઊંડાઈ ચાર મીટર લગભગ છે. આ ખડકમાં ગેરુઆ રંગે ચીતરેલાં કુલ નવ ચિત્રો છે. જેમાં જંગલી બળદ (Bison), સૂર્ય, ચંદ્ર, મયૂર અને પ્રતીકો કે આયુધો છે. આ શૈલાશ્રયની અંદરના જમીન-તળ પરથી લઘુ-પાષાણ ઓજારો મળી આવેલાં છે.

ગુફા નંબર ૪—આ ગુફા ઈડર ખાતે ઇડરિયાગઢની બરાબર સામે પૂર્વ દિશાએ આવેલી છે. તે ઉત્તર-દક્ષિણ પ્રસરેલી છે ને પશ્ચિમાભિમુખ છે. તેની પહોળાઈ ૧૦·૫૦ મીટર, ઊંચાઈ ત્રણ મીટર ને ઊંડાઈ ૧૬·૫૦ મીટર છે. આની છતમાં ગેરુથી દોરેલાં ચિત્રો છે, જેમાં અંકોડો, તીર-કમાન, ચોરસ અને ગોળ પ્રતીકો મળી કુલ પાંચ ચિત્રો છે.

ગુફા નંબર ૫—સાંપાવાડાના મહાકાલી મંદિરની સામે ઉત્તર-પૂર્વે ૧ કિલોમીટરના અતરે આ ગુફા આવેલી છે. ઉત્તર-દક્ષિણ પ્રસરેલી તથા પશ્ચિમાભિમુખ આ ગુફા લગભગ ૩૫ મીટરની પહોળાઈ, આઠ મીટરની ઊંચાઈ અને ૧૧·૫૦ મીટરની ઊંડાઈ ધરાવે છે. તેની ભીંત પર કુલ બે ચિત્રો છે. આ ચિત્રોનો આશય સ્પષ્ટ થતો નથી, પરંતુ કદાચ તે વાજિંત્ર કે વહાણવટાનાં સૂચક હોઈ શકે.

નંબર ૬ થી ૧૩ એમ કુલ આઠ શૈલાશ્રયો સાંપાવાડાની પૂર્વે લાલોડા ગામની પાસે આવેલા નાના ખડકોની હારમાળા પર સ્થિત છે.

ગુફા નંબર ૬—આ શૈલાશ્રય ઉત્તરાભિમુખ છે તેમ જ પૂર્વ-પશ્ચિમ તેનો પ્રસાર છે. તેની પહોળાઈ ૫·૫૫ મીટર, ઊંચાઈ ૨·૨૦ મીટર તેમ જ ઊંડાઈ ૨·૭૦ મીટર છે. આમ એ પ્રમાણમાં ઘણું નાનું છે. તેમાં ગેરુ રંગે દોરેલાં કુલ ૯ ચિત્રો છે; જેમાં જુદાંજુદાં પ્રતીકો વૃષભ, મહિષનું મસ્તક, પ્રાણીનો પગ, શ્વાન, ગજ (હાથી) તીર-કમાન વગેરે દૃશ્યમાન છે. અહીંના મહિષમસ્તકના ચિત્રને ફ્રાંસના દોરદોગ્નેના મોન્ટીગ્ને પાસેના લાસ્કોક્સ શૈલાશ્રયનાં પ્રાણીઓનાં મસ્તક સાથે સરખાવી શકાય.[૭]

ગુફા નંબર ૭—શૈલાશ્રય નંબર ૬ થી ૨ ફર્લાંગ દક્ષિણે આવેલ આ શૈલાશ્રય ઉત્તરાભિમુખ હોવા સાથે પૂર્વ-પશ્ચિમ પ્રસરેલું છે. તેની પહોળાઈ આશરે ૧૫ મીટર, ઊંચાઈ ૬ મીટર, અને ઊંડાઈ ૩·૫૦ મીટર જેટલી છે. તેની અંદરની બાજુએ પાછલી ભીંતમાં મનુષ્યના પંજાની આઠ છાપો છે. આ છાપો ઝાંખા લાલ રંગની છે. છાપોમાં દેખાતા હાથ પ્રમાણમાં નાના છે. આવી છાપો ફ્રાન્સના કેબ્રેરેટ પાસેના પેચમેર્લેના, તથા ગાર્ગાસના શૈલાશ્રયમાં પણ મળી આવી છે. ફ્રાન્સમાં[૮]ની હાથની છાપો છાયાચિત્રો (silhouttes) રૂપે છે, જ્યારે અહીંના શૈલાશ્રયમાં મળેલ છાપો રંગમાં હાથ બોળી સીધી છાપ (Direct impression) ઉપસાવવામાં આવી છે. છાપમાં પડેલા પંજા ફ્રાન્સની જેમ પ્રમાણમાં નાના છે. ફ્રાન્સના શૈલાશ્રયની છાપોનો સમય ઉત્તર પ્રાચીન પાષાણ (Upper paleolithic) કાલ માનવામાં આવે છે. જો કે આ પ્રથા (Tradition) અત્યારના અમુક આદિવાસીઓમાં પણ જોવામાં આવે છે.

ગુફા નં. ૮, ૯: દ્વિમુખ છે. તેની પહોળાઈ આશરે ૭ મીટર, ઊંડાઈ ૩ મીટર, અને ઊંચાઈ ૧થી ૧૧ મીટર છે અને તે દક્ષિણ તેમ જ ઉત્તરાભિમુખ છે. તેમાં માનવી, પશુ ને આયુધો વગેરે દોરેલાં છે, તેમ જ તેની ઉપર ફરીથી (Superimposed) ફૂલ-વેલાની આકૃતિઓ દોરેલી છે. આ રીતે આ શૈલાશ્રયનાં આલેખન જુદાજુદા સમયે થએલાં છે.

આમ શૈલાશ્રય નંબર ૩, ૪, ૫, ૬ અને ૮માંનાં ચિત્રો મધ્ય-પ્રદેશનાં ચિત્રોના પ્રકાર (Style)–૮ પ્રમાણેનાં છે. આવાં ચિત્રો લાલ રંગની સાદી રેખાઓથી દોરેલાં હોય છે. મધ્યપ્રદેશનાં આવાં શૈલાશ્રય ચિત્રોનો સમય નવાશ્મ તામ્રપાષાણ કાલ છે.[૯]

ગુફા નંબર ૧૦થી ૧૩–આ ચાર શૈલાશ્રયોની છતો ફૂલ ને પાંદડાં-યુક્ત વેલાથી ભરપૂર છે.

આમ શૈલાશ્રય નંબર ૪ ઈડરમાં, નંબર ૧, ૨, ૩, ૫ સાંપાવાડામાં અને નંબર ૬ થી ૧૩ લાલોડામાં આવેલ છે. આ રીતે આવાં કુલ ૧૩ શૈલાશ્રયોમાં બધાં મળીને ૭૧ ચિત્રો છે. આ બધાં ચિત્રો ગેરુ કે લાલ રંગમાં, શૈલાશ્રયોની અંદર, પાછલી ભીંતમાં, છતમાં કે આજુબાજુનાં પડખાંઓ પર ચિત્રિત કરવામાં આવ્યાં છે.

શૈલાશ્રય નંબર ૧૦ થી ૧૩ એટલે કે ૪ શૈલાશ્રયોની છતમાં દોરાએલાં ચિત્રો તો હમણાંના ઐતિહાસિક સમયનાં છે. તે શૈલાશ્રયોની છતમાં સીધેસીધાં ચીતરવામાં આવ્યાં નથી, પરંતુ સૌ પ્રથમ પશ્ચાદ્ભૂ (Background) તૈયાર કરવામાં આવી છે. આ પશ્ચાદ્ભૂ ગુલાબી રંગના કોઈ મિશ્રણથી તૈયાર કરી તેના ઉપર લાલ રંગે ચિત્રો દોરવામાં આવ્યાં છે. આ ચિત્રો મધ્યપ્રદેશની બાઘ ગુફાઓમાંની ગુફા નંબર ૪માંનાં લતા-ચિત્રો સાથે સરખાવી શકાય.[૧૦] આ સામ્ય માત્ર લતા-ચિત્રો પૂરતું છે.

લઘુપાષાણ ઓજારો

ઈડર, સાંપાવાડા તથા લાલોડાનાં શૈલાશ્રયોની આજુબાજુ તેમ જ અંદરથી કેટલાંક લઘુપાષાણ ઓજારો મળી આવ્યાં છે. અહીં મળી આવેલ લઘુપાષાણ ઓજારોની સાથે માટીના પાત્રખંડો (Pottery) કે અન્ય કોઈ પુરાવશેષો (Antiquities) મળી આવેલ નથી. તેથી આ લઘુ અશ્મ ઓજારોને હાલ તુરત માટીના પાત્રખંડોની પહેલાંના (Pre-Pottery) સમયના ગણી શકાય.

'કુમાર'નાં ઈ. ૧૯૭૮ના વર્ષનાં પારિતોષિકો

પારિતોષિક	વિષય	વિજેતા	નિર્ણાયકો
 કુમાર ચન્દ્રક	વર્ષભરના શ્રેષ્ઠ સાહિત્યસર્જન (તેમની ટૂંકી વાર્તાઓ) માટે	 શ્રી અશ્વિન દેસાઈને	સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અનંતરાય રાવળ યશવન્ત શુક્લ
સ્વ. કેશવલાલ જૂઠાભાઈ દડિયા સાહિત્ય પારિતોષિક રૂ. ૫૦૧	,,	શ્રી અશ્વિન દેસાઈને	,,
શ્રી છોટાલાલ માવજી કોઠારી તરફથી રૂ. ૧૦૧	વર્ષભરના શ્રેષ્ઠ પુરાતત્ત્વ વિષયક લેખ માટે	શ્રી નરોત્તમ પલાણને 'હાત્રાણાનાં દેવમંદિરો' માટે	'કુમાર'ના તંત્રી
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી તરફથી રૂ. ૫૧	વર્ષભરના શ્રેષ્ઠ વિજ્ઞાનલેખ માટે	ડૉ. સુશ્રુત પટેલને 'ફાઈબર ઑપ્ટિક્સ' લેખ માટે	'કુમાર'ના તંત્રી
એક લેખક તરફથી રૂ. ૩૦	વર્ષભરની શ્રેષ્ઠ કાવ્યકૃતિ માટે	શ્રી મનહર જાનીને 'પીઠીઆળી પરમાર્થનું ગીત' માટે	સર્વશ્રી રાજેન્દ્ર શાહ ધીરુભાઈ પરીખ
'કુમાર' તરફથી રૂ. ૩૦	વર્ષની શ્રેષ્ઠ નવલિકા માટે	શ્રી ભગવતીકુમાર શર્માને 'કમાડ ઊઘડ્યાં નહિ' નવલિકા માટે	શ્રી અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી
ગિરીશકાકા પારિતોષિક તેમના પરિવાર તરફથી રૂ. ૨૫	શ્રેષ્ઠ જોડણીશુદ્ધ વ્યાકરણશુદ્ધ લખાણ માટે	શ્રી પરંતપ પાઠકને	'કુમાર'ના તંત્રી
એક સદ્‌ગૃહસ્થ તરફથી રૂ. ૨૫	વર્ષ દરમિયાન 'મેં સાહસ કર્યું' એ માળાના શ્રેષ્ઠ લેખ માટે	શ્રી રાજેન્દ્ર ડી. દેસાઈને	'કુમાર'ના તંત્રી

ઉપસંહાર

સાબરકાંઠાના ઈડર, સાંપાવાડા અને લાલોડાનાં શૈલાશ્રયોમાં મળી આવેલ ચિત્રોમાંનાં રેખાચિત્રોનો એક ફલક આ સાથે આપવામાં આવેલ છે. આ ફલકમાં શૈલાશ્રય નંબર ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦ અને ૧૨માંના રેખાચિત્રોના નમૂના આપેલા છે. તેના સમય, આકાર-પ્રકાર અને રૂપસામ્ય(Stylistic ground)ની દૃષ્ટિએ અને તામ્રપાષાણ કાળ (કે તેથી પણ પ્રાચીન)થી લઈને ઇસુની ચોથી કે છઠ્ઠી સદી સુધીનાં માની શકાય. પરંતુ વધુ સ્પષ્ટ પુરાવાઓ પ્રાપ્ત થયા બાદ જ ચોક્કસ સમયાંકન થઈ શકે.

આભાર

૧ શ્રી છો. મ. અત્રિ-પુરાતત્ત્વ નિયામક, ગુજરાત રાજ્ય, અમદાવાદનો લેખ અંગે સતત રસ લઈ,સલાહ-સૂચનો તથા માર્ગદર્શન આપવા અંગે.

૨ ડૉ. ૨. ના. મહેતા-પુરાવસ્તુ-વિભાગના વડા, મ. સ. વિશ્વવિદ્યાલય વડોદરાનો – ખડક-ચિત્રોના સ્થળની મુલાકાત લેવા અંગે.

૩ શ્રી મુ. હ. રાવળ-સહાયક નિયામકશ્રી-પુરાતત્ત્વખાતું, ગુજરાત રાજ્ય અમદાવાદનો – વખતોવખતનાં સલાહ-સૂચનો અંગે. —લેખકો.

પાદટીપ

૧ भारत की चित्रकला – राय कृष्णदास पृ. २

૨ Prehistory in India. P. 7. F. E. Zeuner

૩ Gazetteer of India: Guj.-State Sabarkantha Distt. P. 15

૪ Stone-age painting in India. P. 43. Vishnu S. Wakankar and Robert R. R. Brooks.

૫ વિદ્વાન કલાસમીક્ષક અને નવી દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહાલયના નિવૃત્ત નિયામક ડૉ. શિવરામમૂર્તિ અમદાવાદ આવતાં ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ નિયામકશ્રી અત્રિએ તેઓશ્રી સાથે આ ખડક-ચિત્રો અંગે ચર્ચા કરેલી, તેમાં આ લેખના લેખકોને પણ હાજર રાખેલા. ડૉ. શિવરામમૂર્તિએ મોટા ભાગનાં ખડક-ચિત્રો ઇસુની બીજી શતાબ્દીનાં હોવાનો અભિપ્રાય વ્યક્ત કરેલો હતો.

૬ Stone-age painting in India. P. 97. Vishnu S. Wakankar and Robert R. R. Brooks.

૭ Prehistoric Cave-Painting P. 34. Methuen.

૮ Ibid P. 52-62.

૯ Stone-age painting in India. P. 97. Vishnu S. Wakankar and Robert R. R. Brooks.

૧૦ बाघ की गुफ़ाएं पृ- १३९-४० महेश्वरी दयाल खरे

'વિનોદ'ની નજરે-૩૫

વસુબહેન

લેખક
વિનોદ ભટ્ટ



નામ: વસુબહેન
ઉપનામ : વસુબહેન

અટક : વસુબહેન   પિતા અગર પતિનું નામ : વસુબહેન

આ નામ માટે ગુજરાતી સાહિત્ય પરિષદની ચૂંટણી વખતે એક વાર તેમને ઝગડો પડેલો. ઉમેદવારી પત્રમાં પોતાનું આખું નામ તેમણે વસુબહેન લખેલું. કાર્યાલયે આ ઉમેદવારી-પત્ર અધૂરું ગણીને તેમનું નૉમિનેશન રદ કરેલું. પછી કોર્ટમાંયે પોતાનું આ જ નામનું રજિસ્ટ્રેશન થએલું છે એ તેમણે પુરવાર કરી બતાવ્યું એટલે પાછળથી પરિષદની કારોબારીના સભ્ય તરીકે તેમને કો-ઑપ્ટ કરવામાં આવેલાં.

ઉમર: ધ્રુમનબહેન કરતાં નાનાં ને સોહિણીબહેનથી મોટાં. (કેટલાં એ સંશોધનના વિષય ખરો.) પણ ઉમરમાં તમે પચ્ચીસના હો તો એ બાવીસનાં લાગે, ચાળીસના હો તો એ ચોત્રીસનાં હશે, ને તમે પંચાવનના હશો તો તે માત્ર ત્રીસનાં જ જણાશે (એક સેકંડ વધારે નહિ કે ઓછી નહિ.) ટૂંકમાં, અત્યારે તેમની જે કંઈ ઉમર છે એ ઉમરે ય તેમની આસપાસ ઊભા રહેવાનું, હસીને વાત કરવાની અને એમની મુલાયમ હથેળીમાં હાથ રહેવા દેવાનું કોઈ પણ પુરુષને ગમે. (ગયા વર્ષે કલ્યાણ ખાતે ભરાએલી સાહિત્ય પરિષદ ટાણે એક વૃદ્ધ રસિક કવિ દૂર ઊભેલાં વસુબહેન સામે ટીકીને જોઈ રહ્યા'તા. તેમની પાસે જઈને મેં હળવેથી કહ્યું: 'હવે તો તમે ઘરડા થયા...'

'હું થયો છું; એ ક્યાં થઈ છે?' કવિએ ઉત્તર આપેલો.

છેલ્લાં લગભગ વીસેક વર્ષથી વસુબહેનને હું ઓળખું છું. વાળની એક લટ થોડીક સફેદ થઈ ગઈ છે ને ગળા પાસે સહેજ કરચલીઓ પડી છે એ બાદ કરતાં તેમનો ઠસ્સો, કમનીયતા, વાત કરવાનો લહેજો—બધું એ જ છે. પ્રભુ, ગુરુ, દોસ્ત—એ તેમનાં તકિયા-કલામ આજે ય બદલાયાં નથી. કહે છે કે તે જ્યારે યૌવનની વસંતમાં હતાં ત્યારે તેમના આખા ય વિસ્તારમાં જાગૃતિ ફેલાએલી રહેતી. સવારે તૈયાર થઇને સ્કૂલે જતાં તેમને જોવા જુવાનિયાઓ વહેલા ઊઠીને રસ્તા પર ઊભા રહી જતા.

સ્ત્રી સુંદર પણ હોય ને એટલી જ પાછી બુદ્ધિશાળી પણ હોય એવું બહુ ઓછા કિસ્સાઓમાં બને છે. વસુબહેન જ કોઈ કોઈ વાર આ જોક કહે છે: "Women are beautiful yet they are idiots... Why so? Women are beautiful because man can love them-and they are idiots because they can love man." વસુબહેનમાં સુંદરતા વધુ હશે કે બુદ્ધિ એ કલ્પવું અઘરું પડે. (તે ઈન્ટેલેક્ચ્યુઅલ છે એવી ખબર તેમને ઘણી વહેલી—બીજા કોઇને પડે એ પહેલાં પડેલી.) તેમની આસપાસ મિત્રોનું વન ઊગેલું દેખાય છે. તેમની હાજરીથી પુરુષને પુરુષ હોવાનો અહેસાસ થાય છે. દરેક પુરુષના મનમાં તે સતત એવી જ લાગણી જન્માવે છે કે વસુબહેન તેના એકલાની જ મિત્ર છે. આ મહામંડળેશ્વરની હાજરીથી મહેફિલમાં જાન આવી જાય છે. (કોઈની ચાલી યે જતી હશે.)

પુરુષોની વચ્ચે બેસતી આ નારી એટલી જ ચતુર પણ છે. કોની સાથે કેટલી સીમા રાખીને વાત કરવી એની તેને પાકી સમજ છે. બોલ્ડનેસ ને નફટાઈ વચ્ચેનો ભેદ તે સારી પેઠે જાણે છે. શિવકુમાર જોશી કોઇકોઈ વખત તેમને મશ્કરીમાં પૂછે છે: 'વસુબેન, તમારાં પાત્રોને કેમ તમે તમારા બેડરૂમ સુધી લઈ જતાં નથી?' ત્યારે મોહક સ્મિત વેરીને તે પ્રત્યુત્તર વાળે છે: 'I can convert my bed-room into drawing room.'

પુરુષના ખભા પર સહજતાથી હાથ રાખીને, પુરુષ જાણે તેમની સખી હોય એમ તે વર્તે છે. એટલે મને એ જાણવાનું કાયમ કુતૂહલ રહ્યા કરતું કે પુરુષ વિષે એ શું માને છે. મેં પૂછ્યું તો એ બોલ્યાં: 'આઈ લવ મેન કારણ કે તેને લૉજિકથી સમજાવી શકાય છે. પુરુષનો કૅનવાસ મોટો હોઈ તેની સાથે કામ કરવાની મઝા આવે છે. તેની પાસે જીવનનો વિશાળ નકશો છે... પણ વિનોદ, પુરુષોમાં જેમને મેં મોટા માનેલા એ નાના, ઘણા નાના જણાયા છે ને નાના માણસો ખરેખર મોટા છે. એ વખતે મારા ફાધર હયાત હતા. વડોદરામાં દીવાન જેવા ઠાઠથી તે રહે. એક દિવસ તેમનો એક નોકર મારી પાછળ પાછળ ચાલીને મને સ્ટેશનેથી છેક ઘર સુધી મૂકી ગયો. પછી મને આજીજી કરતાં બોલ્યો: 'બહેન, ભાઈસાહેબને (એટલે કે ફાધરને) કહેતાં નહિ કે હું તમને અહીં સુધી મૂકી ગયો છું; કારણ કે ભાઈસાહેબ જાણે છે કે ગામમાં મારી આબરૂ સારી નથી.' ત્યારે મેં તેને કહ્યું: 'દોસ્ત, મને તારો જરા ય ડર નથી. તારા જેવા ખરાબ આબરૂવાળા માણસ કરતાં વધારે ડર તો મને સારી આબરૂનાં મ્હોરાંવાળાઓનો છે.'

'તો તો આપણા સાહિત્યકારોનો તમને સારો એવો પરિચય હશે.'

'ઘણા બધાનો.'

'કેવા લાગ્યા એ બધા?'   'નામ જ જવા દેને ભઈલા!

'ના...ના, તો ય એમાંના કોઈનો કટુ અનુભવ?'

'તું નામ બોલતો જા. હું "હા" કે "ના"માં ડોકું હલાવીશ.'

લગભગ બાર પંદર લેખકોનાં નામ હું બોલ્યો, જેમાંનાં એક બે નામ સામે જ તેમણે ડોકું ધુણાવીને ના પાડેલી.

'પણ વસુબહેન, એ લોકોને એમ વર્તતાં તમે કેમ રોકયા નહિ?'

'એ બધા કેમ આગળ વધે છે એ જોવામાં મને રસ પડે છે. ને પછી લાગે કે હવે તે લક્ષ્મણરેખા ઓળંગશે ત્યારે તેની આંખમાં જોઇને કહું છું, બ્રૂટસ યુ ટૂ? પણ સાલા બધા લગભગ એક જ પદ્ધતિએ આગળ વધે છે. કોઈનામાં આગવી શૈલી, પોતીકી ઓરિજિનાલિટી જોવા નથી મળી...ને પાછા મારા વા'લાઓ માફી માગતાં ય અચકાતા નથી. એવા કેટલાકે તો લેખિત માફી ય માગી છે જે મારી ફાઈલમાં મોજૂદ છે. તારે જોવી હશે તો બતાવીશ.' (એક આડવાત: આ વાત સાંભળીને મેં તેમને મનોમન કહેલું કે તમારાથી દસકે નાનો છું એને બદલે પાંચેક મોટો હોત તો કદાચ મારી માફી ય તમારી ફાઈલમાં હોત. એક રોમાન્ટિક લેખક સાથે આ બાબત વાત નીકળતાં તેણે મને ઝીણી આંખ કરીને પૂછેલું: 'વસુએ મારું નામ આપેલું?')

'પુરુષોને તમને જોઇને થાય છે એવી લાગણી તમને ય ક્યારેક પુરુષ માટે થતી હશેને?' મેં વસુબહેનને પૂછ્યું.

'ના, નથી થતી.'

'સમથિંગ સ્ટ્રેઈન્જ! કેમ એમ હશે?'

'સાચું કહું તો, વિનોદ, પુરુષો મને અધૂરા જ લાગ્યા છે. ભગવાને હમેશાં એમનામાં અધૂરપ જ રાખી છે.'

'ભગવાનનું સર્જન તમને આકર્ષી શક્યું નથી તો માનવીએ સર્જેલ નવલકથાનું કોઈ પાત્ર તમારું મન હરી ગયું છે, ખરું ? 'એટલે?'

'માનો કે તમને એમ પૂછવામાં આવે કે મુનશીના કાક કે મુંજ સાથે તમારે પરણવાનું છે તો તમને ગમે ? 'અં...હં...'

'પન્નાલાલના કાના સાથે ?'

'ના, એ તો મને દીઠો ય ગમતો નથી.'

'ગોવર્ધનરામનો સરસ્વતીચન્દ્ર ?'

'સાવ વેવલો. સેન્સિટિવ કરતાં સેન્સિબલ હીરો મને વધુ પ્રિય છે;

'તો પછી પૃથ્વી પરનો એક પણ પુરુષ તમને પસંદ નથી ?'

'આમ જોવા જઇએ તો, પ્રભુ, બધા જ પુરુષોને—તેમના સારા અંશોને હું ચાહું છું. પણ એ બધામાં અપૂર્ણતા હોઈ કોઈ એકની બનીને રહેવાનું મને ના ગમે. એડવર્ડ આઠમો...તેની મર્દાનગી, તેનો ત્યાગ મને સ્પર્શી ગયાં છે.' (પણ એ બહુ વહેલો જન્મી ચૂકેલો...સૉરી વસુબહેન!)

વાતનો રેલો વહેતો વહેતો તેમની અંગત વાત સુધી પહોંચી ગયો. આજ સુધી તેમને પૂછવાની કોઈ હિંમત સુધ્ધાં નો'તું કરતું એવી પર્સનલ વાતો મારી સાથે તેમણે મોકળા મને, કશો જ પડદો રાખ્યા વગર કરી. સાથે પગથી મારા પગ પર હળવી લાત મારીને ટકોર પણ કરી: 'જોજે સાલા, મારા વિષે ખરાબ ખરાબ લખતો નહિ, પાછો.' પછી હસીને બોલ્યાં: 'તું તો મારો દોસ્ત છે. તું એવું કરે જ નહિને !'

ને કશાયની પરવા કર્યા વગર મારી આગળ તેમણે બહુ જ સ્વાભાવિકતાથી અંતર ખોલ્યું. તેમના પતિ વિષે વાત નીકળતાં મેં પૂછ્યું: 'જનાર્દન ભટ્ટ સાથે તમારું ટ્યૂનિંગ કેમ ના થયું? શી તકલીફ પડી?'

'નો ટ્રબલ વિનોદ. હી વૉઝ એ સ્ટ્રેઈન્જર ટુ મી, ધૅટ્સ ઑલ... બાકી કશું જ નથી. સ્ટિલ વી આર ગુડ ફ્રેન્ડ્ઝ...તારે એમને મળવું છે?'

'જનુભાઇને મળવાનું ગમશે પણ—'

'મળજેને, એ પણ મઝાનો માણસ છે... મળવું ગમે એવો...અમારા લગ્નજીવન વિષે આ અગાઉ હરફે ય મેં ઉચ્ચાર્યો નથી; પણ તું સાલા ફોસલાવીને બધું પૂછી લે છે.'

પછી બીજે દિવસે વસુબહેને જ મને જનાર્દનભાઇનો ફોન નંબર આપ્યો. તેમની સાથે ઍપોઇન્ટમેન્ટ ગોઠવી આપીને મને પૂછ્યું: 'હું સાથે આવું ?'

'ના...' મેં જવાબમાં કહ્યું: 'તમે સાથે હશો તો જનુભાઈ મારી સાથે ખીલીને વાત નહિ કરી શકે.'

ને એક શનિવારની બપોરે તેમની પાસે પહોંચી જતાં બોલ્યો: 'હું વિનોદ ભટ્ટ—'

'આવો, વસુએ મને તમારા વિષે વાત કરી છે. ફરમાવો...'

'ફરમાવવામાં તો...વસુબહેન વિષે જ આપણે થોડી વાતો કરીએ તો?' ત્યારે મારી સામે જોઇને તે ગંભીર અવાજે બોલ્યા: 'Vinodbhai, it is my code of conduct, not to talk anything about Vasu in her absence...અમે ભલે ત્રીસ વરસથી સાથે નથી રહેતાં, પણ મારા માટે તેના મનમાં કોઈ પ્રકારની ગેરસમજ થાય એ મારા માટે અસહ્ય છે.'

'વસુબહેન માટે ફક્ત એક જ વાક્યમાં કહેવાનું હોય તો શું કહો?'

'She is too innocent. I love her innocence deeply. ને એટલે તમને પણ એટલી વિનંતી કરવાની કે વસુ 'હર્ટ' થાય એવું કશું જ ના લખશો. અમારી વચ્ચે કેમ મેળ ખાધો નહિ એનું સાચું કારણ આજે ય મને ખબર નથી. વસુને હોય તો તેણે મને કહ્યું નથી. પણ તેની સામે મારે કોઈ જ ફરિયાદ નથી. હા, આવી સરસ પત્ની ગુમાવ્યાનું દુઃખ છે, એટલું જ...' તેમની આંખોમાં ડોકાતું દુઃખ હું જોઈ શક્યો.

'...અને વિનોદભાઈ, ત્રીસ ત્રીસ વર્ષનાં વહાણાં વાયાં છતાં તેની જગ્યા લેનાર કોઈ સ્ત્રીનો મેં વિચાર સુધ્ધાં નથી કર્યો; because she is with me for all the time. આજે ય મારી તે સારી મિત્ર છે.'

મિત્રો માટે વસુબહેનને ઊંડો પ્રેમ. દોસ્તો માટે તે મરી પડે. ચિનુભાઈ પટવા—'ફિલસૂફ'—સાથે તેમને સારી મૈત્રી હતી. એ મિત્રના વહેલા ચાલી જવાથી વસુબહેનને ઘણો આઘાત લાગેલો. પટવાની સ્મૃતિમાં સતત પાંચ વરસ સુધી સુંદર કાર્યક્રમો કરીને પટવા સાથેની દોસ્તીને તેમણે ધબકતી રાખેલી.

મિત્રો માટે થાય એટલું કરવા તે સદાય તત્પર રહે. કોઈ એક લગ્ન પ્રસંગે એક વડીલની ઝપટે હું ચડી ગએલો. વડીલ એકધારું બોલ્યા કરે. મને બોલવાય ના દે કે છોડે ય નહિ. વસુબહેને દૂરથી મારી દયાપાત્ર હાલત જોઈ મારી પાસે દોડી આવીને વડીલને વિનંતી કરી: 'એક મિનિટ, મારે આનું થોડું કામ છે.' અને મને એ વડીલની દૃષ્ટિમર્યાદાની બહાર લઈ જઇને કહ્યું: 'મારો આભાર માન; કેવો છોડાવ્યો !'

'પણ તમને કેવી રીતે ખબર પડી કે હું ફસાઈ ગએલો છું?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

'ગઈ કાલે તારી જગ્યાએ હું હતી. મેં તને છોડાવ્યો, પણ મને બદનસીબને તો છોડાવનારે ય કોઈ નો'તું. હું તો આપમેળે જ માંડ છૂટેલી.'

એ વાતનો તેમને ભારે ગર્વ છે કે રેડિયોના સ્ટેશન ડાયરેક્ટરનું ઊંચું પદ તેમણે પ્રાપ્ત કર્યું છે. એ પોતાની શક્તિ વડે જ મેળવ્યું છે. વસુબહેને જ એ મેળવી આપ્યું છે. ભાઈ-બાપા-કાકા-મામા, કોઈની સિફારસ વગર પોતાની તાકાતથી મેળવ્યું છે. (કદાચ એટલે જ પોતાનું આખું નામ તે માત્ર વસુબહેન લખાવતાં હશે.)

અમે બેઠેલાં એ લૉનમાં પગની આંગળીઓથી ઘાસ ચૂંટતાં તે બોલેલાં: 'જીવનમાં હવે કશું જ મેળવવાની ખેવના નથી રહી. જે કંઈ મળ્યું છે એનાથી સંતૃપ્ત છું. કોઈ તૃષ્ણા બાકી નથી રહી. આ ક્ષણે અહીં બેઠાં બેઠાં મૃત્યુ આવી જાય તો ય મને દુઃખ ના થાય. કાલે 'કુમાર'માં મારા વિષે તું શું લખવાનો છે એ જાણવામાં ય મને રસ નથી.' આ પછીની તરતની જ ક્ષણે કહેલું: 'કુમનબેન, સોહિણી વગેરેએ મને ટોકેલી કે વિનોદ આગળ ભોળા ભાવે બધું બકી ના કાઢશો. એ બધું ચીતરી મારશે. તને ખબર છે, દોસ્ત, કે મેં મારું વીલ પણ કરી નાખ્યું છે ! વીલમાં સ્પષ્ટ લખ્યું છે કે મારી નનામી પર ઈન્ટીમેટની બાટલીઓ મુકાવજો.'

તેમનું જીવન તો ઈન્ટીમેટના પમરાટ જેવું છે જ; મૃત્યુ પણ તે એવું ઇચ્છે છે. નવરાશની પળોમાં સમાજસેવાનું કામ પણ તે કરે છે. જીવતા માણસોના સંઘર્ષમાં તે બહુ રસ લે છે. (પણ તેમના જીવનમાં કોઈ વધુ રસ લે એ તેમને પસંદ નથી. સામાજિક કાર્યકરોની આ જ મોટી તકલીફ હોય છે.) એક માણસ પોતાની પત્નીને જીવનનિર્વાહના પૈસા નો'તો આપતો. વસુબહેને તેને બોલાવીને પૂછ્યું: 'Is she not your sleeping partner?...She is a sleeping partner even in your Business.' ને એ ભાઇને સમજાવી-પટાવીને તેની પત્ની સાથે સુલેહ કરાવી આપેલી.

વસુબહેનને બોલવા મોંફાટ જોઇએ. બોલવામાં, અલબત્ત જાહેરમાં, ક્યારેક કોઇને મૂંઝવણમાં મૂકી દે એવું કરે ખરાં. ઈડરમાં સાહિત્ય પરિષદનું જ્ઞાનસત્ર ભરાયું ત્યારે અમે પંદરેક મિત્રો કુંડાળું વળીને બેઠેલા. વસુબહેન અમારી પાસે આવીને ઊભાં રહ્યાં. મેં જરા વિવેકી થઇને તેમને કહ્યું: 'બેસોને, વસુબેન !'

'ના...તું બેઠો છે એ જમીન પરના કાંકરા તો જો ! ખૂંચે એવા છે. તું કહેતો હો તો તારા ખોળામાં બેસું.' મારી પડખે બેઠેલા મર્દો ય આ સાંભળીને થોડા શરમાઈ ગએલા ! સ્ત્રીઓની વચ્ચે પણ વસુબહેન કોઈ વાર 'નૉનવેજ જોક' કહી નાખે ત્યારે કુમનબહેન તેમને ટપારે: 'સ્ત્રીઓ આગળ આવી જોક ના કહેવાય, હોં!' (અનુ. પૃ. ૪૯)

ડૉક્ટર (શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા-ઉમરેઠ)) ની સલાહ

૧. ટેસ્ટોસ્ટેરોન શું છે અને એ દવાના રૂપમાં લઈ શકાય ખરું?

ઉ. પુરુષની શુક્રગ્રંથિઓ (ટેસ્ટિઝ)ના અંતઃસ્રાવને 'ટેસ્ટોસ્ટેરોન' કહે છે. આપણા શરીરમાંની સાત અંતઃસ્રાવી ગ્રંથિઓમાંથી નીકળતા અંતઃસ્રાવો, જેને 'હોર્મોન્સ' કહે છે તેમાંનું આ એક છે. એનાથી તરુણને પૌરુષ પ્રાપ્ત થાય છે, જેની અસર તળે એને દાઢીમૂછ ઊગે છે, અવાજ ફાટે છે, શરીરને પોષણ મળી માંસપેશીઓ બંધાય છે અને શરીરમાં પ્રોટીનનો દકાવ થઈ બળ પુરાય છે. નબળાઈ અને કમજોરી, વંધ્યત્વ અને નામર્દાઈ, વધતી વયમાં પ્રોસ્ટેટ ગ્રંથિની વૃદ્ધિ સામે તથા પુનઃ યૌવનની પ્રાપ્તિ માટે ઔષધ રૂપે પણ ટેસ્ટોસ્ટેરોનનો ઉપયોગ થાય છે. ઔષધ રૂપે હોર્મોન્સનો ઉપયોગ નિષ્ણાત દાક્તર દ્વારા જ થવો જરૂરી છે.

૨. માનવ-શરીરના વર્ણમાં ગૌર-શ્યામ એની વિવિધતા શાથી છે?

ઉ. શરીરની ચામડીમાં એક ચોરસ ઇંચે સાઠ હજાર જેટલા કોષોમાં વિશિષ્ટ કોષોમાં મૅલેનિન નામનું એક રંજક દ્રવ્ય પેદા થાય છે જે શરીરને ગૌર કે શ્યામ એવો વર્ણ આપે છે. શ્યામરંગી લોકોમાં પણ આ કોષોનું પ્રમાણ તો આટલું જ હોય છે પણ તેના મોટા કદને કારણે તેમાં વધુ મૅલેનિન પેદા થવાથી ચામડીનો રંગ વધુ ઘેરો થાય છે. આ રંજકની ન્યૂનતા ચામડીનો રંગ ફિક્કો પાડે છે. મૅલેનિન માત્ર ચામડી જ નહિ, વાળ વગેરેનો પણ રંગ આપે છે. તમે બિલકુલ સફેદ વાળવાળા કેટલાક ધોળિયા લોકોને પણ જોયા હશે. એ મૅલેનિનનો અભાવ સૂચવે છે. મૅલેનિન ઉપરાંત શરીરને વર્ણ આપવામાં કૅરોટિન તથા હિમોગ્લોબિન પણ ભાગ ભજવે છે. ભૌગોલિક પરિસ્થિતિ અને વંશપરંપરાગતા પણ ચામડીને વર્ણ આપવામાં પ્રભાવ પાડે છે.

૩. શીર્ષાસનથી શરીરમાં શા ફેરફાર થાય છે?

ઉ. શીર્ષાસનમાં શરીરનું સમતોલન જાળવવાની જવાબદારી જુદી જ માંસપેશીઓને ઉપાડવી પડતી હોઈ તેને કસરત મળે છે. સ્વાભાવિક સ્થિતિમાં શરીરના સમતોલનનો ભાર ઉપાડતી માંસપેશીઓની શક્તિનો જે વ્યય થાય છે તેમાં શીર્ષાસનને કારણે રાહત મળે છે અને પરિણામે શરીરના એ ભાગો વિશ્રાન્તિ પામી શરીર હળવું ફૂલ બને છે.

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૯૭

એલર્જી

આ શબ્દ સાંપ્રત વિજ્ઞાનની ભેટ છે. આપણે તેને અસાત્મ્યતા કહી શકીએ. અસાત્મ્યતા એટલે માફક ન આવવું, અનુકૂળ ન થવું. કોઈ પણ આહાર, વિહાર કે ઔષધ શરીરને અનુકૂળ ન આવે તો તેનું જરા સરખું પણ સેવન કરવાથી તે અનેકગણી પ્રતિક્રિયા વ્યક્ત કરી શરીર ઉપર જે ચિહ્નો પેદા કરે તે એલર્જી. જો આ પ્રતિક્રિયા શ્વસન-તંત્ર ઉપર અસર કરનારી નીવડે તો શ્વાસ, શરદી, સળેખમ જેવા વિકાર થાય. જો તે રક્તવહન સંસ્થાન ઉપર પ્રભાવ પાડે તો ચામડીના રોગો કરે.

આયુર્વેદે આ વાત વર્ષોથી સ્વીકારી છે. દરેક પ્રાણીની શરીરરચના બીજા પોતાના જેવા પ્રાણીને બિલકુલ મળતી આવે છે, પછી તે ગમે તે પ્રદેશનો હોય. પરંતુ તેમની શરીરક્રિયા સરખી નથી હોતી તેથી જ દરેક વ્યક્તિને જોઇને સારવાર કરવાનું કહ્યું છે. પેનીસિલિનની વાહવાહ થયા પછી તેના સેવનથી અપમૃત્યુ થવા લાગ્યા પછી સાંપ્રત વિજ્ઞાને એલર્જીનું મહત્ત્વ સ્વીકાર્યું છે.

એલર્જીમાં કોઈને ખાટું સદતું નથી. તો કોઈક ને ટાઢું, તેના અનેક દાખલા આપી શકાય. જેમ કે, રાત્રે બારી ખુલ્લી રાખવાથી કોઈને શરદી થઈ જાય, કોઈને અત્તરની સુગંધથી માથું ચડે, કોઈને એલચી ખાઈ જવાથી ચક્કર આવે, કોઈને ખાટું ખાઈ જવાથી ઢીમણાં ઊઠી આવે. આમ વ્યક્તિગત રીતે અનેક કારણે એલર્જી થઈ આવે છે.

આનો એક જ ઉપાય છે. પોતાને શું માફક નથી આવતું તે જાણવા માટે ઝીણવટભર્યું અવલોકન કરી તે વસ્તુનો ત્યાગ કરવો.

તે પછી એલર્જીમાં જે રોગનાં લક્ષણો ઉત્પન્ન થતાં હોય તે રોગની સારવાર કરવી. દા. ત. દમ હોય તો દમની દવા કરવી, શીળસ થતું હોય તો તેની સારવાર લેવી. આ ઉપરાંત, સામાન્ય દવામાં આરોગ્યવર્ધિની રસ અજમો, હળદર, આદુ જેવા દ્રવ્યોનું સેવન કરતા રહેવું. **વૈદ્ય નવીનભાઈ ઓઝા**

અનુસંધાન] **વસુબહેન** [પૃષ્ઠ ૪૭થી

એક કાર્યક્રમમાં તે મુખ્ય વક્તા હતાં ને હું પ્રમુખ હતો. માઈકવાળાએ માઇક્રોફોન તેમના મોઢાની નજીક ગોઠવ્યું એટલે વસુબહેને તરત જ તેને કહ્યું: 'ભાઈ! માઇક્રોફોન જરા આઘું રાખો...અહીં તો બોલવાને બદલે ચુંબન કરતી હોઉં એમ લાગે છે.'

વસુબહેનનું બિન્દાસપણું–મુક્તપણું, જે તેમનો ગુણ છે એ તેમની સખીઓને મન અવગુણ છે. સ્ત્રી–પુરુષ વચ્ચે તે ભેદ નથી રાખતાં એટલું જ નહિ. ચોર-શાહુકાર વચ્ચે પણ તેમને મન ઝાઝો ફરક નથી.

વચ્ચે રાજકોટના તેમના મકાનમાં ચોરી થઈ. ચોર પકડાયો. વસુબહેનને પોલીસ સ્ટેશન પર બોલાવવામાં આવ્યાં. તેર-ચૌદ વર્ષના ચોર છોકરાને જોઇને આશ્ચર્યથી તેમણે પોલીસને પૂછ્યું: 'આટલા નાના છોકરાએ ચોરી કરી?' પછી એ છોકરાના બરડા પર સ્નેહથી હાથ ફેરવી તેને પોતાની પાસે બેસાડવા માંડયો. પોલીસે તેમને રોકતાં કહ્યું: 'ચોરને તમારી સાથે ખુરશીમાં ના બેસાડાય...તે ચોર છે એવું તેને લાગવું જોઇએ.'

પણ પોલીસની વાત પર બહુ ધ્યાન ન આપતાં ચોર સાથે તેમણે પ્રશ્નોત્તરી શરૂ કરી: 'દોસ્ત, મારુ ઘર તને કેવું લાગ્યું?'

'શોભાવાળું.'

'મારા 'શો-કેસ'માં પડેલી બેલ્જિયમની કિંમતી કોકરી તેં કેમ ના લીધી?'

'કાચની ચીજો હાથમાંથી છટકીને ફૂટી જાય તો અવાજ થાય ને આજુબાજુવાળા જાગી જાય તો પકડાઈ જવાય.'

ત્યાર બાદ વસુબહેને પોલીસને કહ્યું: 'મારુ કશું ચોરાયું હોય એવું નથી લાગતું' ત્યારે ચોરે સામેથી શાહુકારી બતાવી: 'હોય બેન! તમારા ગળાની ચેન ચોરીને મેં સોનીને ત્યાં વેચી નાખી છે.'

ને ચોરની પ્રામાણિકતાથી પ્રભાવિત થઈને તેમણે તેને આમંત્રણ આપ્યું: 'તું છૂટે એટલે મારા ઘેર હું હોઉં ત્યારે આવજે...આપણે સાથે ચા પીશું.'


આ વસુબહેનને મન 'વસુધૈવ કુટુમ્બકમ્' છે. □

[આવતે મહિને 'વિનોદ'ની નજરે વિનોદ પોતે]

પરિચિત પુષ્પોની વિશેષ ઓળખ આપતી માળા (૧)

કમળ

લેખક · શંકરદેવ વિદ્યાલંકાર



વૈજ્ઞાનિક લૅટિન નામ: Neliumbium Speciosum (નેલિબિયમ્ સ્પેસિયોસમ્). અંગ્રેજી: Lotus (લોટસ્). સંસ્કૃત: કમલ, પંકજ, પદ્મ, નલિન, ઉત્પલ, અરવિંદ, સરોજ, સરસિજ, શતપત્ર, કરોશય, પંકેસત, તામરસ, સરસીસત, રાજીવ, પુષ્કર, પુંડરીક, કોકનદ, જલજ, જલજાત વગેરે અનેક નામો.

કમળ આપણા ભારતદેશનું રાષ્ટ્રીય પુષ્પ છે: ઇતિહાસના ઉષઃ-કાળથી આ પુષ્પ આપણી જીવનસંસ્કૃતિ સાથે સંકળાએલું છે. ઋગ્વેદ-નો ગાયક મહર્ષિ કહે છે: 'મારા ઘર પાસે કમળ તલાવડી હોવી જોઇએ ત્યાં એક ઝરો હોવો જોઇએ.' આપણા ધર્મ, સાહિત્ય, કળા ને શિલ્પમાં સૌથી વધુ ઉલ્લેખ કળમ પુષ્પનો હોય છે.

કમળ એ પાણીમાં ઊગતું લાંબી દાંડીવાળું એક સુરમ્ય ફૂલ છે. ઉષ્ણ કટિબંધમાં આવેલા સર્વ પ્રદેશોમાં બારે માસ પાણીવાળાં ઊંડાં જળા-શયોમાં પુષ્કળ કમળો થાય છે. એના કંદ લંબગોળ હોય છે. એનાં પાન મોટાં અને ગોળ હોય છે. પાંદડાં પર પડેલાં જલબિંદુઓ મોતીની જેમ ચમકી ઊઠે છે. ઍમૅઝૉન નદી (દક્ષિણ અમેરિકા)નાં પરિસરોમાં વિક્ટો-રિયા રેજીયા નામક કમળનાં પાંદડાંની ભવ્યતા અદ્‌ભુત હોય છે. તેનાં પાન પાંચથી પંદર ફૂટ સુધીના વ્યાસનાં હોય છે. એ પાનોની કિનારીઓ બેથી પાંચ ઈંચ જેટલી ઊંચી હોય છે, અને એનાં પુષ્પો આખા વાતા-વરણને માદક પરિમલથી મહેકાવી મૂકે છે.

મુખ્યતયા કમળ ચાર રંગનાં હોય છે: ગુલાબી, લાલ, શ્વેત, આસ-માની ને પીળાં. સંસ્કૃતમાં આ રંગોવાળાં કમળોને ક્રમશઃ કોકનદ, પુંડ-રીક, ઇંદીવર અને સ્વર્ણકમળ કહે છે. આ બધાં કમળો પોતાની આગવી કુમાશ, સુષમા અને સુવાસ માટે વિખ્યાત છે. સો પાંખડીવાળા કમળને શતપત્ર ને તેથી વધુ પાંખડીઓવાળા કમળને સહસ્રદળ કહે છે. કાશ્મીર-માં સહસ્રદળ કમળ થાય છે એવો સંસ્કૃત ગ્રંથોમાં ઉલ્લેખ આવે છે.

વસંત ઋતુથી લઇને દીપાવલી સુધી કમળ તલાવડીઓ પોતાના પરિ-મલ અને સૌન્દર્યથી પ્રકૃતિને સુષમા મંડિત રાખે છે. શિયાળામાં એનાં પુષ્પો નથી ખીલતાં અને પાંદડાં પણ સુકાઈ જાય છે.

जराजर्जरितैः पद्मैः शीर्णकेशर–कर्णिकैः
नालशेषैः हिमध्वस्तैः न भान्ति कमलाकराः। —वाल्मीकि रामायण

સામાન્ય રીતે કમળ પુષ્પો એક સપ્તાહ સુધી ખીલી રહે છે પછી એની પાંખડીઓ ખરી પડે છે અને એની દાંડલી (મૃણાલ)ના શિખર પર શંકુ આકારનો ડોડો બંધાય છે. તેને પખડી અથવા કમળ કોષ (કમળ કાકડી) કહે છે. એ ડોડામાં વાદળી (સ્પંજ) જેવી જાળમાં આઠથી પંદર જેટલાં, ખૂલતા લીલા રંગનાં, લંબગોળ અરીઠા જેવડાં બીજો બંધાય છે. એને કમલાક્ષ અથવા પદ્મબીજ કહે છે. ગ્રામીણ બાળકો ને ગોવાળિયા-ઓનું એ પ્રિય ભોજન છે. આ બીજ પાકીને સુકાઇ કાળાં પડી જાય છે ત્યારે તેને શેકીને પણ ખવાય છે. તેને વૈદકમાં તાલમખાના કહે છે. ફળા-હારમાં એ મેવા તરીકે વપરાય છે. કમળની જડને કમળકંદ (સંસ્કૃતમાં શાલૂક) કહે છે. કંદથી પાંદડા સુધીની દાંડીને મૃણાલદંડ (કમલ નાળ) કહે છે. એ અંદરથી પોલી હોય છે. કમળનાં પાંદડાં જમવા માટે વપરાય છે.

કમળપુષ્પના વિકાસ માટે સાહિત્યશાસ્ત્રમાં અનેક માન્યતાઓ યુગોથી ચાલી આવી છે. જેમ કે કમળો રાત્રિ-વિકાસી, દિવસ-વિકાસી અને સંધ્યા-વિકાસી એમ ત્રણ પ્રકારનાં હોય છે. પરંતુ વૈજ્ઞાનિક દૃષ્ટિએ અને પ્રકૃતિનું સૂક્ષ્મ અવલોકન કરતાં આ વિધાનો સાચાં પડતાં નથી. અમુક પુષ્પો સાંજે બીડાતાં જોઇને કવિસંપ્રદાયમાં એવી વાત અતિ-રંજકતા રૂપે ગૃહીત થઈ ગઈ છે કે રાત્રે કમળ બીડાતાં મકરંદ-લોભી ભ્રમર રાતભર કમળ-કલિકામાં બંદી રહે છે સંસ્કૃતમાં આ ધારણા માટે એક સુભાષિત ખૂબ જ ગવાય છે:

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातम्
भास्वानुदेष्यति हसिष्यति पंकजश्रीः।
इत्थं विचन्तयति कोशगते द्विरेफे
हा हंत, हंत, नलिनीं गज उज्जहार॥

સાહિત્યશાસ્ત્ર અને કવિસંપ્રદાયની આવી રૂઢ માન્યતાઓ પ્રમાણે કમળ દિવસ-વિકાસી ને કુમુદ (પોયણાં) રાત્રિ-વિકાસી મનાય છે. આ માન્યતાને પોષણ કરનારું એક બીજું સુભાષિત પણ ખૂબ પ્રચલિત થઈ ગયું છે:

निरर्थकं जन्म गतं नलिन्यां—
यया न दृष्टं तुहिनांशुबिम्बम्।
उत्पत्तिरिन्दोरपि निष्फलैव
कृता विनिद्रा नलिनीन येन॥

અર્થાત્ નલિની (કમળ પુષ્પ)નો જન્મ નિરર્થક ગયો, જે કોઈ દિવસે ચંદ્રબિંબને જોઈ શકી નહિ અને ચંદ્રનું જીવન (જન્મ) પણ નિષ્ફળ ગયું જે નલિની (કમલિની)ને જગાડી શક્યો નહિ.

આયુર્વેદ પ્રમાણે કમળકાકડી શીતલ, સ્વાદિષ્ટ, પૌષ્ટિક, રક્તવિકાર-નાશક અને પિત્તશામક છે. કમળકાકડીનું પાણી કરી પીવાથી પિત્તજ્વર, તૃષા અને ઉલટી શમે છે.

પરદેશનાં પત્રમિત્રો

(12) Daniel Uduebor (m–21) No. 134, Akpakpava Rd. Benin City, Bendel state, NIGERIA—Music, Sports, Stamps. (13) Ludmila T. Xavier (f–18) AV. "A", No. 268, Vila Isaura, 7400 Goiania Est de Goais, BRAZIL—Post-cards, Pop-music. (14) Robert Schimid (m–20) Werner Sobart Str. 37/Z 488, D-775, Konstanz, W. Germny—Chess, Nature, Music. (15) Mohamed Zied (m–18) 47, Moratara Basha Str., Shods, Alexandria, Egypt—Stamps, Post-cards, Reading. (પ્રેષક: કનુ એસ. યોગી—વડનગર)



'કુમાર' વિષયોનું કેટલું વૈવિધ્ય આપતું રહ્યું છે તે આજથી પચ્ચીસ વર્ષ પહેલાના અંકમાં 'સમ સરવાળાના ચોરસ બનાવવાની રીતો' ઉપરના આ નીચે ઉતારેલા બે લેખોથી પ્રતીત થશે.

જેની ઊભી, આડી કે તિરકસ લીટીમાં આવતાં ખાનાં એમાંના અંકોનો સરવાળો એકસરખો જ આવે એવા 'સમ-સરવાળા' બનાવવાની રીત અમુક શાસ્ત્રીય પાયા પર રચાએલી છે. તે પાયો સમજ્યા પછી, ફક્ત ત્રણ ખાનાંના ચોરસ જ નહિ, પણ ત્રણથી અનંત સંખ્યા (infinity) સુધીની કોઈ પણ એકી (odd) સંખ્યાનાં ખાનાંના, (એટલે કે ત્રણ, પાંચ, સાત, નવ, અગિયાર વગેરે અનંત ખાનાંના) બનેલા સમ-સરવાળાના ચોરસો બનાવી શકાય. આ પદ્ધતિ મેં મારી આઠ વર્ષની ઉંમરે એક ગુજરાતી બાલમાસિક (જેનું નામ મને અત્યારે યાદ નથી)માં વાંચી હતી. કોઈ વાચકને એ માસિકનું નામ ખબર હશે અને મને જણાવશે તો એમનો આભારી થઈશ.

(૧) જે રકમનો સરવાળો જોઇતો હોય તે સંખ્યા, જેટલાં ખાનાંનો ચોરસ બનાવવાનો હોય તે સંખ્યાથી પૂરી રીતે ભાગી શકાય એવી હોવી જોઇએ. દા. ત. ૧૮નો સરવાળો ત્રણના ચોરસમાં જ મેળવી શકાય. પાંચના નહિ. એ જ રીતે ૧૨૫નો સરવાળો પાંચ કે પચીસ ખાનાંના ચોરસમાં જ મેળવી શકાય, ત્રણ, સાત કે અગિયાર વગેરેનામાં નહિ.


(૨)–ve (negative) કે + ve (positive) સરવાળાના ચોરસો બનાવી શકાશે. –ve કે + ve અંકોનો કે શૂન્યનો ઉપયોગ થઈ શકશે.

(૩) એક વખત વાપરેલો અંક બીજી વખત વપરાશમાં આવશે નહિ.


(૪) આડી, ઊભી કે કર્ણરેખા (diagonal)ની કોઈ પણ હારમાં સરવાળો કરતાં એક જ (ધારેલી) રકમ મળશે.

(૫) પદ્ધતિ: (अ) જેટલાં ખાનાંનો ચોરસ જોઇતો હોય તેની ચારે બાજુ, બંને છેડા તરફથી એકેક ખાનું છોડી, વધારાનાં ખાનાં ઉમેરો. આમ કરતાં છેલ્લે એક જ ખાનું રહે ત્યાં સુધી એક ઉપર એક એમ ખાનાંની હારે મૂકતા જાઓ (આકૃતિ ૧.)


(ब) હવે જે સંખ્યાનો સરવાળો જોઇતો હોય તેને, જેટલાં ખાનાંનો ચોરસ હોય તે સંખ્યાથી ભાગો. દા.ત. ૨૧નો સરવાળો ત્રણ ખાનાંના ચોરસમાં મેળવવો છે અને ૧૨૫નો સરવાળો પાંચ ખાનાંના ચોરસમાં મેળવવો છે; તો, ૨૧÷૩=૭; ૧૨૫÷૫=૨૫. હવે એ બંને મેળવેલા અંકોને (૭ અને ૨૫ને, તેઓના પોતપોતાના (respective) ચોરસના મધ્ય ખાનામાં અનુક્રમે મૂકો (આકૃતિ ૨ અને ૫.)



આકૃતિ ૧




આકૃતિ ૨




આકૃતિ ૩

૪	૯	૮
૧૧	૭	૩
૬	૫	૧૦

આકૃતિ ૪



આકૃતિ ૫



આકૃતિ ૬

(क) આમ, મધ્યનો અંક મૂક્યા બાદ, તે હારમાં, તેમ જ તેની આગળ અને પાછળની એકાંતરી હારમાં, diagonally (કર્ણરેખાએ,) અનુક્રમે ચડતા અંકો બતાવ્યા મુજબ મૂકતા જાઓ. (આકૃતિ ૩ અને ૬.)

(ड) હવે જોશો કે અમુક ખાનાં ખાલી રહે છે. એ પૈકી મુખ્ય ચોરસનાં ખાલી ખાનાં ઘેરાં કરી બતાવ્યાં છે. તે આ મુજબ ભરી દો:

તે માટે મુખ્ય ચોરસની ચારે બાજુએ આવેલાં તૂટક લીટીથી બતાવેલાં વધારાનાં ખાનાંઓમાંના અંકોને તેવા ને તેવા જ મુખ્ય ચોરસના **સામી બાજુનાં** ખાલી ખાનાંઓમાં ગોઠવી દો. દાખલા તરીકે આપણા ઉદાહરણમાં આકૃતિ ૩ જુઓ: એમાં '૯'નો અંક છેક સામી બાજુએ ઉપર 'a'ની જગ્યાએ ગોઠવાઈ જશે. '૫'નો અંક છેક નીચે 'b'ની જગ્યાએ, તેમ જ '૧૧' ને '૩'ના અંકો અનુક્રમે 'c' અને 'd'ની જગ્યાએ ગોઠવાઈ જશે. પછી વધારાનાં તૂટક લીટીવાળાં ખાનાં કાઢી નાખતાં, ૨૧ના સરવાળાનો ચોરસ આકૃતિ ૪ મુજબ તૈયાર થઈ જશે.

એ જ રીતે પાંચ ખાનાંના ચોરસમાં પણ આકૃતિ ૬માં બતાવ્યા મુજબ, મથાળાનો ૧૬, ૧૭ ને ૨૨ નો સમૂહ નીચે સામે A, B, Cની જગ્યાએ ગોઠવી દો, અને ડાબી બાજુનું ૧૮, ૧૩, ૧૪નું ઝૂમખું સામે જમણી તરફ આવેલા D, E, Fની જગ્યાએ ગોઠવો. નીચેનું ૨૮, ૩૩, ૩૪નું ઝૂમખું ઉપર G, H, Jની જગ્યાએ, અને જમણી તરફનું ૩૬, ૩૭, ૩૨નું ઝૂમખું ડાબી તરફ સામે K, L, Mની જગ્યાએ ગોઠવી દો. હવે વધારાનાં તૂટક લીટીવાળાં ખાનાં કાઢી નાખતાં ૧૨૫ના સરવાળાનો પાંચ ખાનાંનો ચોરસ તૈયાર થઈ ગયો. (નીચે આકૃતિ ૭)

આ ચોરસોની આડી, ઊભી, કે કર્ણરેખાની કોઈ પણ હારમાં સરવાળો કરતાં એક જ રકમ (ધારેલી અને નક્કી કરેલી) આવશે.


(૬) શૂન્ય –ve (negative) અંકનો વપરાશ બતાવતો ચોરસ.

(૭) –ve (negative) સરવાળો બતાવતો ચોરસ.

(૮) આનાથી એક પગલું આગળ વધતાં અપૂર્ણાંકનો પણ ઉપયોગ કરી શકાય તેમજ અપૂર્ણાંક સરવાળા પણ મેળવી શકાય. તેનાં ઉદાહરણ આ નીચે ૧, ૨, ૩, ૪, ૫ આકૃતિઓથી આપ્યાં છે. મેં જે પદ્ધતિ વાંચી હતી તે ફક્ત ત્રણ ખાનાંના ચોરસ

૧૫	૨૮	૨૧	૩૪	૨૭
૩૨	૨૦	૩૩	૨૬	૧૪
૧૯	૩૭	૨૫	૧૩	૩૧
૩૬	૨૪	૧૭	૩૦	૧૮
૨૩	૧૬	૨૯	૨૨	૩૫


આકૃતિ ૭



૧

૦	૫	૪
૭	૩	-૧
૨	૧	૬

૨



૩

-૪	+૧	૦
+૩	-૧	-૫
-૨	-૩	+૨

૪

૨ ૫/૧૨	૭ ૫/૧૨	૬ ૫/૧૨
૯ ૫/૧૨	૫ ૫/૧૨	૧ ૫/૧૨
૪ ૫/૧૨	૩ ૫/૧૨	૮ ૫/૧૨


૫

તેમ જ + ve (positive) પૂર્ણાંકને લગતી જ હતી. પછી ઉપર દર્શાવેલો એ જ પદ્ધતિ પરનો આગળનો વિકાસ (developement of the same theory) મેં મૌલિક રીતે મેળવ્યો છે. આશા છે કે 'કુમાર'ના વાચકોને આ પદ્ધતિ રસમય થઈ પડશે. –રોહિત દેસાઈ

... ...

ધારો કે એક પાંચ ખાનાવાળા અંકચોરસ (આકૃતિ ૧)માં ૧થી ૨૫ સુધીના અંકો વાપરીને આડી, ઊભી કે ત્રાંસી રીતે ગણતાં સરવાળો ૬૫ થાય તેમ ચોરસ પૂરવાનો છે.

આ અંકચોરસમાં ૧ થી ૨૫ સુધીના અંકો વાપરીને દરેક રીતે સરવાળો ૬૪ કે ૬૬, (કે ૬૫ સિવાયનો કોઈ પણ અંક) કરી આપવાનું કોઈ કહે તો તે અશક્ય છે. અમુક અંકો વાપરવાથી દરેક રીતે એક સરખો જ સરવાળો કરી આપવાનો અંક પણ નિશ્ચિત જ હોય છે. તે નિશ્ચિત અંક (ઉપરના દાખલામાં ૬૫) શોધવાની રીત આ પ્રમાણે છે :



નિશ્ચિત અંક=એક હારમાં કુલ ખાનાં× $\frac{\text{પહેલો અંક+છેલ્લો અંક}}{૨}$

એટલે, ઉપરના દાખલામાં, નિશ્ચિત અંક=૫× $\frac{૧+૨૫}{૨}$ =૬૫

હવે ઉપરના અંક ચોરસની ચારેય બાજુએ, આકૃતિ (૨)માં દર્શાવ્યા મુજબ ઊતરતા ક્રમમાં ખાનાં ઉમેરો. (ઉમેરેલાં ખાનાં કાપેલી રેખાઓમાં અને મૂળ ખાનાં ચોરસ ઘાટી રેખામાં દર્શાવેલાં છે.)

પછી એ આકૃતિમાં, મૂળ ચોરસના વિકર્ણનાં પાંચ ખાનાં (આકૃતિ ૩માં E થી F માં, તથા તેને સમાંતર બીજાં પાંચ ખાનાંવાળા બનેલા ચાર વિકર્ણો (A થી B, C થી D, G થી H, અને I થી J)માં એ આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે ૧ થી ૨૫ સુધીના ક્રમિક અંકો અનુક્રમે મૂકો. આમ કરવાથી આપણા ઘાટી લીટીવાળા મૂળ ચોરસના ૧૩ ખાનાંઓના અંકો ભરાઈ ગયા હવે ફક્ત ૧૨ ખાલી ખાનાંઓમાં, ચોરસની બહાર રહેલા બાર અંકો ભરવાના છે.

હવે ચોરસની બહાર રહેલા એ બાર અંકોને, દરેક અંકથી આડા કે ઊભા (ત્રાંસા નહિ) ચોરસથી અંદર ગણતાં પાંચમા ખાનાંમાં (જો ૭ ખાનાંનો ચોરસ હોય તો ૭મા ખાનામાં) પૂરવો. જેમ કે આકૃતિ ૩માં મથાળાના ૧ના અંકને ઉપરથી ઊભા નીચે ગણતાં પાંચમું ખાનું ૧૩ ને ૧૯ની વચ્ચે આવે છે. એટલે ૧ તેમાં મૂકવો તે જ પ્રમાણે ૪ને આડેથી ગણતાં ૧૨ ને ૧૬ની વચ્ચે, ૨૦ને ઉપર ગણતાં ૮ને ૨ની વચ્ચે, અને તે પ્રમાણે બધા અંકો પૂરવા. આમ કરવાથી આકૃતિ ૪માં બતાવ્યા પ્રમાણેનો અંક ચોરસ તૈયાર થશે.

આ ચોરસમાં આડાં, ઊભાં અને ત્રાંસાં ગણતાં બધાં ખાનાંઓમાં સરવાળો ૬૫ થશે. વાંચવામાં કદાચ આ રીત અઘરી લાગશે, પરંતુ એક વાર અજમાવ્યા પછી સાવ સરળ છે. ૫. ૫, કે કોઈ પણ એકી સંખ્યાવાળાં ખાનાંઓના અંકચોરસને આ રીતે બનાવી શકાશે. વળી, ૨ થી ૨૬, ૩ થી ૨૭, કે આવી રીતે કોઈ પણ ક્રમિક ૨૫ અંકો વાપરવા હોય તો પણ આ રીતમાં લાગુ પાડી શકાય છે.

ઉપરની રીત પ્રમાણે, ૧ થી ૪૯ સુધીના અંકો વડે, દરેક બાજુ-સરવાળો ૦ (=૫× $\frac{-૧૨+૧૨}{૨}$) થાય તે રીતે સાત ખાનાંનો અંકચોરસ ઉદાહરણાર્થે, આકૃતિ ૫માં ગોઠવી બતાવ્યો છે. –૧૨થી +૧૨ (ના ૨૫ આંકડાઓ સુધીના અંકો વાપરીને દરેક બાજુનો સરવાળો ૧૭૫ (=૭× $\frac{૧+૪૯}{૨}$) થાય તે રીતે પાંચ ખાનાંનો, અંકચોરસ પણ આકૃતિ ૬માં બતાવ્યો છે તે એમ સિદ્ધ કરવા કે આ રીત –ચિહ્નવાળા અંકોને પણ લાગુ પાડી શકાય છે. –ગૌતમ વખારિયા

અદ્ભુત ! અદ્ભુત !

મેસિડોનિયાનો રાજા ફિલિપ કળાનો ભારે શોખીન હતો. પોતાના દરબારમાં તે વખતોવખત કળાકારોની કૃતિઓનાં પ્રદર્શન ભરતો અને કળાકારોની પરીક્ષા પણ કરતો. તેના રાજ્યમાં બે મશહૂર ચિત્રકાર હતા. એકનું નામ ઝ્યૂસીશ અને બીજાનું પેરેસિયસ. બંને એક એકથી ચડે એવા. એક વાર ફિલિપે એ બંનેની પરીક્ષા કરવાને તેમને પોતપોતાનું શ્રેષ્ઠ ચિત્ર લઈ આવવાનું આમંત્રણ આપ્યું. બંનેએ પોતપોતાનું ચિત્ર રજૂ કર્યું. દરબાર ભરાયો હતો. ચિત્રો તરફ પ્રેક્ષકોની આંખો થંભી ગઈ હતી. ઇનામ ઝ્યૂસીશને જ મળશે એવી વાતો ગણગણતી વહેવા માંડી. ઝ્યૂસીશે ચિત્રમાં પાડી હતી તો બસ થોડીક દ્રાક્ષો; પણ એ તેણે એટલી ખૂબીથી ચીતરી હતી કે તે હૂબહૂ સાચી દ્રાક્ષો જેવી જ લાગતી હતી. થોડાંક પક્ષીઓને ત્યાં રજૂ કરતાં એ પક્ષીઓ દ્રાક્ષ ખાવા માટે ચિત્ર પર ચાંચ મારવા લાગ્યાં! ઇનામ ઝ્યૂસીશને મળશે એ વાત હવે નિશ્ચિત હતી.

એવામાં પેરેસિયસના ચિત્રને ખુલ્લું કરવાનો રાજાએ હુકમ કર્યો. તેના ચિત્ર પર મખમલનો એક પડદો ઢાંકયો હતો. પરીક્ષક જેવો એ પરદાને ખસેડવા ગયો કે તરત જ લોકો હસી પડયા, પણ બોલી ઊઠયા : 'અદ્ભુત! અદ્ભુત!' ઇનામ પેરેસિયસને મળી ગયું. તેણે બીજું કંઈ ચીતર્યું ન હતું: માત્ર મખમલના પરદાનું જ એ ચિત્ર હતું. પણ તે તદ્દન સાચા પરદા જેવું જ લાગતું હતું!

—હરીશ નાયક

સાહિત્યસંપર્ક

શબ્દકથા : ઓછાયો · વણુછો · પડછો

ઓછાયો 'છાંયડો' એવા અર્થ ઉપરાંત ઓછાયો લાગવો જેવા પ્રયોગો 'અશુભ છાયા પડવી', '(ભૂતપ્રેતની) ઓઝટ કે ઝપટ લાગવી' એવા અર્થમાં પણ વપરાય છે. મરાઠી ઓસવા, વસવા 'વણુછો' પણ છોડને ઊગવા માટે હાનિકર એવા ઝાડના પડછાયાનો વાચક છે. આ ગુજરાતી અને મરાઠી શબ્દોના મૂળમાં સંસ્કૃત अपच्छाया, પ્રાકૃત अवच्छाय છે. ગુજરાતી શબ્દ માટે ટર્નરે अवच्छाद એવું જુદું રૂપ મૂળ તરીકે કલ્પ્યું છે પરંતુ તેમ કરવું જરૂરી નથી.

વણછોના મૂળમાં वनच्छाया છે. જોડણીકોશમાં તે માટે पर्णच्छाया સૂચવેલું છે, પણ તો 'પણુછો' એવું શબ્દરૂપ નીપજે, 'વણુછો' નહિ.

પડછો પડછાયા માટે અને શેરડીના મથાળાનાં પાંદડાં માટે વપરાય છે. પહેલા અર્થમાં તે સંસ્કૃત प्रतिच्छाया, પ્રાકૃત पडिच्छाया પરથી થએલો છે. 'પડછાયો'ના મૂળમાં પણ એ જ શબ્દ છે. 'અમુકને પડછે' જેવા પ્રયોગોમાં આ જ અર્થનો લક્ષણાથી વિસ્તાર છે.

શેરડીનાં પાદડાંના અર્થવાળા પડછોના મૂળમાં प्रतिच्छद, પાલિ पटिच्छद, પ્રાકૃત पडिच्छय 'આચ્છાદન' હોવાનું જણાય છે તેને प्रतिच्छंद સાથે કશો સંબંધ નથી.

—હરિવલ્લભ ભાયાણી

Myth (મિથ)

પ્રફુલ્લ જે. રાવળ

'હવે
કોઈ શોક શ્લોકત્વ નહિ પામે,
ક્રૌંચના વધથી
વાલ્મીકિ
ટેવાઈ ગયા છે.

(જિતેન્દ્ર કા. વ્યાસ)

અહીં માત્ર અલ્પ શબ્દો દ્વારા કવિએ એક પુરાણા પ્રસંગને ભાવકના માનસમાં જાગ્રત કર્યો છે ને જગતમાં ચાલતા અસીમ દુઃખનું નિરૂપણ કર્યું છે. આ નિરૂપણ અર્થે કવિએ મિથનો વિનિયોગ કર્યો છે. આ મિથ શું છે?

સર્જક દીર્ઘકાળથી પોતાના સર્જનની અભિવ્યક્તિ અર્થે સાહિત્યિક ઉપકરણનો સહારો લેતો આવ્યો છે. સંસ્કૃત સાહિત્યમાં લય ને ગાન અર્થે છંદનો વિનિયોગ તો તેની સુંદર અભિવ્યક્તિ અર્થે અલંકારનો વિનિયોગ અતિ વ્યાપક રૂપમાં દૃષ્ટિગોચર થાય છે. સમયાનુસાર ઉપકરણમાં પરિવર્તન થયા કરે છે. અલંકાર પછી પ્રતીક (Symbol) ને કલ્પન (Image)નો ઉપયોગ સર્જકે કર્યો. છેલ્લા થોડા સમયથી મહદ્ અંશે કાવ્યક્ષેત્રે જે પરિવર્તન આવ્યું છે તેમાં સર્જકો ક્યાંક ભાવથી અભિવ્યક્તિ અર્થે Mythનો વિનિયોગ કરતા રહ્યા છે. મથાળે તેનું એક ઉદાહરણ આપ્યું છે. પોતાને અભિપ્રેત ભાવના ભાવકના માનસમાં સંક્રાન્ત કરવા માટે કવિ એ ભાવનાને નિરૂપવા કોઈ પ્રાચીન પ્રસંગ, કથા, પાત્ર ને તેની પ્રવૃત્તિ કે સ્થિત ઘટનાને લઇને પોતાના સર્જનમાં એવી રીતે ગૂંથે છે કે જેથી સર્જકને અભિપ્રેત ભાવનાને પુષ્ટિ મળી રહે છે. આ પુષ્ટિ આપતો પ્રાચીન પ્રસંગ કે પાત્ર અથવા પુરાણી કથા Myth રૂપે ઓળખાવી શકાય.

પ્રાચીન કાળ, સૃષ્ટિ અને તેની ઘટનાઓ સાથે સંબંધિત વિચિત્ર કે રહસ્યમય કથાઓ, દૈવી કે આસુરી પાત્રો મિથ રૂપે ઘટાવી શકાય. સુભગ કે અસુભગ ભાવનાના ચિત્રણ અર્થે પ્રાચીન દૈવી-આરાસુરી વૃત્તિની નિદર્શક કથાઓ મિથમાં સ્થાન પામી શકે. સાહિત્યવિવેચનમાં મિથ માટે પુરાણ કલ્પન, કલ્પિત કથા, પુરાણવાર્તા કે પુરાણ, પુરાકથા, આદિમ કથા, પુરાકથાપ્રતીક ઇત્યાદિ જેવી સંજ્ઞાઓનો વિનિયોગ થાય છે. પરંતુ વાસ્તવમાં મિથ સ્વયં એટલું બધું વ્યાપક છે કે તેના સાર્થ અર્થ માટે ઉપર્યુક્ત એક પણ સંજ્ઞા નભી શકે તેમ નથી. જે પર્યાય મિથ માટે આપણે ત્યાં પ્રચલિત છે તે અમુક ચોક્કસ અર્થમાં સીમિત થઈ જાય છે. આથી "'પુરાકથા' કે 'આદિ કથા' એક અર્થમાં, 'પુરાપ્રતીક' બીજા અર્થમાં અને 'પુરાકથાપ્રતીક' ત્રીજા અર્થમાં 'મિથ' માટે યોજી શકાય" એવો વૈકલ્પિક મત ડૉ. હરિવલ્લભ ભાયાણી દર્શાવે છે. અલબત્ત મિથનો નિશ્ચિત પર્યાય હજી શોધવો રહ્યો.

મિથ દ્વારા કવિ આધુનિક ભાવનાને પૌરાણિક પ્રસંગ-ઘટના કે પાત્રના સહારે ભાવકના ચિત્તતંત્ર સુધી પહોંચાડે છે. આ પૌરાણિક પ્રસંગ, ઘટના કે પાત્રનો એવી રીતે વિનિયોગ કરવાનો છે કે તે પ્રતીક ન બની જાય. પ્રતીક એક સંકેત છે. મિથ સંકેત દર્શાવવા માત્રથી અટકી જતું નથી. અલબત્ત, તે પ્રથમ flash રૂપે સંકેત કરે છે ને પછી પ્રસંગ–ઘટના સાથે એવી રીતે સંલગ્ન થઈ જાય છે કે એક નવી જ અર્થચ્છાયા ઉદ્ભવે છે. આમ મિથ બૃહદ અર્થમાં સાહિત્યનું ઉપકરણ બની રહે છે. આ ઉપકરણની સીમા ને તેમાંથી ઉદ્ભવતો અર્થ સીમિત નથી. અલબત્ત તેનો વિનિયોગ કરતો સર્જક જો સભાન ન હોય તો મિથ ક્યારેક પ્રતીક—સિમ્બૉલ બની બૃહદતાને પરિત્યાગી સીમિત અર્થ આપી રહે છે.

કાસિરેર માને છે કે જરૂરિયાત પ્રમાણે પ્રતીક ઘડાય છે ને પ્રયોજાય છે. એમ જ મિથ જરૂરિયાત પ્રમાણે સર્જક દ્વારા પ્રયોજાઇને સાહિત્યનું ઉપકરણ બની રહે છે. કૃતિમાં સ્વાભાવિક રૂપે આવતું મિથ કૃતિના અંતસ્તત્ત્વને નવું જ પરિમાણ આપે છે. પૌરાણિક સંબંધો વિશાળ અર્થમાં કાવ્યમાં પ્રયોજાઇને આચ્છાદિત કરે છે ત્યારે મિથનું અલગ અસ્તિત્વ નિર્મૂલ થઈ કવ્યમાં સમાઈ જાય છે. 'પ્રાચીના'-માંનાં કાવ્યોમાં એ દેખાય છે. પૂર્ણ રૂપે મિથ-સભર એ કાવ્યોમાં પણ આધુનિકનૂતન ભાવોનું નિરૂપણ કર્યું છે ઉમાશંકરે સુંદર રીતે 'આદિમ' કથા કે ઘટના જેટલો મર્યાદિત અર્થ સમજીએ તો મિથ સંસ્કૃત સાહિત્યમાં જોવા મળે, પરંતુ સાહિત્યના એક ઉપકરણ લેખે તો સર્જકોએ તેનો વિનિયોગ થોડાક સમયથી જ પ્રારંભ્યો છે.

આધુનિક કવિઓ યુગને અભિપ્રેત ભાવનાથી અભિવ્યક્તિની પુષ્ટિ અર્થે મિથનો વિનિયોગ કરે છે. છતાં હજુ ગુજરાતી સાહિત્યમાં કાવ્ય કે અન્ય સાહિત્ય સ્વરૂપમાં કોઈ સર્જકે મિથ દ્વારા ચિત્તતંત્રને આચ્છાદિત કરી તેમાંથી એક પ્રકારનું સંવેદન નિષ્પન્ન કરતી કૃતિનું સર્જન કર્યું નથી. મિથ સંજ્ઞા સ્વયં અતિ વ્યાપક છે, ને સર્જક પાસે ભાવના કે તેની અભિવ્યક્તિ સંકુચિત છે. કોઈ એક યુગની સમગ્ર ચેતનાને સાહિત્ય દ્વારા માનવજગત સમક્ષ ઉદ્ઘોષિત કરવા અર્થે મિથ ઉત્તમ ઉપકરણ છે. □

નવાં પ્રકાશનો

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા, જ્ઞાન-વિજ્ઞાનની વિવિધ શાખાઓનાં અધિકૃત પુસ્તકો પ્રજાને પ્રાપ્ત થાય એ ઉચ્ચાશયથી પુસ્તકપ્રકાશનની જે પ્રવૃત્તિ ચાલે છે તે અન્વયે નીચે પ્રમાણે પુસ્તકો પ્રકટ થયાં છે:

ઉદ્યોગોનું અર્થશાસ્ત્ર : ઉદ્યોગ એ આજના આર્થિક સમાજની કરોડરજ્જુ જેવો છે ત્યારે તે વિષયનું જ્ઞાન ઉદ્યોગમાં પ્રવેશનાર ને પ્રવેશી ચૂકેલા સહુને સમ્યકતયા મળી રહે એ આશયથી ડૉ. ગિરીશ ઠક્કર પાસે આ ગ્રંથ તૈયાર કરાવવામાં આવ્યો છે. ગ્રંથના ઉપશીર્ષકમાં જણાવ્યુ છે તે પ્રમાણે અહીં 'શ્રમનું અર્થશાસ્ત્ર અને ઔદ્યોગિક સંબંધો' વિષે વિશદ છણાવટ કરવામાં આવી છે. કુલ ૧૭ પ્રકરણમાં વિભક્ત આ ગ્રંથમાં શ્રમ બજાર, વેતન નિર્ધારણ, વેતનની નીતિ-પદ્ધતિઓ, રાષ્ટ્રીય આવકમાં વેતનનો ફાળો આદિથી ઔદ્યોગિક ઝગડાઓ, મજૂર-સંચાલન-સહકાર, અન્ય દેશોમાં મજૂર-સંઘની પ્રવૃત્તિઓ, બેકારીની સમસ્યા વગેરે પાસાંઓની ચર્ચા કરવામાં આવી છે. (પાકું પૂઠું, પૃ. ૫૩૫, રૂ. ૧૫.)

ભારતીય સંવિધાનનો કાયદો : કાયદાશાસ્ત્રનો આજ વ્યવસ્થિત શિક્ષણવિકાસ અને વિસ્તાર થયો છે ત્યારે સર્વશ્રી હરસુખરાય છ. ધોળકિયા અને સુરેશચંદ્ર ન. પરીખે તૈયાર કરેલો આ ગ્રંથ કાયદાશાસ્ત્રના વિદ્યાર્થીઓને તો ઉપયોગી થશે જ, પણ લોકશાહીનાં આ વર્ષોમાં જાગ્રત અને શિષ્ટ વાચકવર્ગને પણ એટલો જ ઉપયોગી બની રહેશે. કુલ ૧૨ પ્રકરણના આ વિસ્તૃત ગ્રંથમાં ભારતીય સંવિધાનના આમુખની, નાગરિકતાની, નાગરિકના મૂળભૂત હક્કોની (સવિશેષ વિગતને વિસ્તારથી), રાજ્ય-કેન્દ્રના સંબંધોની, એમ વિવિધ ચર્ચાઓ કરવામાં આવી છે. લખાવટની શૈલી શાસ્ત્રીય ગ્રંથને અનુરૂપ હોઈ એ રીતે એક પાઠ્યપુસ્તકની પણ ગરજ સારે તેવું આ પ્રકાશન છે. (પાકું પૂઠું, પૃ. ૧૧૮૧, રૂ ૨૬.)

ભારતમાં વિજ્ઞાનનો સંક્ષિપ્ત ઇતિહાસ : વિજ્ઞાનની આજે જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં બોલબાલા છે ત્યારે ભારતે એ દિશામાં શી ગતિ-પ્રગતિ કરી છે તેનો સંક્ષેપમાં ચિતાર આપતું પુસ્તક મૂળ અંગ્રેજીમાં ઈ. ૧૯૭૧માં 'A Concise History of Science in India' શીર્ષકથી પ્રકટ થએલું તેનો આ સુભગ ગુજરાતી અનુવાદ શંભુપ્રસાદ સોમનાથ દવે દ્વારા કરાયો છે, જેમાં ખગોળશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર, રાસાયણિક વ્યવસાયો અને કીમિયાગરી, કૃષિવિજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, ભૌતિક જગત, મત અને વિચારો વગેરેની માહિતી ઉપરાંત ઓગણીસમી સદીના અંત સુધી ભારતમાં પશ્ચિમનું વિજ્ઞાન કેવું હતું તેની તથા ઉપસંહારમાં આપણા પ્રાગ્-ઐતિહાસિક કાળથી આજ સુધીની વિજ્ઞાનક્ષેત્રની સારણી અને માહિતી આપવામાં આવી છે. (પાકું પૂઠું, પૃ. ૯૨૪, રૂ. ૩૮.)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



ડૉ. સુનીલ કોઠારી

જન્મ : ૨૦-૧૨-૧૯૩૩, મુંબઈમાં. વડોદરા મ. સ. યુનિ૦ના નૃત્યવિભાગનાં વડાં શ્રીમતી અંજલિ મેઢના માર્ગદર્શન નીચે 'ડાન્સ, ડ્રામા ઍન્ડ રસ થીઅરી' પર મહાનિબંધ લખી ડૉક્ટરેટ મેળવનાર સર્વ પ્રથમ નૃત્ય વિવેચક. ગુજરાતી અને સંસ્કૃત સાથે એમ. એ. અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ. સીડનહામ કૉલેજ ઑવ કૉમર્સમાં '૬૩ થી '૬૮ સુધી ગુજરાતીના ને હાલ ઍકાઉન્ટન્સીના પ્રાધ્યાપક. બ્રિટિશ કાઉન્સિલની સ્કૉલરશિપ મેળવી '૬૯માં ક્લાસિકલ બૅલેના અભ્યાસ માટે બ્રિટન ને યુરોપનો પ્રવાસ કર્યા પછી અનેક વિદેશ પ્રવાસો. '૭૭થી 'યુનેસ્કો'-ના 'ઇન્ટરનૅશનલ ઑવ ડાન્સ' પારી(સ)ની કારોબારી સમિતિના સભ્ય સ્ટૉકહૉમ અને ન્યૂ યૉર્કનાં ડાન્સ મ્યૂઝિયમની સલાહકાર સમિતિના સભ્ય. ભારતીય વિદ્યાભવનના કલાકેન્દ્રના માનદ મંત્રી, સૂરસિંગાર સંસદની ગવર્નિંગ કાઉન્સિલના સભ્ય. 'માર્ગ'ના 'છાઉ નૃત્ય' વિશેષાંકના સંપાદક. ન્યૂ યૉર્ક 'ડાન્સ મૅગેઝીન'ના ભારતના પ્રતિનિધિ અને 'ટાઇમ્સ ઑવ ઇંડિયા'ના પ્રમુખ નૃત્ય વિવેચક. તેમણે 'માર્ગ' માટે સંપાદિત કરેલો અંગ્રેજી ગ્રંથ 'ભરતનાટ્યમ્', ડૉક્ટરેટ માટેનો તેમનો મહાનિબંધ તથા નૃત્ય-વિષયક અન્ય પુસ્તકો પ્રકટ થવાનાં છે.

૧ શાસ્ત્રીય નૃત્યોના આસ્વાદ માટે શું શું જાણવું જરૂરી છે.

ઉ નૃત્યોને સમજવા માણવા માટે નૃત્ય જોવાની એક પણ તક ગુમાવવી ન જોઇએ. સંસ્કૃત સાહિત્ય, રામાયણ, મહાભારત, પુરાણો આદિનો પરિચય પણ હોવો ઘટે. કારણ શાસ્ત્રીય નૃત્યોમાં તેમાંના ઘણા કથા-પ્રસંગોનું નિરૂપણ હોય છે.

૨ ભારતનાં શાસ્ત્રીય નૃત્યો અને ધર્મનો સંબંધ અવિભાજ્ય મનાય છે. આજે એ જોવા મળે છે?

ઉ ધર્મની ભૂમિકા વિના પરંપરાગત શાસ્ત્રીય નૃત્યપ્રકારોને હૃદ્ગત કરવા મુશ્કેલ છે. પ્રત્યેક કલાકારની ધર્મની સમજ અંગત હોય છે. કેટલાક કલાકારો નિજી પ્રતિભાથી ધર્મપરિપોષક વાતાવરણ જમાવી શકે છે. પણ આ અનુભવ ભાવક ને નર્તકની ધર્મવિષયક સજ્જતા પર અવલંબે છે.

૩ નૃત્ય-વિવેચકમાં કઈ કઈ ક્ષમતા હોવી જોઇએ?

ઉ સૌ પ્રથમ તો તે સહૃદય હોવો જોઇએ. વિધવિધ નૃત્યશૈલીઓ, જે તે પ્રદેશની સાંસ્કૃતિક પરંપરાઓ ને અનેક કલાકારોની લાક્ષણિકતાઓથી એ પરિચિત હોવો જોઇએ. નૃત્યોની દરેક ટૅકનિકની સમજ અને સંગીત વગેરે અન્ય લલિત ને આનુષંગિક કળાઓ માટે રુચિ અને આદર પણ હોવાં ઘટે.

૪ ભારતીય નૃત્યશૈલીઓમાં આપને કોનું શું ઉત્તમ લાગ્યું છે?

ઉ ભરતનાટ્યમમાં બાલાસરસ્વતીનો અભિનય; ભાવનિરપેક્ષ નૃત્તમાં યામિની કૃષ્ણમૂર્તિ; રુક્મિણીદેવીની નૃત્ય-નાટિકાઓ; કુંજુકુરુપ અને કલામણ્ડલમ્ કૃષ્ણનાયરનું કથકલી; શંભુ મહારાજ ને બિરજુ મહારાજનું કથક; ગુરુ અમુબીસિંઘ, ગુરુ બિપિનસિંઘ અને ઝવેરી બહેનોનું મણિપુરી; વેદાન્તમ્ સત્યમ્નું કુચિપુડી; ઓડિસ્સીમાં ગુરુ કેલુચરણ મહાપાત્ર ને અભિનયમાં કુમકુમદાસ તથા સરાઈકેલા છાઉમાં કેદારનાથ સાહુને હું ઉત્તમ માનું છું.

૫ અને વિદેશનાં ક્લાસિકલ બૅલે અને મૉડર્ન ડાન્સમાં?

ઉ રશિયાનાં ક્લાસિકલ બૅલે સર્વોત્તમ છે. બૉલ્શૉયનાં ગાલિના ઉલાનોવા અને માયા પ્લિસેત્સ્કાયા; લેનિનગ્રાડમાં કીરોવના ન્યુરેવ અને બેરિશનિકોવ, લંડનમાં રૉયલ બૅલેનાં માર્ગો ફૉન્ટેઈન; બેલ્જિયમમાં મોરીસ બેજાર; ન્યૂ યૉર્કમાં માર્થા ગ્રેહામ અને ઍાલ્વિન નિકોલાઈ.

૬ સાંપ્રત પ્રસંગોને શાસ્ત્રીય નૃત્યશૈલીમાં નિરૂપી શકાય?

ઉ નવી શૈલીના સર્જન વિના એ લગભગ અશક્ય છે. ઉદયશંકરે 'લેબર ઍન્ડ મશિનરી'માં તે વિષયને અનુરૂપ નૃત્ય-ચલનો સરજીને નૃત્યસંકલના કરેલી, પણ તે પછી એમના જેટલી પ્રતિભા હજી કોઇએ દાખવી નથી.

૭ સંશોધન ઉપરાંત નૃત્યકલા વિષે આપની કોઈ યોજના ખરી?

ઉ ગુજરાતની ૯માથી ૧૯મા સૈકા સુધીની નૃત્ય પરંપરાઓ પર સંશોધન કરું છું. 'ડાન્સ મ્યૂઝિયમ'ની એક યોજના વિચારી છે, જેમાં આપણી સૈકાઓ જૂની ભાતીગળ નૃત્ય પરંપરાઓની ઝાંખી થવા ઉપરાંત, સંશોધન, દસ્તાવેજીકરણ અને પ્રયોગ (પર્ફોર્મન્સીઝ)નો ત્રિવેણીસંગમ રચી શકાય.

ડૉ સુનીલ કોઠારી

મોટરવાહનમાં શક્તિસંચારણ અને યંત્રરચના : એક રીતે જોવા જઇએ તો આ ઑટોમોબાઈલનો યુગ છે. આ ગ્રંથમાં એના લેખકો સર્વશ્રી મીતુ એ દાદાચાનજી તથા બળવંત એમ. સંઘવીએ મોટરની યંત્રરચનાનું સચિત્ર શિક્ષણ અને જ્ઞાન પૂરુ પાડયું છે. ઈજનેરી શાખાના વિદ્યાર્થીઓને તો આ પુસ્તક એમના અભ્યાસક્રમની દૃષ્ટિએ ઉપયોગી થાય જ, પણ એ પ્રકારના વ્યવસાયમાં પડેલા તેમ જ એના પ્રત્યક્ષ ચાલનમાં સંડોવાએલા સહુને એ ઉપયોગી થઈ પડે તેવું હોઈ આવકાર્ય છે. (પાકું પૂઠું, પૃ. ૩૪૦, રૂ. ૨૦.)

વિશ્વરાજકારણ : રાજકારણે મનુષ્યના જીવનનો અને મગજનો બડો કબજો આજે લીધો છે ત્યારે નાના થતા જતા વિશ્વનું રાજકારણ પણ એને માટે આકર્ષક નીવડે છે. આથી આ દૃષ્ટિએ રાજકારણના અભ્યાસીઓ, જિજ્ઞાસુઓ, વિદ્યાર્થીઓ સહુને યુરોપીય સત્તાઓનો ઉદય : 'રાજ્યપ્રથા', 'સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદ', 'એશિયા–આફ્રિકામાં રાષ્ટ્રવાદ', 'દ્વિધ્રુવી વિશ્વ' અને 'આંતરરાષ્ટ્રીય સંગઠનની ઉત્ક્રાંતિ' એમ પાંચ પ્રકરણમાં વહેંચાયેલું આ પુસ્તક ઉપયોગી થઈ પડશે. (લે. હસમુખ જ. પંડયા, કાચું, પૃ. ૨૧૬, રૂ. ૭–૫૦.)

ભારતનો ઇતિહાસ : ઈ. ૧૫૨૬ થી ૧૭૦૭ સુધીના ભારતના ઇતિહાસની આ ગ્રંથમાં સરળ શૈલીમાં ઝાંખી કરાવવામાં આવી છે તે ઇતિહાસના વિદ્યાર્થીઓ અને સામાન્ય જિજ્ઞાસુ જનોને રસપ્રદ ને ઉપયોગી વાચન સામગ્રી પૂરી પાડી રહેશે તેમાં શંકા નથી. (લે. પ્રા. જશુ બી. પટેલ, પાકું, પૃ. ૫૬૮, રૂ. ૨૫.)

ભારતીય અભિલેખવિદ્યા : અભિલેખવિદ્યા માનવ અને સમાજવિદ્યાની વિકાસયાત્રા સમજવામાં એક અગત્યનું સાધન છે. આ સાધનની પુસ્તકમાં તદ્દ્વિષયના વિદ્વાન પ્રા. ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી દ્વારા શ્રદ્ધેય સામગ્રી અને ચર્ચા રજૂ કરવામાં આવી છે તે આ વિદ્યામાં રસ ધરાવનાર સહુને ખૂબ જ ઉપયોગી થાય તેવી છે. છેલ્લે રજૂ થએલી ચિત્રાવલિ પુસ્તકની ઉપયોગિતામાં ઓર ઉમેરો કરે છે. (પાકું પૂઠું, પૃ. ૪૩૮, રૂ. ૧૯.)

ગુજરાતની ભાષા : ભાષાવિજ્ઞાનના ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપનાર ડૉ. ટી. એન. દવેના મૂળ અંગ્રેજી પુસ્તક 'The Language of Gujarat'નો શ્રીમતી મીનાક્ષી કનુભાઈ પટેલે કરેલો આ ગુજરાતી અનુવાદ ભાષાશાસ્ત્રમાં રસ ધરાવનારા સહુને તેમ જ યુનિવર્સિટી કક્ષાએ તે વિષયનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લાભદાયી થઈ પડશે. (કાચું, પૃ. ૧૦૪, રૂ. ૩-૫૦.)

ગુજરાતી નવલકથા : ઈ. ૧૯૭૨માં પ્રકટ થએલા સર્વશ્રી રઘુવીર ચૌધરી અને રાધેશ્યામ શર્માના ગ્રંથની પ્રથમ આવૃત્તિમાં અગાઉ રહી ગએલી કેટલીક વિગતો ઉમેરીને શોધિત-સંવર્ધિત આ બીજી આવૃત્તિ પ્રકટ કરવામાં આવી છે તે સાહિત્યના ઇતિહાસના વિદ્યાર્થીઓને ઠીક ઠીક સંભાર પૂરો પાડી રહેશે. (પાકું પૂઠું, પૃ. ૩૧૯, રૂ. ૧૨.) —ધી. પ.

આવકાર

સાહિત્ય સંગમ

બાવા સીદી, ગોપીપુરા, સૂરત-૧

ઘરઘરનાં ઔષધો : લે. 'પુનર્વસુ'. પાકું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૧૩–૫૦.

ઘરઘરનો આયુર્વેદ : લે. 'ચિકિત્સક'. પાકું પૂઠું પૃ. ૩૧૨, રૂ. ૧૩–૫૦.

ગીતાદર્શન : લે. યોગેશ્વરજી. પાકું પૂઠું, પૃ. ૮૮૦, રૂ ૨૫-૦૦.

અમ્લપીત્ત–૧, હાઇપ્રેસર–૨, ચામડીના રોગો-૩, સંધિવા–આમવાત–૪, આર્તવ-વિકાર-૫, વ્યંધ્યત્વ-૬, કેન્સર–૭, શરદી-સળેખમ–૮, શુક્રસ્રાવ–૯, દમ-સસણી–૧૦, ડાયાબિટિસ–૧૧, આહાર-આરોગ્ય–૧૨ (દરેક પુનર્મુદ્રણ, લે. પુનર્વસુ. કાચું પૂઠું, પૃ. આશરે ૪૦ થી ૫૬, દરેકની કિંમત રૂ. ૨-૦૦).

કુસુમ પ્રકાશન

નવચેતન, નારાયણનગર, અમદાવાદ-૭

જીવન જીવવાની કળા : અનુ. મુકુન્દ પી. શાહ. કાચું પૂઠું, પૃ. ૧૫૨, રૂ. ૨–૫૦.

જીવનઘડતર : લે. ચાંપશી ઉદેશી. કાચું પૂઠું, પૃ. ૬૨, રૂ. ૨–૫૦.

જીવનમાંગલ્ય : લે. ચાંપશી ઉદેશી. કાચું પૂઠું, પૃ. ૬૨, રૂ. ૨–૫૦.

બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ-૪

પ્રેમસખી પદાવલી : સં. પ્રો. અનંતરાય રાવળ. કાચું પૂઠું, પૃ. ૧૩૪, રૂ. ૪–૦૦.

આધાર વચ્ચે અનરાધાર : લે. નાનુભાઈ દવે. કાચું પૂઠું, પૃ. ૧૪૪, રૂ. ૪–૦૦.

વેદ-રસ : કાચું પૂઠું, પૃ. ૨૧૪, રૂ. ૬–૦૦.

દેવાનંદ પદાવલી : સં. ડૉ. જયંત પાઠક. કાચું પૂઠું, પૃ. ૭૬, રૂ. ૩–૦૦.

ભગવાન સ્વામિનારાયણ સંગીતકલાના પોષક : લે. નીતુ મજમુદાર. કાચું પૂઠું, પૃ. ૩૦, રૂ. ૦–૬૦.

સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામી : લે. શાસ્ત્રી ભક્તિપ્રિયદાસ. કાચું, પૃ. ૩૦, રૂ. ૦–૬૦.

ભક્તરાજ દાદા ખાચર : લે. સાધુ માધવપ્રિયદાસ. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૦–૬૦.

સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામી : લે. શાસ્ત્રી સિદ્ધેશ્વરદાસ. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૦–૬૦.

અન્ય

ગાંધીજીવન-૧ : જીવનઉષા, ગાંધીજીવન-૨ : જીવનઘડતર, ગાંધીજીવન-૩ : જીવનસાધના, ગાંધીજીવન-૪ : જીવન-તપ, ગાંધીજીવન–૫ : જીવનમંથન, ગાંધીજીવન-૬ : જીવનસંધ્યા, ગાંધીજીવન-૭ : જીવનસરણી. (દરેકના લે. રતિલાલ અધ્વર્યુ. પ્ર૦ : મહેન્દ્ર અધ્વર્યુ. ૩, દત્ત સોસાએટી, અમદાવાદ–૭. કાચું પૂઠું, પૃ. ૨૩૯ થી ૨૭૨, દરેકની કિંમત રૂ. ૫-૦૦.)

કાશ્મીર (પરિચય પુસ્તિકા ૪૭૫) : લે. ઇન્દિરા ડગલી. પ્ર૦ : પરિચય ટ્રસ્ટ, મુંબઈ. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ ૦–૭૫.

મહાકવિ વલ્લથોળ (પ. પુ. ૪૭૬) : લે. એમ. કે. કે. નાયર. પ્ર૦ : ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૦–૭૫.

ભારતનો ખાંડઉદ્યોગ (પ. પુ. ૪૭૭): લે. અભિજિત દોષી. પ્ર૦ : ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૩૨. રૂ. ૦–૭૫.

કુદરતી સંપત્તિની જાળવણી (પ. પુ. ૪૭૮) : લે. એચ. એમ. પટેલ. પ્ર૦ : ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૦-૭૫.

ટેસ્ટટ્યુબ બાળક (પ. પુ. ૪૭૯) : લે. સાધના દેસાઇ. પ્ર. ઉપર મુજબ. પૃ. ૩૨, રૂ. ૦-૭૫

આજનું ચીન (પ્ર. પુ. ૪૮૦) : લે. બી. જી. વર્ગીસ. પ્ર. ઉપર મુજબ. પૃ. ૩૨, રૂ. ૭૫.

ઘટના : લે. એસ. એસ. શાહી. પ્ર૦ : પોતે. કેસર ઇલેક્ટ્રિકલ્સ, સાંગણવા ચોક, રાજકોટ-૧. કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૫–૦૦.

આપણો માનવીય વારસો : અનુ. રાધેશ્યામ શર્મા. પ્ર૦ : ભાષાન્તરનિધિ, ભાવનગર. કાચું પૂઠું, પૃ. ૨૯૩, રૂ. ૧૨–૦૦.

યૌવન સમસ્યા-૩૪ : લે. વૈદ્ય નવીનભાઈ ઓઝા. પ્ર૦ : જનઆરોગ્ય પ્રકાશન, સ્વામીનારાયણ મંદિર પાસે, વાડી, વડોદરા-૧. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૧–૫૦.

આપણાં ફળો-૩૫ : લે. પ્ર. ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૧–૫૦.

શક્તિ માટે શિયાળો–૩૬ : લે. પ્ર. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૩૦, રૂ. ૧–૫૦.

સંપૂર્ણ ગાંધીવાઙ્મય-૬૯ : પ્રકાશન વિભાગ, નવી દિલ્હી-૧. કાચું, પૃ. ૫૫૧, રૂ. ૭-૫૦.

અદ્વિતીય લોકચાહના પામેલો અમેરિકન ચિત્રકાર
નૉર્મન રૉકવેલ

સૂક્ષ્મ રમૂજ સાથે તળપદાં અમેરિકન પાત્રોની વિગતસભર સચોટ આલેખના માટે લગભગ આખી દુનિયામાં વિખ્યાત અમેરિકન ચિત્રકાર નૉર્મન રૉકવેલનું ગયા નવેમ્બર માસમાં ૮૪ વર્ષની વયે અવસાન થતાં અમેરિકન કસબાઓના રોજિંદા લોકજીવનનાં દર્શન પર જાણે કે પર્દો પડી ગયો છે.

ન્યૂ યૉર્કમાં ઈ. ૧૮૯૪ની ૩જી ફેબ્રુઆરીએ એનો જન્મ. પિતા જે વૅરિંગ રૉકવેલ પણ ચિત્રકામના જાણકાર હતા, પણ ફિલાડેલ્ફિયાની એક સુતરાઉ ચીજોની પેઢીમાં બહુ ઓછા પગારે પણ વફાદારીપૂર્વક ચીટકી રહ્યા હતા. માતા ઍન મેરી પણ એક અંગ્રેજ ચિત્રકારનાં પુત્રી હોઈ એમનામાં પણ ચિત્રકામની રુચિ હતી. એમના બેમાંના મોટા પુત્ર નૉર્મનમાં પણ ચિત્રકળાનો શૉખ ઊતર્યો હતો એટલે ભણવા સાથે ચિત્રકામના પણ પાઠ લેવા માંડેલા. સોળ વર્ષની વયે ભણતર છોડી 'આર્ટ્સ સ્ટુડન્ટ્સ લીગ'માં જોડાઇને ચિત્રકળાનો જ અભ્યાસ આદર્યો ને તેમાં બે સ્કૉલરશિપ પણ મેળવી બીજા વર્ષથી એમણે કેટલાંક પુસ્તકો માટે ચિત્રો દોરવા ઉપરાંત 'કેવ' નામના એક સામયિકમાં આર્ટ એડિટર તરીકે જોડાઇને એ પત્રનાં પૂઠાં તથા અંદરની લેખસામગ્રીનાં ચિત્રો કરવાનું કામ કરવા માંડ્યું. આ પછી એમણે સ્વતંત્રપણે કામ કરવા માંડ્યું. ઈ. ૧૯૧૬માં એમણે એ સમયે પણ લાખો નકલનું વેચાણ ધરાવતા વિખ્યાત સામયિક 'સૅટરડે ઈવનિંગ પોસ્ટ'નાં પૂઠાં માટે એક ચિત્ર દોર્યું.



નૉર્મને કરેલું પોતાનું જ એક રેખાંકન

ચિત્રકલા ક્ષેત્રે જ્યારે રોજિંદા લોકજીવનનું આલેખન કમી થવા લાગ્યું હતું અને નવાંનવાં 'ઈઝમો'નો વિકાસ થઈ રહ્યો હતો ત્યારે, રંગીન ચિત્રોવાળાં સામયિકોની બોલબાલાના એ સમયમાં તળપદા અમેરિકન જીવનનું દર્શન કરાવતાં એમનાં સચોટ વાસ્તવિક ચિત્રોએ એક અજબ રસ પ્રકટાવ્યો ને એમાં જ ઉત્તરોત્તર કામ કરીને એમણે અમેરિકન જનહૃદયમાં વૉલ્ટ ડિઝની જેવું જ માનભર્યું સ્થાન પ્રાપ્ત કરી લીધું.

પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકા પણ તેમાં ભળતાં તેઓ નોકાદળમાં જોડાયા. તેમાં પણ ચાર્લ્સ્ટન નેવી યાર્ડમાં કમાન્ડન્ટે મોટે ભાગે એમની પાસે છબિચિત્રો જ કરાવ્યા કર્યાં. આ ઉપરાંત, ખાસ પરવાનગી મેળવીને એમણે 'સૅટરડે ઈવનિંગ પોસ્ટ' વગેરે માટેનું પોતાનું કામ પણ જારી રાખેલું ને એ રીતે બેવડી કમાણી કરી હતી. પછી તો એમને નોકાદળની ફરજમાંથી પણ મુક્તિ મળી ગઈ હતી.

ઈ ૧૯૨૨માં એમણે પહેલી વાર યુરોપની યાત્રા કરી ત્યાંના કલાસંગ્રહોમાં ખ્યાતનામ ઉસ્તાદ કલાકારોનું કામ જોયું. એ સમયમાં એમની શક્તિ જોઈ કેટલાક મિત્રોએ એમને કળાના નવા પ્રવાહો પ્રતિ વાળવા પ્રયાસો કરેલા. નૉર્મન ધંધાદારી ચિત્રકાર જ બની રહે એ મિત્રોને રુચતું નહોતું, પરંતુ તળપદા અમેરિકન જીવનના ચાહક નૉર્મનને કળાનાં 'ઈઝમો'માં પડવાનું જચ્યું નહિ. છતાં થોડો સમય 'સૅ. ઈ. પોસ્ટ'નાં પૂઠાં માટે પોતાની આગવી લઢણ છોડી ચિત્રો કર્યાં પણ ખરાં, પણ પછી એ પ્રયોગો છોડી દીધા. દરમિયાન એણે મોટું ઘર અને સ્ટૂડિયો બનાવ્યાં.

ઈ. ૧૯૨૯માં એ કૅલિફૉર્નિયા ગયા. ત્યાં મેરી ર્‌હોડ્સ બારસ્ટો નામની એક શિક્ષિકા સાથે પરિચય થયો. દસેક દિવસમાં તો એ બંનેએ પરણવાની જાહેરાત કરી ને ૧૯૩૦ના એપ્રિલમાં લગ્ન કર્યાં. આ અગાઉ કરેલું લગ્ન ૧૯૨૮માં ફોક કરેલું. ઈ. ૧૯૩૨માં એકાએક નૉર્મનને પારી(સ) જઇને ત્યાં કળામાં 'ઍબ્સ્ટ્રૅક્શન'નો અભ્યાસ કરવાની ઈચ્છા જાગી. સાતઆઠ મહિના એ ત્યાં રહ્યા એ દરમિયાન એમણે સૅ. ઈ. પોસ્ટ માટે ઍબ્સ્ટ્રૅક્ટ શૈલીમાં બેએક પૂઠાં ચીતર્યાં. સંપાદકોએ એ નૉર્મન પ્રતિના પક્ષપાતને કારણે ઉદારતાથી છાપ્યાં પણ ખરાં, પણ પછી ફરી એમણે પોતાની અસલ ઢબ અપનાવી લીધી.

ઈ. ૧૯૩૮માં 'જર્જ' મૅગૅઝિને એને પાવરધા ચિત્રકાર તરીકે પોતાનો 'હાઈ હૅટ' ઍવૉર્ડ આપ્યો. નૉર્મને નાની વયથી જ પોતાની આગવી ચિત્રશૈલી પ્રસ્થાપિત કરી હતી. પ્રિન્સ્ટનમાં નાસો ટૅવર્નમાં એણે ત્યાંનું જે ઉત્તમોત્તમ



નૉર્મન રૉકવેલ

એવું વિશાળ ભીંતચિત્ર બનાવ્યું તેમાં પોતાની ચિત્રશૈલીમાં આધુનિક કળાની બિનજવાબદારીનો સ્પર્શય થવા દીધો નહોતો. અનેક ચિત્રશાળાઓમાં એમનું ચિત્રકામ પ્રેરણારૂપ બની રહ્યું હતું ને નવા ચિત્રકારોને એમણે હિંમત આપી હતી તથા પોતાનાં ચિત્રો દ્વારા રોજિંદા લોકજીવનની નાનીનાની બાબતો અને પ્રત્યેક વસ્તુની બારીકાઈ અંગે ચેતનવંતું કુતૂહલ પ્રકટાવ્યું હતું એ માટે એ ઍવૉર્ડ એમને અપાએલો.

જાહેરખબરો માટે કે પોસ્ટરો ચીતરવામાં એમને બહુ રસ નહોતો. છતાં એમણે એ કામ પણ કરેલું ખરું. 'ફૉર ફ્રીડમ' નામની પોસ્ટરોની એક શ્રેણી એમણે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ચીતરેલી જે અમેરિકાભરમાં આદર પામી હતી. 'બૉય સ્કાઉટ ઑવ અમેરિકા'નાં કૅલેન્ડરો માટે નિયમિતપણે વર્ષોથી એ ચિત્રો બનાવતા રહેલા.

માર્ક ટ્વેઈનની જગવિખ્યાત કૃતિઓ 'ટૉમ સૉયર' અને 'હકલબરી ફિન'નાં ચિત્રો પણ એમણે કરેલાં. આ માટે ટ્વેઈનનું જ્યાં બાળપણ વીતેલું એ ગામમાં જાતે જઇને ત્યાંના એકેએક સ્થળ તથા નાનાંમોટાં ગામવાસીઓની મુલાકાત લઇને ત્યાંના લોકજીવનની એમણે ચિત્રનોંધો કરી હતી. આ ઉપરાંત, એમણે આ વાર્તાચિત્રો માટે ફોટોગ્રાફિક સંદર્ભસામગ્રીનો પણ પહેલી વાર ઉપયોગ કર્યો હતો, એટલું જ નહિ પણ એ જ પહેલા ચિત્રકાર હતા જેમણે પોતાની ચિત્રકૃતિઓમાં ફોટોગ્રાફિક ચિત્રસંદર્ભનો ઉપયોગ કર્યાનું કબૂલ્યું પણ હતું. પરંતુ એ સાથે એ પણ કહેલું કે ચિત્રકારો ફોટોનો ઉપયોગ કરે એમાં કંઈ ખોટું નથી, પણ ચિત્રાલેખનમાં પોતાનો હાથ પૂરેપૂરો ઘડાયા પછી જ એમણે ફોટોનો આધાર લેવો જોઇએ અને તે પણ જવલ્લે જ, કે જેથી પોતાની ચિત્રશક્તિ પરની એમની શ્રદ્ધા કાયમ રહે. ટોલ્સ્ટૉય, ચાર્લ્સ ડિકન્સ, હેન્રી જેઈમ્સ,





▽ નૉર્મન રૉકવેલ. 'સૅટરડે ઈવનિંગ પોસ્ટ'ના પૂંઠા માટે રૉકવેલે દોરેલું એક ચાર-
રંગી ચિત્ર. જમણી બાજુ : બીજા વિશ્વયુદ્ધ દરમિયાન 'ફ્રીડમ ફ્રૉમ વૉન્ટ' (અભાવ-
માંથી મુક્તિ) શ્રેણીનાં એમનાં ચાર પોસ્ટરોમાંનું એક.





યુદ્ધને કારણે રોજિંદા જીવનની જરૂરિયાતો ઉપર પડેલા કાપમાંથી મુક્ત થવા માટે પણ યુદ્ધ જીતવું જ રહ્યું એ રૉકવેલનાં યુદ્ધકાળનાં પોસ્ટરોનો મુખ્ય સૂર હતો. અહીં (મથાળે જમણી બાજુ) ખોરાકની છત અને એથી તૃપ્ત પરિવારને એમણે આલેખ્યો છે. જમણી બાજુ 'ધ ગૉસિપર્સ' (કુથલીખોરો) નામના એમના એક ચિત્રમાંના બે પાત્રો.

વૉલ્તેર ને જેઈન ઑસ્ટિનની બધી જ કૃતિઓ માટે એમણે ચિત્રો કરેલાં છે.

પ્રથમ પોતે કરવા ધારેલા ચિત્રના એ ખસરાઓ આલેખતા. તે પછી મૉડેલનો આધાર લઈને પૂરા કદમાં એ પ્રમાણે આલેખન કરતા. ચિત્રની રંગયોજના માટે એક નાનો નમૂનો પણ બનાવતા ને અંતે ચારકોલના આલેખનનું ટ્રેસિંગ કરીને એને કૅનવાસ પર ઉતારીને ચિત્ર કરતા. બે અઠવાડિયાંથી માંડી બેએક માસ સુધી આ કામ ચાલતું. એ ચીતરે એ દરમિયાન એમનાં પત્ની એમને કંઈ વાંચી સંભળાવતાં.

એમનાં ચિત્રો જવલ્લે જ અસ્વીકૃત થયાં છે. સૅટરડે ઈવનિંગ પોસ્ટનાં એમનાં ચિત્રોની દસ-પંદર વર્ષ પછી યે લોકોમાં સારી માગ રહેતી. ૧૯૪૬માં એ સામયિકના 'એપ્રિલ ફૂલ' અંકના ચિત્ર માટે એ પત્ર પર ૧,૪૦,૦૦૦ પત્રો આવેલા. તળપદાં અમેરિકન પાત્રોની સંપૂર્ણ વિગતભરી સચોટ રજૂઆત એ એમનાં ચિત્રોની સૌથી વધુ આગળપડતી લાક્ષણિકતા હતી. એમાં સાથે સૂક્ષ્મ રમૂજ પણ એ ભેળવતા. 'ધ ગૉસિપર્સ' (કુથલીખોરો) નામનું એમનું આવું એક ચિત્ર તો અત્યંત ખ્યાતિ પામેલું છે. એક કાનેથી બીજે કાને ફેલાતી જતી નિંદા અંતે એના મૂળ ઉદ્ભવ પાસે જ પાછી ફરે છે એમાંની રમૂજી ને સચોટ રજૂઆતમાં પોતાનાં ચોદ પડોશીઓ ને કોઈ પડોશી ચીડાય નહિ એટલા સારુ પંદરમી પોતાની જાતની આલેખના એમણે એમાં સચોટતાથી કરી છે. પ્રત્યેક પાત્રના મુખભાવોની ચવિત્રી બાજુ સાથે તેની લાક્ષણિકતા એમણે એટલી ચીવટથી ઉતારી છે કે કોઈ પણ માણસ તે પાત્રને પારખી શકે. આવી જ ચીવટ એ પોતાના પ્રત્યેક ચિત્રમાં રાખતા. હૂબહૂ આલેખનાના તો એ સમર્થ સ્વામી હતા. એને માટે એમનો આગ્રહ પણ એવો કે પોતાને જોઈતા પાત્ર માટે તે યોગ્ય સ્ત્રી કે પુરુષની અથાક શોધ કરતા, અને ઉચિત પાત્ર મળી જાય ત્યારે તેના સંખ્યાબંધ સ્કેચ ઉતારતા. કવચિત્ કોઈ કપરા અંગવિન્યાસ માટે એનો ફોટો પણ લે. એની ટોપીની કિનાર, બૂટની વાધરી કે કપડાની ને ચહેરાની એકેએક કરચલી તેઓ નિષ્ઠાપૂર્વક ઉતારે. જરૂર પડે તો સંગ્રહસ્થાનોમાં જઇને ચિત્રવિષયને અનુરૂપ મુદ્રાઓની નોંધ પણ કરી લાવે અને પોતાને સંપૂર્ણ સંતોષ થાય પછી જ એ ચિત્રની માંડણી આરંભે. આ રીતે પોતાનાં પાત્રો એમણે પોતાની આસપાસમાંથી જ લીધાં છે. એમના મૉડલ તરીકે બેસવામાંથી ચા એમના એકાદ ચિત્ર અંગે કંઈ ટાંચણ કરવામાંથી ભાગ્યે જ કોઈ બાકાત રહ્યું હશે.

ચિત્રમાં પોતાને કંઈ શંકા પડે તો, એમનું ઘર રસ્તા પર જ હોઈ ચિત્ર દોરતાં દોરતાં, માર્ગ પરથી પસાર થતી કોઈ પણ વ્યક્તિને ઘરમાં બોલાવીને એને એ ચિત્ર બતાવે ને પેલા આગંતુક પર એની શી અસર પડે છે તે પૂછે ને એની ટીકા-ટિપ્પણી પરથી જ તેઓ પોતાની સફળતા આંકે. પોતાના ઘરમાં પણ એમણે આરંભના અમેરિકન કાળનું અને વિક્ટોરિયન યુગનું રાચરચીલું વસાવેલું, અને એનો પણ એમણે પોતાના ચિત્રાલેખનમાં પુષ્કળ ઉપયોગ કરેલો. ઈ. ૧૯૪૩માં એમના સ્ટૂડિયોમાં અકસ્માત આગ લાગેલી અને એમાં એમણે સંઘરેલા અનેકવિધ પોશાકો, સંદર્ભ-સામગ્રી, જૂની ઢબની વિધવિધ બંદૂકો, ચિત્રસામગ્રી વગેરે બધું બળી ગએલું. એ પછી એ જૂનું ઘર

વેચી એમણે નવું ઘર વસાવ્યું તેમાં જે નવો સ્ટૂડિયો ઊભો કર્યો તેમાં આગ સામે રક્ષણની બધા જ પ્રકારની પૂરી વ્યવસ્થા પણ ગોઠવી હતી, ઘણા કલાકારોની જેમ એમના સ્ટૂડિયોમાં નધરોળતા જરા પણ નજરે ન પડતી. પોતાની પ્રત્યેક ચીજવસ્તુ તેઓ સુવ્યવસ્થિત અને સ્વચ્છ જ રાખતા.

પોતાની પ્રબળ ખ્યાતિ છતાં તેઓ પોતાને સર્જક કલાકાર નહિ પણ ચિત્રકાર (ઇલસ્ટ્રેટર) જ ગણાવતા ને પોતાનાં ચિત્રોનો ઉદ્દેશ લોકોને આનંદ પીરસવાનો જ છે એમ માનતા. 'ન્યૂ યૉર્ક ટાઈમ્સે' એમનાં ચિત્રોને માર્ક ટ્વેઈન ને બૂથ ટાર્કિંગ્ટનની કૃતિઓ સાથે સરખાવ્યાં છે. છતાં કલાના ક્ષેત્રમાં તો એમની ગણના ઈલસ્ટ્રેટર તરીકેની જ હતી. છતાં જ્યૉર્જ ગ્રૉસ જેવા કલાકારે એમની ઉત્તમ ટેક્નિક, જૂના ઉસ્તાદો જેટલી ચોકસાઈ ને કોઈ પણ સ્થળે આવકાર પામે એવી રોચકતાને બિરદાવી છે. એમના એક પ્રશંસકે તો પૂછેલું પણ ખરું કે એમનાં ચિત્રોને કલાકૃતિઓ કેમ ન કહેવાય ? શું એ ધંધાદારી કામ છે માટે ? જો એમ હોય તો માઈકલ ઍન્જેલો, ફ્રાન્ઝ હૉલ્સ, ને વેલાસ્કવેની કૃતિઓને પણ કળા કેમ કહેવાય ? એમણે પણ એ કૃતિઓ પોપ, મેડિચી અને રજવાડાંઓ માટે જ ચીતરી હતી. વળી, જો એ ચિત્રોમાં વિગતસભર ચોકસાઈ બતાવે છે માટે એમ હોય તો વર્મીઅર, ડયુરર, હૉલ્બિને પણ એવું જ કર્યું છે. જો એમણે પોતાના ચિત્રવિષયમાં સામાન્ય જનોનું જ નિરૂપણ કર્યું છે એ માટે હોય તો રફાએલ, કૅરેગીઓ, બોતિચેલી વગેરેએ પણ એમ ક્યાં નથી કર્યું ? અને પોતાને ઈલસ્ટ્રેટર ગણાવવા છતાં નૉર્મને પોતાના ને પોતાના ધંધાભાઇઓના બચાવમાં કહ્યું જ છે કે પેઇન્ટિંગના કોઈ પણ સ્વરૂપની જેમ ઈલસ્ટ્રેશનો પણ કળા જ છે, એટલું જ નહિ એમાં ચિત્રકાર માટે મર્યાદાઓ અને મુશ્કેલીઓ પણ વધારે છે. વળી એ કહેતા કે એમનાં ચિત્રો 'કલાવિવેચકો' માટે નહિ પણ 'જનસમાજ' માટે છે. પોતાના વિચારોને ચિત્રો દ્વારા જોનારાઓ સુધી પહોંચાડવામાં એમને સંતોષ હતો. એમની ખ્યાતિ સંગ્રહસ્થાનો કે કલાવિથિઓ દ્વારા નહિ પણ એમનાં ચિત્રો (ઈલસ્ટ્રેશનો)દ્વારા પ્રસરી હતી. એમનાં ચિત્રો અમેરિકાના જનજીવનનું દર્શન કરાવતી બારી સમાં છે. જોતાં જ સમજાઈ જાય એટલાં એ સ્પષ્ટ છે. એમાં થોડી રમૂજ કે ટકોર પણ ખરી, પરંતુ ટીકાત્મક કડવાશ એમાં કદી ન મળે. અમેરિકન કસબાઓના લોકજીવનનું એનું નિરીક્ષણ અજબ હતું અને એ જ એણે ચિત્રોમાં ઉતાર્યું. એમાં ધંધાદારી ચિત્રકામની છાંટ નહોતી. એમાં ભાવિક, શ્રદ્ધાળુ, સંતોષી, આનંદી લોક-કબીલાઓનાં દર્શન થાય છે, બાળકોનાં નિર્દોષ તોફાનો પ્રકટે છે, એના સૈનિકો પડોશીઓના દીકરા જેટલા પરિચિત લાગે છે. એનાં પાત્રોમાં અશ્રદ્ધા, લુચ્ચાઈ કે ઇર્ષ્યા-અદેખાઈ કદી ઊતરતી નથી. પોતાનાં અનેક ચિત્રો ઉપરાંત ૩૧૭ જેટલાં સે. ઈ. પોસ્ટનાં પૂઠાંનાં ચિત્રો દ્વારા એણે અમેરિકાનું એક સ્મારક રચ્યું છે. ૧૯૭૬ની સ્ટૉકબ્રિજની દ્વિશતાબ્દીની ઉજવણીમાં ગામમાં નીકળેલા સરઘસમાં એનાં ચિત્રો પરથી રચાએલાં સંખ્યાબંધ ફ્લોટ્સને એના ઘર પાસેથી પસાર કરીને ત્યાંની પ્રજાએ એને જે માન આપ્યું એવું માન અમેરિકાનો કોઈ ચિત્રકાર નહિ પામ્યો હોય.

છ ફૂટની ઊંચાઈ, લાંબું નાક, ઊંડી આંખો, આગળપડતો હૈડિયો ને મળતાવડો સ્વભાવ ધરાવતા નૉર્મનની એક જ નોંધપાત્ર ખાસિયત હતી—તંગ બૂટ પહેરવાની! વહેલી સવારે જાગી જવાની એને ટેવ હતી. ઑફિસની પેઠે નિયમિત કલાકો એ સ્ટૂડિયોમાં કામ કરતા—અને ખૂબ કરતા. અને પછી ધૂન ચડે ત્યારે એકાએક રજા ભોગવવા માટે ભાગે યુરોપ ઊપડી જતા. પોતાનાં ચિત્રો આપવા કે ક્યારેક નાટક જોવા જવા સિવાય એ ન્યૂ યૉર્ક શહેરમાં જવલ્લે જ જતા. પણ 'સોસાએટી ઑવ અમેરિકન ઈલસ્ટ્રેટર્સ'ની વાર્ષિક સભામાં એ અચૂક એક વ્યાખ્યાન આપતા અને એમાં એ અચ્છા વ્યાખ્યાતા ગણાતા. 'ફ્રીલાન્સ આર્ટિસ્ટ્સ ઑવ અમેરિકા'ના પણ એ સભ્ય હતા. બીજા વિશ્વયુદ્ધ વખતે લોકલ સિવિલિયન ડિફેન્સ યુનિટમાં પણ જોડાયા હતા અને ત્યારે વૉર આર્ટિસ્ટ યુનિટમાં રહી એમણે બીમાર અને ઘાયલ સૈનિકોનાં સંખ્યાબંધ આલેખનો કરેલાં. પાંચેક સુવર્ણચંદ્રકો, બેચલર ઑવ આર્ટ્સની ત્રણ માનાર્હ ઉપાધિઓ ને બહુ જ ઓછા ચિત્રકારને મળી હોય એટલી લોકચાહનાથી અમેરિકાએ એમને નવાજેલા. એમનાં ચિત્રોનો એક સંગ્રહ પણ પ્રકટ થએલો છે. 'માય ઍડવેન્ચર્સ એઝ ઍન ઈલસ્ટ્રેટર' નામે એમણે પોતાની કથા પણ લખી છે.


આજના અનેક કલાકારોની કૃતિઓમાં જોવા મળતી જીવન પ્રતિની અશ્રદ્ધા ને સંઘર્ષ વગેરે જેવી બાબતોથી અલિપ્ત રહીને એમણે છ દાયકા સુધી સતત જીવનની ફોરમ પ્રસારી છે. કલાસર્જનના ઇતિહાસમાં તો એમનું જે સ્થાન મુકાય તે ખરું, પણ ઇલસ્ટ્રેશનના ઇતિહાસમાં તો એમનો પ્રભાવ વજ્રલેપ સમો રહેશે. □

શતરંજ : કૉમ્બિનેશન્સ .... સુરેશ મોદી

ગયા અંકમાં આપણે ઍન્ડરસનનું એક સુંદર કૉમ્બિનેશન જોયું હતું ઍન્ડરસનની સાથે હંમેશાં ઝુકરટોર્ટની યાદ આવી જાય છે. આ અંકે તેમનું એક સુંદર કૉમ્બિનેશન જોઈએ. જેમાં એક નહિ પણ બે વજીરના ભોગ આપીને તે આકર્ષક રીતે જીતે છે.

નીચેની આકૃતિમાં બંને પક્ષે રાજા, વજીર, એકએક ઘોડો અને ચારચાર પ્યાદાં છે.

Englisch



Zukertort
white to play

સફેદનું એક પ્યાદું વધુ પડતું આગળ વધી ગયું છે અને તેના પર કાળાનો જોરદાર હુમલો છે, સફેદ 1Q–N8ch પછી પ્યાદાને વજીર બનાવવા ચાહે તો ફાવે તેમ નથી. જુઓ 1Q–N8ch, K–Q2; 2P–B8 (=Q)ch, QxQ; 3 Q×Q ch, K×Q; અને કાળા પાસે એક પ્યાદું વધુ રહે છે. અને તે જીતે તેમ છે. તો પછી આ સ્થિતિમાં ઝુકરટોર્ટ કઈ રીતે જીતે છે તે આપણે જોઈએ :

1. Q–N5!(પહેલાવજીરનો ભોગ), Q×Q; 2 P–B8(=Q)ch, K–B2. અહીં 2..., N–Q!; 3N–B7ch પછી કાળાનો વજીર જાય છે. 3 Q×Nch! (બીજા વજીરનો ભોગ) K×Q: અને હવે આવે છે બંને વજીરના ભોગને યોગ્ય પુરવાર કરતી ચાલ. 4N–B7ch. અને હવે કાળા રાજા અને વજીર પર ઘોડાનો ફૉર્ક છે એટલે રાજા ચાલે એટલે 5NxQ. હવે સફેદ પાસે કાળાના પ્યાદાના બદલામાં ઘોડો છે અને જીતશે.


રાજા અને વજીર પર ઘોડાના ફૉર્કની સ્થિતિ લાવવા માટે બે વખત વજીરના ભોગ આપીને ઝુકરટોર્ટે એક અવિસ્મરણીય કૉમ્બિનેશન સર્જ્યું છે. □

ભારતનાં વાદ્યો – વીણા

તત્ કે તંતુવાદ્યોમાં વીણા ભારતમાં બહુ પ્રાચીન કાળથી લોકપ્રિય વાદ્ય રહ્યું છે. કહે છે કે સ્વયં મહાદેવે એની શોધ કરી હતી. સ્થળ અને રચનાભેદે એના રુદ્રવીણા, શારદીવીણા, નારદવીણા, બ્રાહ્મીવીણા વગેરે અનેક પ્રકારો છે.

મોટા શોભનમંડિત તુંબડા સાથે જોડેલા પોલા મેરુદંડ ઉપર મંદ્ર સપ્તકના તીવ્ર મધ્યમથી તાર સપ્તકના શુદ્ધ મધ્યમ સ્વર સુધીના પર્દા કે 'સાર' જડેલા હોય છે. મેરુદંડના ઉપરના છેડે શોભન તથા તાર બાંધવા માટે ખૂંટીઓ હોય છે, અને એ બધા તારનો બીજા છેડા નીચે તુંબડામાં છેડે એકનાની ખૂંટીમાં સાથે બાંધેલા હોય છે. મેરુદંડ ઉપર આ બધા તારને સમાંતર રાખવા ઘોડી રાખી હોય છે. આમાં પાડેલા ખાંચામાં તારને ભેરવીને એને એકબીજાથી દૂર રાખવામાં આવે છે. મેરુદંડના ઉપરના છેડા તરફ પણ એક નાની શોભનમંડિત તુંબડી જડેલી હોય છે.

ડાબા હાથની આંગળીઓ વડે, વિવિધ સ્વર માટેના નિશ્ચિત સાર (પર્દા) ઉપર તારને હળવા હાથે દબાવતા જઈને અને જમણા હાથે તારને રણકાવીને કઈ રીતે વીણાવાદન થાય છે એ તો સુવિદિત છે. જેમ કૃષ્ણથી મોરલી તેમ વિદ્યાદેવી સરસ્વતીથી વીણા અવિભાજ્ય ગણી આપણે એને એક અનેરું માહાત્મ્ય આપ્યું છે. □



મદ્રાસના સંગ્રહસ્થાનમાં સંઘરાયેલી તાંજોર તરફ પ્રચલિત વીણાનું રેખાંકન



માધુકરી

સંહાર કોટિ જીવનો થઈ જાય એવા
યુદ્ધે પ્રચંડ ગજની લઘુ ઘંટડીથી
રક્ષાય સ્વલ્પ ખગ-શાવક સંવિધાન
શ્રદ્ધેય એ નિયતિનું અમ જીવને હો.

—હેમન્ત દેસાઈ

અદ્વિતીય ને અદ્ભુત ગણિતજ્ઞ રતુભા

રતુભા નારુભા વાઘેલા એમનું નામ. અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં બકરાણા ગામે વિ. સં. ૧૯૬૧ની જેઠ સુદ એકાદશી–ભીમ અગિયારશે એક રાજપૂત કુટુંબમાં એમનો જન્મ. સાત પેઢી પૂર્વે એમના પૂર્વજો ભાલ પ્રદેશ છોડી બકરાણા આવી વસેલા. પહેલાં તેઓ તાલુકદાર હતા, પણ પછી એ પરિવારે ખેતી સ્વીકારી અને આજે ભક્તિમય અને સાદું જીવન જીવતા રતુભા પણ એ જ કરે છે. પિતા નારુભા તદ્દન નિરક્ષર હતા પણ ઈશ્વર પ્રતિ આસ્થા ધરાવતા સંસ્કારી જન હતા. માતા જેઠીબા થોડુંઘણું લખીવાંચી જાણતાં. રતુભા પોતે પણ બહુ ભણ્યા નથી. બાર વર્ષની ઉંમરે એ નિશાળે બેઠા અને ચાર ચોપડીનું ભણતર એમણે બે વર્ષમાં જ પૂરું કરી ભણવાનું બંધ કર્યું હતું. બાળપણથી જ ધર્મમાં આસ્થા એટલે આંક લખે તો તેમાં યે મધ્યમાં રામનું નામ અચૂક લખે, અને આજે ૭૪ વર્ષની વયે પણ એ સંસ્કાર અવિરત જારી રાખ્યો છે. સતત બાર વર્ષ સુધી એમણે રામાયણનો અભ્યાસ કરેલો છે અને આજે તુલસી કૃત રામાયણ એમને કંઠસ્થ છે. રામાયણના કોઈ પણ ભાગ પર તેઓ સમજ આપી શકે છે. બકરાણાની આજુબાજુનાં ગામોમાં રામભક્ત અને રામાયણના અભ્યાસી તરીકે એમની ખ્યાતિ છે. ચૌદેક વર્ષની વયે રામાયણ પ્રતિ ઢળેલું મન, આસપાસનું ધાર્મિક વાતાવરણ, સાધુસંતોનો સમાગમ અને રામનામ-સ્મરણની ધૂનના પરિણામે રતુભાએ ધ્યાન ધરવા માંડ્યું. આરંભમાં થોડો સમય, ને પછી કલાકો સુધી તેઓ ધ્યાનમાં બેસી રહેવા લાગ્યા. અને આજે યે છ સાત કલાકો સુધી તેઓ ધ્યાનમાં બેસી રહી શકે છે.

જે કાળે ગુજરાતમાં બાળલગ્નો સામાન્ય હતાં એ સમયે નાની વયે જ રતુભાએ આજીવન બ્રહ્મચર્ય પાળવાની ભીષ્મપ્રતિજ્ઞા લઈને પોતાના વાઘેલા રાજપૂત કબીલામાં ખળભળાટ મચાવી દીધો હતો. એમની આ પ્રતિજ્ઞાથી માતાને દુ:ખ તો ઘણું થયું, પણ એમણે પુત્રના વ્રતને માન્ય રાખ્યું. છતાં રતુભા ઓગણીસ વર્ષના થયા ત્યારે એમની પાસેથી એક વચન તો લઈ લીધું જ કે એમણે ન તો સાધુ-સંન્યાસી થવું કે ન ઘરનો પરિત્યાગ કરવો. અને રતુભા આજ પર્યંત એ વચનનું પાલન કરી રહ્યા છે ને પૂર્વજોની ખેતી સંભાળી રહ્યા છે.



એમની ચાળીસ વર્ષની વયે છાપામાં કોઈ ગણિતજ્ઞની ગણનાશક્તિના સમાચાર વાંચી એમને પણ એમાં રસ પ્રકટ્યો. અને છએક માસમાં તો ધ્યાન દ્વારા એમણે સો આંકડાની લાંબી રકમનો એટલી જ લાંબી રકમ દ્વારા ગુણાકાર કરી આપવા જેટલી અસાધારણ સિદ્ધિ મેળવી લીધી. પ્રાચીન ભારતના અનેક લોકોએ ધ્યાન દ્વારા અનેકવિધ સિદ્ધિઓ મેળવી છે, પણ આવી રીતે પ્રલંબ સંખ્યાઓના ગુણાકાર મૌખિક રીતે જ ગણી કાઢવાની અદ્વિતીય ક્ષમતા કેળવનાર રતુભા એક વિરલ વ્યક્તિ છે.

ભારે દેહ પર મોટી મૂછોવાળો ભરાવદાર ચહેરો ને માથે મોટી પાઘ પહેરતા રતુભાનું વ્યક્તિત્વ પણ એમની આંતરિક શક્તિઓની પેઠે બહુ પ્રભાવક છે. ધ્યાનમાં સ્થિર થયા પછી તેઓ ગમે તેવા ઘોંઘાટની વચ્ચે યે અસ્ખલિતપણે એકાગ્ર રહીને ચમત્કારિક ગણનાઓ કરી બતાવે છે. પશુભા, નાથાલાલ મંડલી અને હરિહર ભટ્ટના પ્રયત્નોથી વીરમગામ ને અમદાવાદમાં એમની આ અજબ શક્તિનો પ્રત્યક્ષ પરિચય આપતા જાહેર કાર્યક્રમો યોજાતાં એક અદ્‌ભુત ગણિતજ્ઞ તરીકે ગુજરાતભરમાં એમની કીર્તિ પ્રસરી ગઈ હતી. ઈ. ૧૯૫૦માં ભારતીય સંસ્કૃતિનો ઝીણ-વટભર્યો અભ્યાસ કરવા માટે એક અમેરિકન દંપતી ગુજરાતમાં આવેલું અને બકરાણામાં પણ રહેલું. એમના સંપર્કથી રતુભાની ખ્યાતિ અમેરિકા સુધી પહોંચી ને અમેરિકાથી પોરબંદરના મહારાણા શ્રી નટવરસિંહજી-ને રતુભાની આ અદ્વિતીય વિશિષ્ટ શક્તિની ચકાસણી કરી જોવાનું કામ સોંપાયું હતું. ચાર દિવસ સુધી એ પરીક્ષા ચાલી હતી અને એમાં પાર ઊતરીને રતુભાએ સહુ કોઇને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

અમેરિકાની 'બિલીવ ઈટ ઑર નૉટ' નામની પ્રકાશન શ્રેણીના મુખપૃષ્ઠ ઉપર રતુભાની છબિ પ્રકટ થઈ હતી. એમાં મગજમાંથી જાણે આંકડાઓનો ધોધ પડતો હોય તેવું આલેખન આપવા સાથે રતુભાને 'હેડમશિન' એવું બિરુદ અપાયું હતું. આમ એક અદ્‌ભુત ગણિતજ્ઞ તરીકે રતુભા હવે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામી ચૂક્યા છે.

પોતાની આ શક્તિનો જાહેરમાં પરિચય કે લાભ આપવા માટે તેઓ કદી પૈસા લેતા નથી કે સામેથી આવતા પૈસાને પણ સ્વીકારતા નથી. આજે લાંબી લાંબી રકમોના ગુણાકારો કૉમ્પ્યુટરો દ્વારા પળભરમાં થઈ શકે છે; જોકે એ યંત્ર પણ અંતે તો માનવે જ સર્જ્યું છે. પણ એવી સ્વસર્જિત યાંત્રિક સહાય વિના પણ માનવની માનસિક શક્તિ કેવી સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે તેનું રતુભા એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. રતુભાએ પોતે કેળવેલી આ શક્તિને 'ધ્યાન મૂકગણિત' કે 'ચતુર્ધોત મૂકગણિત' એવું નામ આપ્યું છે. એમની આ શક્તિ યંત્રને પણ પડકારે છે.

ભારતના ઋષિમુનિઓની અદ્‌ભુત માનસિક તાકાતની વાતોમાં તથ્ય હોવાનો પુરાવો ચાર ચોપડી ભણેલા સીધા સાદા ખેડૂત રાજપૂત રતુભાના ધ્યાનયોગની સિદ્ધિમાંથી મળી રહે છે. રતુભા એ રીતે ભારત-નું એક ગૌરવ છે.

—પ્રફુલ્લ રાવળ

અંજીર

અંજીરનો ઉપયોગ કરવામાં ભારત પાછળ છે. ફળની સાથે તે ઉત્તમ ઔષધ પણ છે. ઘણા દેશોમાં અંજીરને રોજિંદા જીવનમાં વણી લેવામાં આવ્યું છે. મોટા ભાગે તો સૂકાં અંજીર જ ખવાય છે. એમાં શર્કરા ખૂબ પ્રમાણમાં હોવાને કારણે તે ખરાબ થતું નથી. તે ખૂબ જ શક્તિવર્ધક છે તેમ જ પેટ સાફ કરે છે.

અંજીરનું જન્મસ્થાન પશ્ચિમ એશિયા, દક્ષિણ યુરોપ અને ઉત્તર આફ્રિકા ત્યાંથી જ જુદાજુદા દેશોમાં તેને લઈ જવાયાં. એક જ વૃક્ષ પરથી વાર્ષિક આવક ૧૫૦થી ૨૦૦ પૌંડ જેટલી થાય છે. હવે તો અનેક પ્રયોગોને અંતે વર્ષમાં ત્રણ વખત પણ ફળાવાય છે. જે જમીનમાં ચૂનાનું પ્રમાણ વધારે હોય ત્યાં અંજીરની ખેતી વધારે ફળદાયી નીવડે છે.

આયુર્વેદાનુસાર અંજીર રસ અને વિપાકમાં મધુર, વીર્યમાં શીતળ, કૃમિ, શૂલ, રક્તપિત, ને રક્તવિકારનું નાશક છે. જેને નસકોરી ફૂટતી હોય તેના માટે ઉત્તમ ઔષધ છે. તે શરીરને દીપ્તિ આપે છે, માંસ વધારે છે અને શીતળ છે. તાજાં અંજીર મૃદુ, પોષક ને શીઘ્રપાકી છે. બધા જ મેવામાં સૌથી વધારે પોષક તત્ત્વો અંજીરમાં હોય છે. વળી બળખા પડતા હોય તેવી જૂની ઉધરસમાં તે ખૂબ જ લાભ કરે છે. પથરીના રોગમાં ગુણકારી છે તેમ જ પ્રદર રોગમાં પણ ઉપયોગી છે.

અંજીરમાં ૫૦ થી ૭૫ ટકા શર્કરા ઉપરાંત પ્રોટીન ને ખનીજ ક્ષારો

લઘુકથા

આશ્ચર્ય

જયંત મોઢા

કમળાબેનની ઉત્તરક્રિયા પતી ગયા બાદ બંને ભાઇઓ તુરત જ જુદા થવા માગતા હતા, તે મામાની સલાહથી થોડો વધુ સમય સાથે રહેવા કબૂલ થયા. થોડા માસ પછી માતાની વરસીની ક્રિયા થઈ ગયા બાદ મામાએ જુદા થવા માટે સારું મુહૂર્ત કાઢી આપ્યું અને તે દિવસે બંને રાજીખુશીથી જુદા પડયા.

બાપદાદાનું જૂનું ઘર પ્રભુદાસે રાખ્યું. નાનાને સોસાયટીનું નાનું પણ નવું ઘર મળ્યું. એ જ રીતે અન્ય રાચરચીલાની વહેંચણી પણ સંતોષજનક રીતે થઈ ગઈ, તો ય કમળાબાની પૂજા મોટે ઘરે ગઈ તે બદલ નાની વહુ સરલાને થોડો અસંતોષ રહ્યો અને તે તેણે નવા મકાન-માં રહેવા ગયાની પ્રથમ રાત્રિએ પતિ સમક્ષ વ્યક્ત કર્યો જ: 'બા જીવતાં મોટી ભાભીએ મંદિર સામે ક્યારે ય જોયું ન હતું. ધર્મમાં એને પૂરી આસ્થા પણ નથી ને મંદિર રાખવાનો નાહક આગ્રહ રાખ્યો.'

'મને પણ થાય છે કે' નલિનીકાન્તે ટાપશી પૂરી: 'મંદિરની સાફસૂફી કરવી, ઠાકોરજીનાં વસ્ત્રો ધોઈ આપવાં, પ્રસાદ તૈયાર કરવો, પૂજાનાં ફૂલો ઉતારવાં વગેરે બાબતોમાં બાને તું મદદ કરતી ને બા ગયા બાદ અત્યાર સુધી તેં જ એ કાર્ય સંભાળેલું; છતાં આ એક આશ્ચર્ય...'

'એમાં આશ્ચર્ય જેવું કાંઈ નથી...' ગોઠવી રાખેલું હોય તેમ સરલા ઉતાવળથી બોલી: '...ઠાકોરજીની પ્રતિમા, આસન, છત્ર અને ગાયો ચાંદીનાં છે એટલે...' □

છે. તેમાં વિટામિન 'એ' વિશેષ પ્રમાણમાં હોઈ આંખોની ક્ષમતા કાયમ રાખે છે, જીવનશક્તિને વધારે છે, ગ્રંથિઓનો ક્ષય રોકે છે, દુર્બળતા દૂર કરે છે તેમ જ ભૂખ વધારે છે. સામાન્ય રીતે મેવો દુર્બળ માણસોને અપાતો નથી પણ અંજીરમાં જે શર્કરા હોય છે તે અત્યંત સુપાચ્ય હો-વાથી અશક્ત રોગીઓ માટે પણ ઉત્તમ ખાણું તથા ઔષધ છે.

જેમનામાં લોહી ઓછું હોય તેમણે અંજીર ખાવાં જોઈએ, કારણ કે એમાં લોખંડ અને તાંબું પણ સારા પ્રમાણમાં હોય છે અને એવા રાસાયણિક રૂપમાં છે કે શરીરમાં હેમોગ્લોબિન તરત જ બને છે. રક્ત-અલ્પતા (એનિમિયા) માટે પણ આ વિશેષ ગુણકારી છે. અંજીરનું સૌથી મહત્ત્વનું કામ પેટ સાફ રાખવાનું છે. એ ઉત્તમ સારક છે. અંજીર-ને ધોઈને કટકા કરી પાણીમાં ૨૪ કે ૪૮ કલાક સુધી પલાળી દેવાં. દિ-વસમાં બે વાર સાંજ સવાર ખૂબ જ ચાવીને ખાવાં. તેનું પલાળેલું પાણી પણ પી જવું. આ પ્રયોગ કરવાથી કબજિયાત દૂર થાય છે. કેમ કે તે આંતરડાંમાંથી મળને છૂટો કરી આંતરડાંને શક્તિ આપે છે. અંજીરના ઉપયોગ તો ઘણા છે પરંતુ તેને તાજાં ખાવામાં આવે અથવા સૂકવેલાં અંજીરને રાતના પલાળી સવારે દૂધમાં નાખી ખાવાથી વધારે ફાય-દો થાય છે. અંજીર જે પણ સ્વરૂપમાં ખાઈએ તે ખૂબ ચાવી ચાવીને ખાવાં, નહિતર કદાચ પાચનમાં મુશ્કેલી ઊભી થાય!

(સ્વસ્થ માનવ) —બિન્જુન સાયા

શિવામ્બુ: સ્વમૂત્રનો પ્રયોગ

શિવામ્બુ ચિકિત્સા એટલે સ્વમૂત્ર—પોતાનું જ મૂત્ર પી જવાનું. આખો દિવસ તે ન બને તો સવાર-સાંજ બે વખત પણ પીવું. પેસાબની કોઈ જાતની પરીક્ષા કરાવવાની જરૂર નથી, ગાળવાની જરૂર નથી. પેસાબ થાય તે ઝીલી લઈને પી જવાનો. સ્વાદમાં પેસાબ પીવો ગમે તેવો છે. ગોમૂત્ર કરતાં સ્વમૂત્ર સ્વાદમાં સારું છે. આપણા મનમાં પેસાબ નામની

દિવંગત પત્રકાર ઈ. નારાયણ

અમેરિકાના 'ટાઈમ' અઠવાડિકની સંપાદનશૈલી પર નવી દિલ્હીથી પ્રસિદ્ધ થતા 'લિંક' અઠવાડિક અને 'પેટ્રીઅટ' નામક અંગ્રેજી દૈનિક પત્રના પ્રવર્તક ને આદ્ય તંત્રી ઈ. નારાયણ ગઈ ૭મી સપ્ટેમ્બરે (૧૯૭૮) સ્વર્ગવાસી થયા. એમનો જન્મ ૧૯૦૭માં કેરલ પ્રાંતમાં થયો હતો. પિતા કન્નન મેનન એક સારા શિક્ષણ-શાસ્ત્રી અને કુશળ હેડમાસ્તર હતા. અંગ્રેજી શિક્ષણ માટે એમની સારી ખ્યાતિ હતી. તેથી અંગ્રેજી ભાષાની દક્ષતાનો સારો વારસો પિતાજી પાસેથી એમને મળ્યો અને તેજસ્વી વિદ્યાર્થીજીવન ગાળી મદ્રાસની પ્રેસિડેન્સી કૉલેજમાંથી અંગ્રેજી સાહિત્યનો વિષય લઇને એ બી.એ. થયા.થી



પત્રકાર તરીકેની એમની કારકિર્દી શ્રીમતી ઍની બેસન્ટના યંગ ઈંડિયા (૧૯૨૯-૩૦) પત્રથી શરૂ થએલી. પછી તેઓ દિલ્હી ગયા જ્યાં 'હિન્દુસ્તાન ટાઈમ્સ' દૈનિક સાથે સંકળાએલા પોથન જોસેફ, ચલપતિરાવ અને શંકર પિલ્લે વગેરે જેવા પ્રતિષ્ઠિત પત્રકારોના સંપર્કમાં આવ્યા. ત્યાં એ હિન્દુસ્તાન ટાઈમ્સના ઉપતંત્રીપદ સુધી પહોંચેલા. વચ્ચે મુંબાઈના જાણીતા 'ફ્રી પ્રેસ જર્નલ' દૈનિકના તંત્રી તરીકે પણ સારી સેવા બજાવી હતી. 'શંકર્સ વીકલી'માં પણ એ નિયમિત લખતા.

સ્વભાવે એ ઘણા પુરુષાર્થી, સાહસી અને આસ્થાવાન વ્યક્તિ હતા એટલે ૧૯૫૯માં એમણે દિલ્હીથી પોતાનું સ્વતંત્ર અઠવાડિક 'લિંક' શરૂ કર્યું. આ પત્રની ભારતનાં ઉચ્ચ કોટિનાં અઠવાડિકોમાં ગણના થાય છે. ઈ. ૧૯૬૩માં એમણે દિલ્હીથી જ 'પેટ્રીઅટ' દૈનિક શરૂ કર્યું. બન્ને પત્રોના તે પ્રધાન તંત્રી હતા, ને જીવનના છેલ્લા શ્વાસ સુધી તે પોતાનાં આ બન્ને પત્રોના પ્રકર્ષ માટે ઝઝૂમતા રહ્યા હતા. પોતે સિદ્ધાંતવાદી અને નિર્ભય વ્યક્તિ હતા. કટોકટીના દિવસોમાં એમણે નિશ્ચય કર્યો કે પોતાનાં છાપાંઓમાં શ્રી સંજય ગાંધીના કોઈ સમાચાર નહિ છાપવા. આ નિશ્ચયને લીધે એ બન્ને પત્રોને ઘણું ખમવું પડ્યું અને સરકારી જાહેરખબરો ગુમાવવી પડી.

એમણે જે જે પત્રોમાં કામ કર્યું ત્યાં ત્યાં એમની નિષ્ઠાનો બીજા પર ભારે પ્રભાવ પડયો છે. એ અટલ સમયપાલક હતા. સવારે સાડા આઠ વાગ્યે ઑફિસમાં આવી જતા અને બે કપ કૉફી લઈને કામમાં ડૂબી જતા. પોતાના સહકર્મચારીઓને ખૂબ મદદરૂપ થતા. ઘણા સાથી-દારોને એમણે જીવનનિર્માણની દીક્ષા આપી હતી. એમના અવસાન વખતે સમવેદનાનો સંદેશો આપતાં પ્રતિષ્ઠિત પત્રકાર ચલપતિરાવે લખ્યું હતું: 'મારા પરમ મિત્ર અને સહકર્મી ચાલ્યા ગયા. પત્રકાર તરીકે ખરેખર એમણે મારા જીવનનું ઘડતર કર્યું હતું.' —શંકરદેવ વિદ્યાલંકાર

જ સૂગ છે એટલે ઘણા એ પીતાં સંકોચાય છે. પરંતુ એકાદ વખત પીવાથી એ સૂગ જતી રહે છે.

નાનાં બાળકો જેમને વારંવાર શરદી, ખાંસી, સસણી થાય છે તે ઉપર બાળકનું મૂત્ર બહુ સરસ દવા છે. ભલભલી દવાઓ જ્યાં નિષ્ફળ જાય છે ત્યાં આ પ્રયોગ બાળકો માટે બહુ સારો ને લાભદાયક છે. ધાવતાં નાનાં બાળકોને તો આપણી દાયણો બાળકને નવડાવતી વખતે બાળક-નો પેસાબ ઝીલી લઈ એને પાઈ દેતી એ ઘણા જાણે છે. એટલે ધાવતાં બચ્ચાં અને મોટાં બાળકોને માટે તો આ જરા પણ નુકસાન ન કરનાર, બિનખર્ચાળ, અકસીર પ્રયોગ છે. ઍન્ટી બાયોટિક્સ અને સલ્ફા ડ્રગ્ઝ નાનાં બાળકોને આપવાં ઠીક નથી.

મોટેરાઓ જેઓ દમ, ખાંસી, કફ, તાવ વગેરેથી પીડાતા હોય છે, ભલભલી દવાઓ કરી કંટાળી ગયા હોય છે તેમને માટે પણ સ્વમૂત્ર-પ્રયોગની ભલામણ છે. શરદી આજનો ખૂબ જ વ્યાપક રોગ છે. એની કોઈ રામબાણ દવા નથી, છતાં ઍન્ટી બાયોટીક્સ વગેરે આપવામાં આવે છે. દરદ વધે છે પણ ઘટતું નથી. અમારી સલાહ છે કે આવા દરદીઓ સ્વમૂત્ર-પ્રયોગ જરૂર કરે.

સ્વમૂત્ર પ્રયોગમાં તો ચોવીસે કલાકનો પેસાબ પીવાનો હોય છે. પરંતુ એ બધા માટે અનુકૂળ નથી. જેટલી વખત પીવાય તેટલી વખત પીવાય તોપણ ચાલે. સ્વમૂત્ર ચિકિત્સાની ચોપડીમાં આ પ્રયોગ વખતે ઉપવાસ કરવા કહે છે. મોટાઓ ૨-૩ દિવસના ઉપવાસ કરે તો ચાલે. અશક્ત માણસો માટે ઉપવાસની જરૂર નથી. હલકો ખોરાક ખાઇને આ પ્રયોગ કરી શકાય. ધીરજથી પ્રયોગ કરનારને જરૂર સારો લાભ થાય છે.

રક્તવિકાર, ન રૂઝાતાં દુષ્ટ ચાંદાં, ધારાં, ગૅંગ્રીન જેવાં દરદોમાં સ્વમૂત્ર પીવામાં લેવું. અને તે ઉપર પેસાબનો જ પાટો બાંધવો. પગ-ના અંગૂઠા કે આંગળીઓ ઉપર રોગ હોય તો પેસાબ એક વાસણમાં ઝીલી લઈ એમાં જ પગ બોળી રાખવો. એ ન ફાવે તો રૂ પેસાબમાં ભીંજવી રોગવાળા ભાગ ઉપર લગાડી દેવું. ભીનું ને ભીનું જ રાખવું. ગમે ત્યાં કંઈ વાગે તો તુરત જ પોતાના પેસાબની તે ઉપરે ધાર કરી દેવી. ઘા પાકશે નહિ, જલદી રૂઝાઈ જશે.

કાનમાંથી રસી વહેતી હોય તો પેસાબનાં ટીપાં કાનમાં નાખવાં. તરતનું દરદ હશે તો રસી મટી જશે. કલેજા (લીવર)ના રોગ, કબજિયાત, પેટનો ગૅસ, ચૂંક, વાયુનો ગોળો આ રોગોમાં પેસાબનો પ્રયોગ જરૂર અજમાવવો. બીજી દવાઓ ચાલુ હોય તો તે ચાલુ રાખીને પણ આ મૂત્રપ્રયોગ ચાલુ રાખવાથી લાભ જ થાય છે.

શિવામ્બુ ચિકિત્સાના જનક આર્મસ્ટ્રૉંગનો પોતાનો ભયંકર રોગ આ પ્રયોગથી સારો થયો હતો એટલે એમણે 'વૉટર ઑવ લાઈફ' નામનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું. એ વાંચીને તેનો ગુજરાતી અનુવાદ કર્યો સ્વ. રાવજીભાઈ મણિભાઈ પટેલે. આપણા મોરારજીભાઇએ એની પ્રસ્તાવના લખી છે. એ પુસ્તકમાં ઘણાના અનુભવો આપેલા છે.

વલસાડના સ્વ. ડૉ. પરાગજીભાઈ દેસાઈ (એમ. બી. બી. એસ.) પણ શિવામ્બુ ચિકિત્સા પર ફિદા હતા અને ઘણું ઉપયોગી સાહિત્ય છપા-વ્યું છે. કૅન્સર સ્વમૂત્રપ્રયોગથી મટયાના દાખલા એમણે આપેલા છે. એ ગુજરાતી પુસ્તકની દસેક જેટલી આવૃત્તિઓ થઈ છે. આ બતાવે છે કે શિવામ્બુ ચિકિત્સાએ ગુજરાતી પ્રજાનું ધ્યાન ઠીકઠીક ખેંચ્યું છે. આ લેખ-કનો પણ પોતાનો અનુભવ આ શિવામ્બુ ચિકિત્સા માટે સારો છે જ.

આયુર્વેદે દવામાં આઠ જાતનાં પ્રાણીઓના પેસાબનો ઉપયોગ કર્યો છે. ગાય, ભેંસ, બકરી, ઘેટી, ઊંટડી, હાથણી, ઘોડી, ગધેડીનાં મૂત્ર દવા-માં વપરાય છે. સુશ્રુતાચાર્યે માનવમૂત્રને વિષઘ્ન કહ્યું છે. વિષનો અર્થ ઝેર તેમ જ વાઈરસ વગેરેનું ઝેર થાય. વાઈરસ રોગોની દવાઓ નથી એમ મનાય છે. માનવમૂત્ર વિષઘ્ન છે તો તેનો ઉપયોગ ઝેરી જનાવરોના ઝેર ઉપર તેમ જ વાઈરસ રોગો ઉપર કરવા જેવો છે. અનેક પ્રાણીઓનાં મૂત્રો આયુર્વેદમાં વપરાયાં છે, આજે પણ વૈદ્યો એનો ઉપયોગ દવામાં કરે છે, તો પછી માનવમૂત્રનો પ્રયોગ શું કામ ન કરવો જોઈએ?

—બાપાલાલ વૈદ્ય

(ગુજરાતમિત્ર)

કાળિયાર ઉદ્યાન

ભાવનગર–અમદાવાદ ધોરી માર્ગ પર ભાવનગરથી આશરે ૭૦ કિ. મી. ઉત્તર-પશ્ચિમે, વેળાવદર ગામ પાસે હમણાં કાળિયાર માટેનું રાષ્ટ્રીય ઉદ્યાન જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું. ગુજરાત-માં વન્ય પ્રાણી સંરક્ષણ માટે રચાએલા આ ત્રીજા રાષ્ટ્રીય ઉદ્યાનમાં વન ખાતા દ્વારા રૂા. ૨.૫૦ લાખના ખર્ચે પાંચ બ્લૉકની સગવડવાળી ફૉરેસ્ટ લૉજ—'કાળિયાર ભવન' પણ બાંધવામાં આવેલ છે.

કાળિયાર હરણ જોવાં તે એક લહાવો છે. તેના દેહસૌષ્ઠવ, છલંગોવાળી ગતિ અને આકર્ષક દેખાવના કારણે તે વિશ્વનાં સુંદર તૃણભક્ષી પ્રાણીઓમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જેમાં વળદાર શિંગડાં તથા ઉપરના ભાગે કાળો અને પેટાળનો સફેદ રંગ તેના સૌંદર્યને વિશિષ્ટ ઉઠાવ આપે છે. કાળિયાર શુદ્ધ ભારતીય પ્રાણી છે, જે ભારત બહારની વન્ય સૃષ્ટિમાં જોવા મળતું નથી. કૃષ્ણમૃગના નામથી પણ ઓળખાતું કાળિયાર ઍન્ટીલોપ Antelope કુટુંબનું સુંદર પ્રાણી છે, જેની બરોબરી દુનિયાની બીજી કોઇ ઍન્ટીલોપની જાત ભાગ્યે જ કરી શકશે.



પુખ્ત ઉમરના કાળિયારની ઊંચાઈ ખભા સુધી આશરે ૮૦ સે. મી. ની અને વજન સરેરાશ ૪૦ કિલોગ્રામ હોય છે. નર કાળિયારનાં શિંગડાંની લંબાઈ ૬૫ સે. મી. સુધીની હોય છે. માદાને શિંગડાં હોતાં નથી. કાળિયાર ઝાંખરાંવાળાં તથા ખેતીનાં સપાટ ખુલ્લાં મેદાનો અને ખેતીવાળા વિસ્તારનું પ્રાણી છે. તે ડુંગરાળ અને ગીચ જંગલોના વિસ્તારને ટાળે છે. મુખ્ય ચારો ઘાસ હોવા છતાં તે ખેતરોમાં થતાં અનાજનું શોખીન હોવાથી ખેડૂતોની સાથે સીધા સંઘર્ષમાં અવારનવાર આવે છે.

સામાન્ય રીતે કાળિયાર બપોર સુધી અને તે પછી બપોરના પાછલા પહોરમાં ચારો ચરે છે અને ગરમીના કલાકોમાં બેસીને આરામ કરે છે. પોતાના રક્ષણ કાજે મુખ્યત્વે તેજસ્વી દૃષ્ટિ અને ઝડપ ઉપર આધાર રાખે છે. કાળિયાર ટોળાની આગેવાની સામાન્ય રીતે વયોવૃદ્ધ અને ચપળ માદા કરતી હોય છે. જ્યારે ચેતવવામાં આવે ત્યારે ટોળાં શરૂઆતમાં કૂદકા મારતાં દોડવા લાગે છે અને તે પછી કલાકના ૭૦ કિ. મી.ની ઝડપે સ્વાસ ચાલે દોડી શકે છે. કાળિયાર દરેક ઋતુમાં ગર્ભ ધારણ કરે છે, પરંતુ સંવનનકાળ મુખ્યત્વે ફેબ્રુઆરી–માર્ચનો હોય છે. આ સમય દરમિયાન માદાઓને જીતવા માટે નર કાળિયાર એકબીજા સાથે લડે છે અને ખાસ કરીને આ સમય દરમિયાન તેમનું વર્તન ઉશ્કેરાટભર્યું હોય છે. ગર્ભકાળ છ માસનો અને આયુષ્યમર્યાદા લગભગ ૧૫ વર્ષની હોય છે. માદા એક સમયે એકથી બે બચ્ચાંને જન્મ આપે છે.

ગુજરાતમાં ૧૯૬૦ સુધી લગભગ બધે જ ખુલ્લાં સપાટ મેદાનોમાં કાળિયાર ખૂબ જ પ્રમાણમાં જોવા મળતાં હતાં–ખાસ કરીને મુખ્ય નદીના કાંઠે મોટાં ટોળામાં જોઈ શકાતાં હતાં. છેલ્લા બેત્રણ દાયકામાં આ જાતની તેના માંસ માટે દયાહીન રીતે કતલ કરવામાં આવતાં તેની સંખ્યા એટલી તો ઘટી ગઈ છે કે હવે તેની વ્યવસ્થિતરીતે કતલ અટકાવવા અને સંપૂર્ણ અદૃશ્ય થતી બચાવવાના હેતુથી એ જાતને રક્ષિત જાતિ તરીકે ગણવામાં આવી છે અને દેશભરમાં તેને રક્ષણ અપાય છે. ગુજરાતમાં સૌરાષ્ટ્ર પ્રદેશના દરિયા કિનારાનાં મેદાનોમાં હવે કાળિયાર છૂટાંછવાયાં ટોળામાં જોવા મળે છે. ભાવનગર અને ધંધુકા તાલુકાના ભાલ વિસ્તારમાં હજુ પણ કોઈ કોઈ સ્થળે મોટાં ટોળાં જોવા મળે છે.

કાળિયારનાં મોટાં ટોળાંની સંખ્યાને ગેરકાયદેસર શિકાર કરનારા લોકોથી બચાવવાના હેતુથી ભાવનગર જિલ્લાના વેળાવદર ગામે સરકારી વીડી વિસ્તારમાં શરૂઆતમાં ૩૯૦ હેક્ટરમાં ૧૯૬૯માં કાળિયાર અભયારણ્યની સ્થાપના કરવામાં આવેલી. ઈ. ૧૯૭૬માં વેળાવદર વીડીના સમગ્ર ૧,૮૦૦ હેક્ટર વિસ્તારને આવરી લઈ હવે આ રાષ્ટ્રીય ઉદ્યાન સ્થાપવામાં આવ્યું છે. (ગુજરાત) —પ્રવીણ દામાણી

ખતરનાક ઘોંઘાટ

અવાજ વડે પ્રદૂષણ થાય છે અને તે બીજા પ્રદૂષણ જેટલું જ આરોગ્યને હાનિકારક છે તેવો ખયાલ સત્તાવાળાઓને પણ આવતો નથી. પ્રગતિશીલ શહેરોમાં પણ નવરાત્રિ, ગણેશ-ઉત્સવ, સત્યનારાયણની કથા, ચૂંટણી, આદિ પ્રસંગે પોલીસ કશી રોકટોક વિના છૂટથી લાઉડસ્પીકરના પરવાના આપે છે અને લાઉડસ્પીકરો વધુમાં વધુ મોટા અવાજે આખો દિવસ અને મોડી રાત સુધી પણ ભૂંકયા કરે છે. લોકોના જ્ઞાનતંતુઓ ઉપર આ એક જાતના ગોળીબારની સતત ઝડી જ હોય છે.

વિશાળ વિમાનો ઍરોડ્રામ પર ઊતરે છે અને ખાસ કરીને ચડે છે ત્યારે જે અવાજ કરે છે તે આરોગ્યને ભારે નુકસાન કરનાર પ્રદૂષણ હોય છે. કૅલિફૉર્નિયા યુનિવર્સિટીના એક વિજ્ઞાનીએ જાહેર કર્યું છે કે ઘોંઘાટથી કાનના પડદાને, જ્ઞાનતંતુઓને અને રક્તાભિસરણને નુકસાન થાય છે, અલ્સર અને લોહીનું ઊંચું દબાણ પેદા થાય છે, અને ખોડવાળાં બાળકો જન્મે છે. જેટ ઍન્જિનનો ઘોંઘાટ મારી પણ નાખી શકે!

વિમાન તો ઘોંઘાટનું પ્રદૂષણ વરસાવીને થોડી સેકન્ડમાં જતું રહે પણ આપણાં લાઉડસ્પીકરોનું શું? તેઓતો કલાકો સુધી અસહ્ય ઘોંઘાટનો સતત મારો ચલાવે છે. આપણા લોકો એમ માને છે કે જેમ વધુ ઘોંઘાટ એમ સારો ઉત્સવ ઊજવી શકાય! આથી હવે ઢોલ, તાંસાં તથા નગારાં જેવાં સાધનોનું સ્થાન લાઉડ સ્પીકરોએ લીધું છે.

આપણી લોકશાહીનો આરંભ ઘોંઘાટના પ્રદૂષણ વડે જ થાય છે. ચૂંટણીપ્રચારમાં લાઉડસ્પીકરોનો ઘોંઘાટ કરવો ને જ્યાં ત્યાં સૂત્રો લખીને ભીંતો બગાડવી એ આપણો ચૂંટણીપ્રચાર છે. તેમાં બુદ્ધિગમ્ય દલીલોને સ્થાન નથી. કોઈ પણ રાજકીય પક્ષ આ દુરાચારથી મુક્ત નથી અને કોઈ રાજકીય નેતાએ તેની વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો નથી. (જનશક્તિ)

અવાજ અને તેની માત્રા


અવાજની માત્રા ડેસિબલમાં અંકાય છે. માણસના કાન અવાજની કેટલી બધી માત્રા સહન કરી શકે છે તે જાણીને આશ્ચર્ય થશે. વિવિધ જાતના અવાજ અને તેમની માત્રાનો કોઠો નીચે આપ્યો છે:

અવાજનો પ્રકાર	માત્રા ડેસિબલ	અવાજનો પ્રકાર	(ડેસિબલમાં)
નીરવ શાંતિ	૦	ઘોંઘાટવાળી ઑફિસ	૭૦
પાંદડાંનો ખડખડાટ	૧૦	ઘોંઘાટિયો વાહનવ્યવહાર	૮૦
કાનમાં કહેવાનો અવાજ	૨૦	ભૂગર્ભ રેલવેની ટનલમાં	૯૦
શાંત ઘરમાં	૩૦	ઘોંઘાટિયું રસોડું	૧૦૦
શાંત ઑફિસમાં	૪૦	લાકડાકામનું કારખાનું	૧૧૦
સરેરાશ ઑફિસ	૫૦	ધાતુકામનું કારખાનું	૧૨૦
સરેરાશ ટ્રાફિક	૬૦	બૉઈલર શૉપ (કારખાનું)	૧૩૦

જેટ વિમાન (૧૦૦ ફૂટ છેટે) ૧૪૦

કાન ૧૪૦થી પણ વધુ ડેસિબલના અવાજ સહન કરી શકે, પણ તેને નુકસાન તો થાય. લડાઈમાં તોપ અને બૉમ્બના ધડાકાના અવાજથી કાનના પડદાનું રક્ષણ કરવા કાનમાં રૂ કે એવું કંઈ ભરાવવામાં આવે છે. જેટ વિમાનનું ઍન્જિન ચાલુ હોય તો તેની સામે માણસ ઊભી શકે નહિ. ઉંદર અને સસલા જેવાં પ્રાણીઓ એના અવાજનાં મોજાંનાં આઘાતથી જ મરી જાય. (જનશક્તિ)

■ નિષ્ણાતો માને છે કે કૉકેસસની તળેટીના રેતિયા પથ્થરોના ઘસારાથી બનતી રેતી પવનથી ઊડી આવીને સદીઓથી અહીં એકઠી થતી રહી હશે, અને એના પર દેખાતાં રણપ્રદેશનાં પ્રાણીઓ કાસ્પીઅનની સૂકી કંઠાર તરફથી અહીં આવી રહ્યાં હશે.



ફેબ્રુઆરી-માર્ચનું આકાશદર્શન

ફેબ્રુઆરીના ઉત્તરાર્ધ અને માર્ચના પૂર્વાર્ધનું આ આકાશ છે. આ અરસામાં દેખાતા મુખ્ય મુખ્ય તારાઓ અને તારામંડળો તેના આ નકશામાં દર્શાવ્યા છે. તારામંડળોના આકારને તેમાંના મુખ્ય તારાઓને જોડતી રેખાઓ વડે ઉપસાવેલા છે. પ્રથમ વર્ગના એવા સૌથી વધુ તેજસ્વી તારા એમાં તારક આકારે દર્શાવ્યા છે. ગયા માસમાં દેખાતા તારાઓને હવે પશ્ચિમ તરફ ઢળેલા, અને કેટલાક તો છેક પશ્ચિમ ક્ષિતિજે ઊતરી ગએલા જોશો; તો પૂર્વમાં સિંહ, વાસુકિ અને સપ્તર્ષિના કેટલાક ભાગના તારાઓને પૂર્વ આકાશમાં નવા ઉમેરાએલા જોઈ શકાશે. આ સૌની સાથે રાતે નવેક વાગ્યાના અરસામાં પૂર્વમાં કર્ક તારામંડળ પાસે ગુરુ, ને સિંહ તારામંડળ પાસે શનિ દેખાય છે. મધરાતે એ લગભગ મધ્યાકાશે પહોંચેલા દેખાશે. શનિ હજી આ જ ભાગમાં ઘણા વખત સુધી દેખાશે, એ દરમિયાન એની ચાલ બરાબર જોતા રહેજો. આ જ રીતે ગુરુની ચાલ પણ નીરખવા જેવી છે. આગળ ઉપર એમની આ 'વક્રી' અને 'માર્ગી' ચાલ વિષે જોઈશું. પરોઢે પૂર્વાકાશમાં શુક્રનું દર્શન પણ હજી થાય છે. ફેબ્રુઆરીના છેલ્લા અને માર્ચના પહેલા સપ્તાહ દરમિયાન પશ્ચિમ ક્ષિતિજ પર સાંજે ખગાશ્વ તારામંડળના પૂર્વા ભાદ્રપદા નક્ષત્રના તારાઓ પાસે બુધને પણ જોઈ શકાશે. એ સમયે ખગાશ્વના તારાઓ તો કદાચ નહિ દેખી શકાય પણ આથમતા દિવસના ધૂંધળા ઉજાશમાં સ્થિર તેજે પ્રકાશતો બુધ-ગ્રહ ઓળખવો મુશ્કેલ નહિ પડે.

—બિ. ટાંક

આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં

૧/૧૮૫૪ જેના છાકમાં આજે આપણે બેફામ બની રાચીએ છીએ એ આઝાદીને માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી જનારા જે મહાનુભાવો આ દેશમાં જીવી ગયા છે એમાંના એક અબ્બાસ તૈયબજીનો ખંભાતમાં જન્મ. નાજુક તબિયતના કારણે એમને બચપણથી જ વિલાયત મોકલવામાં આવેલા. તબિયત સુધારવા સાથે બૅરિસ્ટર થઇને ૨૧ વર્ષની વયે તેઓ હિંદ આવ્યા. ચારેક વર્ષ મુંબાઈમાં વકાલત કરીને અને પછી વડોદરા રાજ્યના વિવિધ પ્રાંતોમાં ને છેલ્લે વડોદરામાં તેઓ ન્યાયાધિશ બનેલા ન્યાયની બાબતમાં મક્કમ સમતુલા જાળવવાની એમની નીતિને કારણે એ 'કડા સાહેબ' કહેવાતા. એમની રહેન-સહેન બિલકુલ પાશ્ચાત્ય હતી અને ઘરમાં પણ સૌને માટે અંગ્રેજીમાં જ બોલવાનું ફરજિયાત હતું. સ્વમાની પણ એટલા કે આમંત્રણ વિના ખુદ મહારાજને પણ મળવા એ જતા નહિ. ઈ. ૧૯૧૩માં નિવૃત્ત થયા પછી એમણે રાજકીય તથા શિક્ષણક્ષેત્રમાં સક્રિય રસ લેવા માંડયો, અને એમાં ગાંધીજીના પ્રભાવથી એમણે સઘળો વૈભવવિલાસ ત્યજી પોતાની બધી વિદેશી ઢબછબ છોડી ખાદીધારી બની દેશસેવાના કાર્યમાં લાગી ગયા. ગામડેગામડે રખડીને એમણે પ્રજામાં નવજાગૃતિ પ્રકટાવી હતી. ગાંભીર્ય અને સૌજન્યની મૂર્તિ સમા એ કર્મયોગીનું ૧૯૩૭ના જૂન માસમાં અવસાન થએલું.

આવી જ રીતે દેશને ખાતર પોતાની ધીકતી વકાલત અને વૈભવ છોડનાર પંડિત મોતીલાલ નેહરુનું અવસાન પણ ફેબ્રુઆરીમાં ૬ઠ્ઠી તારીખે ૧૯૩૧માં થએલું.

તા. ૨/૧૬૬૬ તાજમહાલ સહિત બેનમૂન સ્થાપત્યોના પ્રેરક મુઘલ શહેનશાહ શાહજહાંનું એના જ પુત્ર ઔરંગઝેબે આપેલી બંદી અવસ્થામાં અવસાન.

અને એ ઔરંગઝેબનું અવસાન પણ ફેબ્રુઆરીની ૨૧મી તારીખે ઈ. ૧૭૦૭માં થએલું.

તા. ૪/૧૬૭૦ આત્મબલિદાન આપીને તાનજી માલુસરેએ સિંહગઢ પર વિજય મેળવ્યો. શિવાજીને એ 'ગઢ' મળ્યો, પણ એની સેનાનો 'સિંહ' ગયો.

તા. ૮/૧૯૧૦ અમેરિકામાં બૉય સ્કાઉટની રચના થઈ. આ સ્કાઉટ પ્રવૃત્તિના સર્જક 'ચીફ સ્કાઉટ' લૉર્ડ બેડન પૉવેલનો જન્મ પણ ઈ. ૧૮૫૭માં ૨૨મી ફેબ્રુઆરીએ થએલો.

તા. ૧૧/૧૯૨૯ વૅટિકન સિટીનું સ્વતંત્ર રાજ રચાયું. (આ એની અર્ધશતાબ્દીનું વર્ષ છે.) રોમ નગરની વચ્ચે ટાઈબર નદીના પશ્ચિમ કાંઠે લગભગ દોઢ બે હજારની વસતિ અને એક ચોરસ માઈલથી યે ઓછા વિસ્તારનું આ રાજ રોમન કૅથોલિક પંથનું આધ્યાત્મિક કેન્દ્ર છે ને રોમનાં અનેક દેવળો, મહાલયો વગેરે પર એનો વહીવટી અધિકાર છે. પોપ એના વડા શાસનાધિકારી છે. ૧૨૦ જેટલા સ્વિસ ગાર્ડનું એનું સૈન્ય અને અર્ધા માઇલનો એનો પોતાનો રેલમાર્ગ છે. પોતાનું રેડિયો સ્ટેશન પણ છે ને ત્યાંથી એક અખબાર પણ પ્રકટ થાય છે. ચૌદ જેટલી શિક્ષણ સંસ્થાઓવાળા આ નગરમાં શિક્ષણનું પ્રમાણ પૂરા સો ટકા છે. એક કાળે મધ્ય-ઈટાલીના વિશાળ પ્રદેશ પર પોપનું જે રાજ્ય હતું તેનો આ અવશેષ છે. ઈ. ૧૮૭૦માં પોપ પાસેથી રોમ જીતી લઈ એને ઈટાલીના રાજ્યમાં ભેળવી દેવાયું, બીજે વર્ષે ઈટાલીની સરકારે પોપને કેટલીક જામીનગીરીઓ આપી, પણ પોપ પાયસ નવમા અને એના અનુયાયીઓને એવો ઉકેલ અસ્વીકાર્ય હતો, અને એથી તેઓ પોતાને 'વેટિકનના કેદીઓ' ગણાવતા. ઈ. ૧૯૨૯માં એને શાસનાધિકાર મળ્યો.

તા. ૧૨/૧૮૦૯ આટલાંટિક મહાસાગરની પૂર્વમાં ચાર્લ્સ રોબર્ટ ડાર્વિન અને પશ્ચિમે અબ્રાહમ લિંકનનો જન્મ. પહેલાએ ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત રજૂ કરીને અને બીજાએ અમેરિકાના પ્રમુખ તરીકે જગતભરમાં ખ્યાતિ મેળવી.

તા. ૧૩/૧૮૬૬ મિસૂરીમાં લિબર્ટી મુકામે એક બૅન્ક લૂટીને જેસ્સી જેમ્સે પોતાની બદનામ કારકિર્દીનો આરંભ કર્યો. અમેરિકામાં એ પહેલી જ બૅન્ક-ધાડ હતી. એને જીવતો કે મરેલો પકડવા એ જમાનામાં ભારે એવું ૧૦,૦૦૦ ડૉલરનું ઈનામ જાહેર થએલું; અને એની લાલચે એના બે સાક્ષીઓએ એને ગોળીએ દીધેલો. અમેરિકાનો એવો જ બીજો ભારાડી 'બફેલો બિલ' પણ આ જ માસમાં ૨૬મી તારીખે ૧૮૪૬માં પેદા થએલો.

૨૬/૧૮૭૨ કાઠિયાવાડના લાઠી સંસ્થાનના રાજવી સુરસિંહજી ગોહિલ—કવિ'કલાપી'નો જન્મ.



ન્યાયાધીશ (છૂટાછેડાના અરજદારને): તમે હજી યે તમારી પત્નીને પાછી રાખવા તૈયાર છો?

અરજદાર: હા, જો તે મારી સાસુથી છૂટાછેડા લે તો.

∞

ડ્રાઈવર: સાહેબ, મોટર જરા પણ આગળ ચાલે તેમ નથી. પેટ્રોલ ખલાસ થઈ ગયું છે.

શેઠ: તો ઘેર પાછી લઈ લે.

∞

બે ગપ્પીદાસ બણગાં ફૂંકતા હતા. પહેલો બોલ્યો: 'હું જ્યારે ઉત્તર ધ્રુવની મુસાફરીએ ગએલો ત્યારે ત્યાં ઠંડી એટલી કાતિલ હતી કે અમે સળગાવેલી મીણબત્તીની જ્યોત પણ ઠરી ગઈ હતી.' એ સાંભળીને બીજો બોલ્યો: 'મારા અનુભવ આગળ તારી વાત કુછ બિસાતમાં નથી. અમે જ્યારે દક્ષિણ ધ્રુવ પર ગયા ત્યારે ત્યાં એટલી બધી ઠંડી હતી કે અમે બોલતા'તા તે શબ્દોને પણ સાંભળવા માટે અમારે ગરમ કરવા પડતા હતા.'

∞

મજૂરીએથી પાછા વળતાં એક ગામડિયાએ પોતાને મળેલી બે રૂપિયાની નોટ રસ્તે જતા એક સજ્જનને બતાવીને પૂછ્યું કે આ બનાવટી તો નથી ને? પેલા સજ્જને કહ્યું કે ના સાચી છે, અને એમ કહીને નોટ પોતાના ગજવામાં સેરવી દીધી. ગામડિયાએ તે પાછી માગતાં જવાબ મળ્યો: 'એ તો મેં મારી સલાહની ફી તરીકે રાખી લીધી છે.'

સજ્જન વકીલ હતા.



(જનસત્તામાં સ્વ. 'શિવ')

અનુષ્ટુપ

ત્યજી દોષ ગુણો લેતા સૂપડા સમ સજ્જન
દોષગ્રાહી ગુણત્યાગી ચાળણીશો જ દુર્જન.


પોતાની પ્રશંસાથી ભરેલું એક સુંદર કાવ્ય સાંભળી રહ્યા પછી એ રચી લાવનાર બ્રાહ્મણને મહારાણી અહલ્યાબાઇએ પૂછ્યું, 'વિપ્રવર, આ કાવ્ય પાછળ ખૂબ મહેનત લીધી લાગે છે.'

'હા જી, એ પાછળ મેં રાત કે દિ જોયાં નથી.'

'ઠીક. ખજાનચી, આ વિપ્રવરને બે હજાર સોનામહોરો આપો.' એમ ફરમાવીને અહલ્યાબાઇએ બ્રાહ્મણને કહ્યું : 'તમે ઈનામ તો લેતા જાઓ, પણ શરત એ કે પેલું કાવ્ય આજે જ તમારે નર્મદામાં ડુબાડી આવવું. એટલાં વખાણને હું લાયક નથી'.

કહેવતો : 'કોણી મારીને કુલડું કરે તેવો.'– માટીના લોંદામાં કોણી મારીને જરૂર પૂરતું પાત્ર બનાવી લેનાર કાબેલ માણસના ઉદાહરણ પર રચાએલી આ કહેવત સમય પ્રમાણે તત્કાલ વર્તીને કામ પાર પાડનાર પ્રત્યુત્પન્નમતિ માણસ માટે વપરાય છે.

અનેકાર્થી શબ્દ : રંગ = લાલ, પીળો વગેરે વર્ણ, તેની ભૂકી અથવા પ્રવાહી; આનંદ, મસ્તી, તાન, પટ, અસર; ઉત્સાહ, કેફ કે નશો; પ્રીતિ, સ્નેહ; નાટક, નાટકશાળા; આબરૂ, વટ, પ્રતિષ્ઠા; રણક્ષેત્ર; ચિહ્ન; કસૂંબો; ટંકણખાર; ધન્ય, શાબાશ.



કલાકણિકા : મુસ્લિમ સલ્તનત દરમિયાનનાં ગુજરાતનાં સ્થાપત્યોમાં પ્રકટેલું જાલ-સૌંદર્ય અદ્વિતીય ગણાય છે. પથ્થરમાં કોરેલી નજાકત-ભરી વેલબુટ્ટીઓ અને ભૌમિતિક ભાતવાળી એ જાળીઓના નાનાનાના ખંડોમાં પણ એક-બીજીથી ભિન્ન એવી અનેકવિધ રચનાઓ કલાના વિદ્યાર્થીઓને અને કારીગરોને આજે યે પુષ્કળ પ્રેરણા આપવાની ક્ષમતા ધરાવે છે. આ તો એમાંની એક સાધારણ વાનગી જ છે.

यथा खरश्चन्दन-भार-वाही
भारस्य वेत्ता न तु चन्दनस्य।
यथा जनोऽयं बहुशास्त्र-पाठी
शास्त्रस्य वेत्ता न तु निश्चयस्य ॥

જેવી રીતે ચંદનનો ભાર ઊંચકનાર ગધેડો ચંદનની ગરિમાને અનુભવતો નથી, માત્ર ભારવત્તાને જ સમજે છે, તેવી જ રીતે, ઘણાં શાસ્ત્રોનો માત્ર પોપટ-પાઠ કરનાર માણસ તેની સારવત્તાને જાણતો નથી, માત્ર મસ્તિષ્ક પર તેનો ભાર ઊંચકીને ફર્યા કરે છે.

ગણિતગમ્મત : કોઈ પણ સાતઅંકી સંખ્યા (દા. ત. ૧૨૩૪૫૬૭) ત્રણ વખત પાસેપાસે મૂકો : ૧૨૩૪૫૬૭૧૨૩૪૫૬૭૧૨૩૪૫૬૭. આવી સંખ્યા ૪૩થી નિ:શેષ ભાગી શકાય. એ જ રીતે કોઈ પણ અગિયાર-અંકી સંખ્યા ત્રણ વખત પાસેપાસે મૂકો તો એવી સંખ્યાને ૬૭થી નિ:શેષ ભાગી શકાય. —મૂળજી જેઠુ જોષી

અંકસંદર્ભ–આઠ : અષ્ટદેહ-સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ, વિરાટ, હિરણ્ય, અવ્યાકૃત, મૂળ પ્રકૃતિ.

પતાસાને દેવતા પર નાખી તેનો ધુમાડો દુખતી બાજુના નસકોરામાં લેવાથી આધાશીશીને આરામ થાય છે.




દાક્તરો અને દર્દીઓના એક અભિપ્રાય છે કે ટિકડુલર (ticdoureax) નામના જ્ઞાનતંતુઓના એક રોગની વેદના દાંતના દુખાવા, માથાના દુખાવા કે ચીરા કે કાપની પીડા કરતાં યે વધુ અસહ્ય હોય છે. આ રોગનો ભોગ બનેલા દર્દીને આખા ચહેરા પર શૂળ ભોંકાતી હોય તેવી વેદના થાય છે.

વાદળ ન હોય, મેઘગર્જના ન હોય, તો ઇન્દ્રધનુ હોઈ શકે નહિ.

એક વ્યક્તિ પાસે જ્યારે કોઈ પણ માણસ તેના કમનસીબનું રોદણું રડતો ત્યારે એ વ્યક્તિ તેને પોતાના રૂમની દીવાલ પર ટાંગેલી એક ફ્રેમમાં મઢેલો કાગળ વંચાવતી. એમાં હતું :

ઘટના	વર્ષ
વેપારમાં નિષ્ફળતા મળી	૧૮૩૧
વિધાનસભાની ચૂંટણીમાં હાર્યો	૧૮૩૨
વેપારમાં ફરી નિષ્ફળતા મળી	૧૮૩૩
વિધાનસભામાં ચૂંટાયો	૧૮૩૪
પ્રેમિકાનું નિધન	૧૮૩૫
બહુ સખત માંદો પડ્યો	૧૮૩૬
સ્પીકરની ચૂંટણીમાં હાર્યો	૧૮૩૮
કૉંગ્રેસની ચૂંટણીમાં હાર્યો	૧૮૪૩
કૉંગ્રેસની ચૂંટણીમાં હાર્યો	૧૮૪૬
કૉંગ્રેસની ચૂંટણીમાં હાર્યો	૧૮૪૮
સૅનેટની ચૂંટણીમાં હાર્યો	૧૮૫૫
ઉપપ્રમુખની ચૂંટણીમાં હાર્યો	૧૮૫૬
સૅનેટની ચૂંટણીમાં હાર્યો	૧૮૫૮
અમેરિકાનો પ્રમુખ ચૂંટાયો	૧૮૬૦

આ વર્ણનની નીચે લખેલું નામ હતું
અબ્રાહમ લિંકન !




આ માસ (ફેબ્રુઆરી)ની ૧૧મી તારીખે યુનાઈટેડ નેશન્સના ખોરાક અને ખેતીવાડી (ફૂડ ઍન્ડ ઍગ્રીકલ્ચરલ ઑર્ગેનિઝેશન–FAO) તરફથી નીકળેલી આ સુંદર ટિકિટ પર લીલા અને સોનેરી રંગમાં ઘઉંના ડૂંડાનું ચિત્ર છે.

અકલકરાનાં ફૂલ તોલા ૧૦ ને તમાકુ તોલા પાંચ સાથે મેળવી તેમાં ૧ રતલ ઘાસલેટ ને અર્ધો રતલ ડામર મેળવી, ઘરમાં ઊધઈ થતી હોય ત્યાં લગાવશો તો ઊધઈનો નાશ થશે.

સાગર

સાહસિકોએ ખેડવાનો માર્ગ, ધરતીની સીમા,
ખંડો માટેની નિર્ણાયક હદ,
નદીઓનું સંગમ-સ્થાન.



આદિમાનવ, પુરાતનકાલીન ઝાડના થડના તરાપા અથવા તો થડને કોરીને બનાવેલાં હોડકાંની મદદથી સાગર ખેડવા નીકળતો પણ કિનારો દેખાતો બંધ થતાં એ ગભરાઈ જતો. આમ છતાં, માનવીને માટે સાગર હમેશાં એક અજબ આકર્ષણ જન્માવતો રહ્યો છે... સાગરને પેલે પાર આવેલી ધરતીનાં સ્વપ્નો સર્જતો રહ્યો છે.

તિમિર–યુગમાં સાહસિકો પોતાના સાહસો ખેડવા સાગરને પાર કરવાના પ્રયત્નો કરતા, નવા-નવા અને અણશોધાયા તથા જ્યાં કોઇએ પગ ન મૂકયો હોય એવા દેશોની ખોજમાં નીકળી પડતાં. જે જે જગાએ આવા સાહસિકો પહોંચ્યાં ત્યાં ત્યાં તેમણે માલની અદલી-બદલીનો વેપાર કરવા કેન્દ્રો ઊભાં કર્યાં અને ખૂબ જ ઝડપથી આ કેન્દ્રોનો વિકાસ થવા માંડયો. અનેક દેશો જે અનેક વર્ષોથી સેંકડો ને હજારો માઈલના સાગરને કારણે એક બીજાથી વિખુટા હતા તે નજદીક આવ્યા; મોજ-શોખની ચીજો, નવી સંસ્કૃતિ અને જીવનની જરૂરિયાતો ચીજો માટે પણ એક બીજા પર આધાર રાખવા માંડયા.

આજે, સિંધિયાના જહાજો સગર્વ સાત-સાત સાગર ખેડે છે... દુનિયાભરના લોકો સુધી જુદા જુદા, અનેક પ્રકારના માલ-સામાન પહોંચાડે છે.

આપનો માલ પણ જહાજમાર્ગે મોકલો... સલામતીપૂર્વક એના નિયત સ્થળે પહોંચાડો... સિંધિયાના જહાજોની સેવા હાજર છે.

ધી સિંધિયા સ્ટીમ નેવીગેશન કંપની લિમિટેડ

સિંધિયા હાઉસ, નરોત્તમ મોરારજી માર્ગ,
બૅલાર્ડ એસ્ટેટ, મુંબઈ-૪૦૦ ૦૩૮.
ટેલિફોન: ૨૬૮૧૬૧ ● ટેલેક્સ: ૦૧૧–૨૨૦૫
૧૫, પાર્ક સ્ટ્રીટ, કલકત્તા-૭૦૦ ૦૧૬
ટેલિફોન: ૨૪૩૪૫૬ ● ટેલેક્સ: ૦૨૧–૭૩૦૫

સિંધિયા વર્કશૉપ લિમિટેડ


(શિપ રિપેરર્સ, મરીન એન્જીનિયર્સ, ભારતમાં હૅચ કવર્સનાં ઉત્પાદન માટે મૅકગ્રેગર લાયસન્સી)
પેટન્ટ સ્લિપ, મઝગાંવ, મુંબઈ-૪૦૦ ૦૧૦ ● ટેલિફોન: ૩૯૨૧૫૧
પી-૨, તારાટોલા રોડ, કલકત્તા-૭૦૦ ૦૨૪ ● ટેલિફોન: ૪૫૩૧૪૪

AS-91



યુવાશક્તિના વિકાસ માટે રમત ગમત પ્રવૃત્તિને પ્રોત્સાહન

યુવાનો પર રાષ્ટ્રની આત્મનિર્ભરતાનો આધાર રહેલો છે. યુવાનપેઢીમાં રહેલાં શક્તિ અને કૌશલ્યને યોગ્ય અભિગમ આપવા ગુજરાતમાં રમતગમત તેમજ યુવા-કલ્યાણના વિવિધ કાર્યક્રમો પરંપરાગત શિક્ષણ ઉપરાંત અમલમાં છે.



● ગ્રામ તથા રાજ્યકક્ષાના વિવિધ રમતગમત મંડળોની પ્રવૃત્તિને વેગ આપવા ગ્રાન્ટ આપવામાં આવે છે. નગર અને શહેરોમાં મેદાનો તૈયાર કરવાની મહત્વાકાંક્ષી યોજના અમલમાં છે. રાષ્ટ્ર અને રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં મહત્વનાં સ્થાન પ્રાપ્ત કરતા ખેલાડીઓને શિષ્યવૃત્તિઓ આપવા ઉપરાંત શ્રેષ્ઠ ખેલાડીઓને 'સરદાર પટેલ' એવોર્ડ આપવામાં આવે છે.

● આશાસ્પદ ખેલાડીઓને તાલીમ આપવા માટે શિબિરો યોજવામાં આવે છે અને વિશેષ અભ્યાસાર્થે શિષ્યવૃત્તિઓ આપવામાં આવે છે. ગાંધીનગરમાં પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, દેવગઢબારીયા અને વડોદરામાં પેટા કેન્દ્રો અને પોરબંદરમાં દિલિપ ક્રિકેટ સ્કૂલની સ્થાપના કરવામાં આવી છે.

● પર્વતારોહણ ક્ષેત્રે ગુજરાતની વિશિષ્ઠ સિદ્ધિઓની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ છે. માઉન્ટ આબુ ખાતેની પર્વતારોહણ સંસ્થા દ્વારા ગુજરાતનાં યુવક-યુવતીઓને તાલીમ આપવામાં આવે છે.

● સમુદ્ર અને નદીઓમાં રાષ્ટ્રીય તેમજ રાજ્યકક્ષાની તરણ તથા હોડી સ્પર્ધાઓ યોજવામાં આવે છે. સાયકલ તથા નૌકા સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવે છે. પ્રતિવર્ષ શાળા-મહાશાળાઓના વિદ્યાર્થીઓ સહિતના ખેલાડીઓ માટે રમતોત્સવ યોજવામાં આવે છે.

● માહિતી નિયામક, ગુજરાત સરકાર દ્વારા પ્રકાશિત ●